
મે-જૂન ૨૦૦૬
વર્ષ ૨ અંક ૨

# ખોજ

જીવન એક અવિરત ખોજ-આવિષ્કાર

## નર્મદા યોજના - ફરી વિવાદના વમળમાં



*Whence this creation has come*
*He who is its surveyor in heaven*
*he alone knoweth*
*And yet doth he know?*
*- Rig Ved*

*The gods did not reveal, from the beginning*
*All things to us; but in the course of time,*
*Through seeking we may learn, and know things better.*
*But as for certain truth, no man has known it,*
*Nor will he know it; neither of the gods,*
*Nor yet of all the things of which I speak.*
*And even if by chance he were to utter*
*The perfect truth, he would himself not know it,*
*for all is but a woven web of guesses.*

*- Xenophanes*
*A Greek bard, 570-475 B.C.*

# ખોજ

મે-જૂન ૨૦૦૬
વર્ષ ૨, અંક ૨
સળંગ અંક - ૮

જીવન એક અવિરત ખોજ-આવિષ્કાર

**સંપાદક**
અંબરીષ મહેતા

**સંપાદક મંડળ**
તૃપ્તિ પારેખ
અનિલ પટેલ
રાજેશ મિશ્રા

**પરામર્શ સમિતિ**
રશ્મિ કાપડિયા
દક્ષા પટેલ
મહેન્દ્ર ચોટલિયા
સુદર્શન આયંગાર
કિરીટ પાનવાલા
અપર્ણા કડીકર
નિમિષા શુક્લ
પાર્થ શાહ

**આલેખન-સજાવટ**
જરીન જોષી

મુખપૃષ્ઠ પરની તસવીર ટીમ મેલ્યોન, યુ.કે.

| | | |
|---|---|---|
| સંપાદકીય | અંબરીષ મહેતા | ૪ |
| પત્રો / પ્રતિભાવો | | ૫ |
| ગોધરા, ન્યાય, અને અન્ય પ્રશ્નો | ડો. સુરેશ અમીન | ૮ |
| સ્વતંત્રતા - જ્ઞાન અને બજાર (૬) | અનિલ પટેલ | ૧૧ |
| વડોદરા : ગુજરાત 'ગૌરવ દિને' ભડકેલી હિંસા | પીયુસીએલ અહેવાલ | ૨૧ |
| આપણાં શહેરો અંગે નવેસરથી વિચારીએ | જૈમિની મહેતા | ૨૩ |
| શું મારામાં કોઈ મેરિટ છે ? | સ્વામિનાથન્ ઐયર | ૨૫ |
| ઓઈલ ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સહકારની જરૂર | દિનેશ શુક્લ | ૨૭ |
| નર્મદા યોજના ફરી વિવાદના વમળમાં | અંબરીષ મહેતા | ૨૯ |
| મૌનને સંમતિલક્ષણ ગણી લેવાય તે પહેલાં . . . | હિમાંશી શેલત | ૪૧ |
| 'નર્મદા બચાવ' આંદોલનની મુશ્કેલી શું છે ? | સિદ્ધાર્થ સોમ | ૪૨ |
| મારે ન્યાય - વ્યવસ્થા બદલવી છે - ૨ | કિરીટ પાનવાલા | ૪૬ |

'ખોજ' દ્વિમાસિકનો આ અંક આર્ચના 'પહેલ' કેન્દ્ર (Initiative for Open Society), ફતેગંજ વડોદરા વતી અંબરીષ મહેતાએ પ્રકાશિત કર્યો.

સહયોગ રાશિ :
વાર્ષિક રૂા. ૧૨૦/-
દ્વિવાર્ષિક રૂા. ૨૪૦/-
પાંચ વર્ષની રૂા. ૫૫૦/-

સહયોગ રાશિના ચેક / ડી.ડી.
એક્શન રિસર્ચ ઈન કોમ્યુનિટી હેલ્થ એન્ડ ડેવલપમેન્ટ (ARCH)ના નામે મોકલવા વિનંતી છે. બહારગામના ચેકો પર બેંક કમિશનના વીસ રૂપિયા ઉમેરવા. પત્રવ્યવહાર/લવાજમ મોકલતી વખતે પોતાના સરનામા સાથે ફોન નંબર અચૂક લખવા.

સંપર્ક :
આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩, ૫૫૩૩૪૩૬
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com

મુદ્રણ : વિશાલ ઓફસેટ, વડોદરા

'ખોજ'માં પ્રસિદ્ધ થતાં મંતવ્યો સાથે સંપાદક મંડળ સહમત હોય એ જરૂરી નથી.

## સંપાદકીય

ઝીરો-ઈકોનોમીના રગશિયા ગાડા સાથે ચાલતા દેશમાં કોઈ એકનો કે સમાજના કોઈ એક ભાગનો ભોગ લેવાતો નથી, પણ એમાં બધા જ ભાગીદાર બનેલા હોય છે. વિકાસ - હયાત સેવાઓ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર કે ભૌતિક સંસાધનોના વિકાસની જરૂર આખા સમાજને છે, પણ એની કિંમત થોડાક ને ચૂકવવાની આવે છે. અને એ પણ બોલી ન શકનારા, નબળા વર્ગને. પણ લાખો લોકોને વિકાસનો લાભ મળવાનો હોય, એમાં થોડા (સેંકડો કે હજારો) લોકોનો ભોગ લેવાય એમાં શું ખોટું છે ? આ વિચારમાં 'થોડા'માં 'આપણે' નથી હોતા. આ વિકાસ ના કહેવાય. નર્મદા યોજનાના વિસ્થાપિતો માટે સારી અને યોગ્ય પુનર્વસવાટ નીતિ બને અને એનો સુચારુ અમલ થાય એવી અમારી લડતની આ જ દીવાદાંડી હતી.

પણ વિકાસનો વિરોધ બીજા એક કારણસર પણ દુનિયા આખીમાં, પ્લેટોથી માંડીને આજદિન સુધી થયો છે, જેની પાછળ 'જે હતું તે સારું હતું'નું ખેંચાણ કે વિકાસનો સૈદ્ધાંતિક વિરોધ કારણભૂત હોય છે. એનાં કારણોમાં ન જઈએ. દરેકને પોતાનાં મંતવ્યો હોય છે, અને એ પોતા પૂરતાં રહે ત્યાં સુધી તો કોઈ પ્રશ્ન નથી. એ એનો જન્મસિદ્ધ હક્ક છે. પણ જ્યારે એ મંતવ્યો બીજા પર થોપવામાં આવે કે એના ફેલાવા માટે જાણ અને સંમતિ વગર લોકોનો ઉપયોગ કરવામાં આવે, ત્યારે પ્રશ્નો ઊભા થાય છે. આજે નર્મદા યોજના અંગે જે વિવાદ ચાલ્યો છે, એમાં બન્ને પક્ષે નરી આત્યંતિકતા જ છે. સત્ય અને બૌદ્ધિક પ્રામાણિકતાનો એમાંથી છેદ ઊડી ગયો છે. 'નર્મદા યોજના ફરી વિવાદના વંટોળમાં' લેખમાં મધ્ય પ્રદેશના વિસ્થાપન અંગેની કયારેય બહાર ન આવેલી વિગતો આપી રહ્યા છીએ. મોટાભાગના ડેમ-તરફી ગુજરાતીઓએ માત્ર ભાવનાના આધારે જ, કોઈ જ વિગતોમાં જવાનું મુનાસિબ માન્યું નથી. ત્યારે કેલિફોર્નિયા-સ્થિત સિદ્ધાર્થ સોમ નામની વ્યક્તિના બ્લોગમાં પ્રકાશિત થયેલો લેખ તાજેતરમાં ધ્યાન પર આવેલો, જેનો અનુવાદ આપી રહ્યા છીએ.

સાથે જ, આમીરખાનને નર્મદા ડેમની વિરુદ્ધ કે અસરગ્રસ્તોના પુનર્વસવાટ અંગે પોતાના વિચારો રજૂ કરવાનો અબાધિત અધિકાર છે, ભલે પછી એ વિચારો પૂરી સમજણ કે માહિતી વગરના હોય કે બહુમતીના વિચારોથી જુદા હોય. એને આત્યંતિક ટોળાશાહી ધાકધમકી કે હિંસા દ્વારા રોકી ના શકાય. એવે વખતે ચૂપ ના રહેવાય. 'મૌનને સંમતિ લક્ષણ ગણી લેવાય તે પહેલાં...'માં હિમાંશીબહેને સ્પષ્ટ બોલવાની હાકલ કરી છે. એડમન્ડ બર્કે કહેલું ''The only thing necessary for the evil to triumph is for the good men to do nothing.''


શહેરી વિકાસ સાથે જોડાઈ ગયેલ ડિમોલીશન ડ્રાઈવના ઝપાટામાં શું લેવાય અને શું ના લેવાવું જોઈએ-ની પુખ્ત વિચારણાને મોકો આપ્યા વગર, પોતાનાં આત્યંતિક મંતવ્યો જે વડોદરાના કિસ્સામાં કોમવાદથી રંગાયેલાં હતાં તે મુતાબિક સત્તાનો ઉપયોગ Rule of Lawને અભરાઈએ ચડાવીને, કરવામાં મોટું જોખમ રહેલું છે. પીયુસીએલ વડોદરાના અહેવાલમાં તેમજ વડોદરાના આર્કિટેકટ જૈમિની મહેતાએ આ અંગે અગત્યની માહિતી આપી છે અને જરૂરી પ્રશ્નો ઉઠાવ્યા છે.

આત્યંતિકતાના મહાપૂરમાં નર્મદા વિવાદ એકલો જ નથી, એની પાછળ ને પાછળ અનામતની આંધી પણ છે. 'હયાત રોટીના બંટવારાને બદલે રોટીની સાઈઝ વધારવાનો' અને સરકાર હસ્તક રહેલા શિક્ષણ -ખાસ કરીને પ્રાથમિક અને માધ્યમિક કે ઉચ્ચ માધ્યમિક શિક્ષણ અને કૌશલ્ય-ની તકો વધારવાના બાજુ પર હડસેલાઈ ગયેલા ખરા સવાલને કેન્દ્રસ્થાને લાવવાની જરૂર છે.

દેશની ઓઈલની કટોકટીને આંતરરાષ્ટ્રીય સંબંધ છે, અને એને એ દૃષ્ટિએ જ જોવો પડે એ બાબત દિનેશભાઈ શુકલે પોતાના 'ઓઈલ ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સહકારની વધતી જતી જરૂર !' લેખમાં સમજાવી છે. ઉપરાંત, અનિલભાઈની 'સ્વતંત્રતા-જ્ઞાન અને બજાર-૬' અને કિરીટભાઈની 'મારે ન્યાય-વ્યવસ્થા બદલવી છે' લેખમાળાના લેખ ઉપરાંત ગયા અંકના લેખોના પ્રતિભાવ રૂપ વડોદરાના જાણીતા પેથોલોજિસ્ટ ડો. સુરેશ અમીનના પ્રતિભાવ આપી રહ્યા છીએ.

-સંપાદક.

# પત્રો / પ્રતિભાવો




આપના પત્રો / પ્રતિભાવો આવકાર્ય છે.
પત્ર વ્યવહારનાં સરનામાં :

આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦ ００૨, ગુજરાત.
ફોન : ०૨૬૫ ૨૭૮૨૦૫૩, ૫૫૩૩૪૩૬
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com

આર્ચ, મુ. પો. માંગરોલ,
તા. રાજપીપળા, જિ. નર્મદા,
ગુજરાત. પીનઃ ૩૯૩ ૧૫૦
ફોન : ૦૨૬૪૦-૨૫૦૧૪૦

''ખોજ''નો માર્ચ-એપ્રિલ-૨૦૦૬નો અંક વાંચ્યો. ખૂબ ગમ્યો. સંપાદકનો પત્ર ગમ્યો. 'સ્વતંત્રતા-જ્ઞાન અને બજાર' અનિલ પટેલ દ્વારા ખૂબ સારી રીતે રજૂ કરવામાં આવે છે. બેસ્ટ બેકરી ચુકાદો અને ૨૦૦૨ ગુજરાતનો પ્રો. જે. એસ. બંદૂકવાલાનો લેખ ગમ્યો. પણ જ્યારે ગોધરાકાંડ થયું ત્યારે ઘણા મુસ્લિમ લોકો સાથે ચર્ચા કરવામાં આવી ત્યારે લોકોએ કહ્યું હતું કે જો મુસ્લિમોએ આ કાંડ કર્યું હોત તો મુસ્લિમ આરોપીઓને જાહેરમાં ફાંસી દેવામાં આવી હોય તો કોઇ મુસ્લિમ વિરોધ કરે નહીં. પણ એમ ન બન્યું. ગુજરાતના નસીબમાં કંઇક અલગ જ હતું તે બનીને જ રહ્યું. કલિંગનગર અને ''કેલો'' તૃપ્તિ પારેખ દ્વારા ખૂબ જ સારી રીતે રજૂ થયો અને આવી ઘટનાઓ આપણા દેશમાં ઘણી જ થઇ રહી છે. કિરીટ પાનવાલા દ્વારા લખવામાં આવેલ 'મારે ન્યાય વ્યવસ્થા બદલવી છે' ખૂબ જ ગમી. પણ અફસોસ કે બધા લોકો કયારે વિચારતા થશે? સૌરાષ્ટ્રનું જળસંચય અભિયાન ખૂબ સારું છે. હમણાં રાજકોટ જિલ્લાના વાંકાનેર મુકામે એક પ્રિન્સિપાલના ઘરે જવાનું થયું ત્યારે વાતચીતમાં ખબર પડી કે આ પ્રિન્સિપાલ પોતાની છતનું પાણી પોતાના ફળિયામાં પાણીના અંડર ગ્રાઉન્ડ ટેન્ક દ્વારા સંઘરી રાખે છે અને તે પાણીનો ચોમાસાના વરસાદ પછી બેથી ત્રણ માસ સુધી ઉપયોગ કરે છે. આ પ્રયોગ સૌરાષ્ટ્રમાં લોકોનું અભિયાન બન્યો છે અને સારી એવી સફળતા પ્રાપ્ત કરી છે.

'NPV વળી શું છે?' તૃપ્તિ પારેખ દ્વારા ખૂબ જ સારી રીતે વિચારોના મંથન દ્વારા રજૂ કરવામાં આવ્યું. ૧૧મી ફેબ્રુઆરીમાં જે ચર્ચામાં ઘણા લોકો ગુસ્સામાં હતા, ઘણા નિરાશ હતા તેની પાછળ આપણા નિયમ જવાબદાર છે. ઘણી જગ્યાએ ફોરેસ્ટ લેન્ડ છે, ત્યાં વૃક્ષોની સંખ્યા ઓછી છે. પણ જ્યાં ઘટાટોપ વૃક્ષો છે ત્યાં ખુદ પર્યાવરણ વિભાગ તે જમીન પોતાની ગણતરીમાં લેતો નથી. અને ત્યાં એક કંપની આડેધડ ચેરિયારનાં વૃક્ષો કાપે છે. વાવાઝોડા વખતે ગાંધીધામ અને કંડલાને નુકસાન થયેલ પરંતુ ચેરનાં વૃક્ષોએ મુંદરાને કિલ્લેબંધી દ્વારા રક્ષણ પૂરું પાડેલ અને માછીમાર સમુદાયની બોટ તથા લોકો ચેરનાં વૃક્ષો પકડીને બચી ગયેલ. ગુજરાતના દરિયાકિનારા પર આવેલ ચેરનાં જંગલોમાં મુંદરા આશરે ૨૩ ટકા ચેરનો વિસ્તાર ધરાવે છે, ત્યાં જયારે ચેરનાં વૃક્ષોને જી.સી.બી. દ્વારા ઉખેડાતાં હતાં ત્યારે ''કચ્છમિત્ર''ના અશ્વિનભાઇ એ મીડિયા દ્વારા આ વસ્તુ પર ધ્યાન દોરેલ પણ સરકારી ખાતાઓનાં પેટનું પાણી પણ હલ્યું ન હતું. અને ત્યાં સુધી પર્યાવરણ વિભાગે તો સીધેસીધું કહી દીધેલ કે એ અમારી જમીન નથી. રેવન્યુમાં આ જમીન આવે છે એટલે રેવન્યુ વિભાગને કહો અને તે જ કાયદેસરની કાર્યવાહી કરી શકશે. આ રીતે ૧૯૯૮થી લઇને અદાણી પોર્ટ દ્વારા ચેરનાં વૃક્ષોનું સાત-આઠ વખત નિકંદન કાઢવામાં આવ્યું છે. હમણાં ગેસની પાઇપલાઇન માટે પણ ચેરનાં વૃક્ષોનું નિકંદન નીકળી રહ્યું છે. તેની આજ સુધી કોઇ મીડિયા દ્વારા નોંધ લેવામાં આવી નથી કારણ કે મીડિયા દ્વારા પ્રકાશમાં આવેલ મુદ્દા પર સરકાર પગલાં લેવાનું વિચારતી નથી તો પછી લખવાનો શો અર્થ? એવું મીડિયાના લોકો સમજે છે. અને જે વિસ્તારમાં ચેરનાં વૃક્ષોનું નિકંદન કાઢી રહ્યા છે તે વિસ્તારને ''પર્યાવરણ લોકસુનાવણી'' દ્વારા ૧૯૯૬ માં સંવેદનશીલ જાહેર કર્યો છે. અને ત્યાં ઔદ્યોગિક બાંધકામ કરવાની પણ મનાઇ કરી હતી, ત્યાં જ આ બધું થઇ રહ્યું છે. આદિવાસી લોકોને જંગલની આટલી બધી કિંમત ચૂકવવાની ન હોય. આદિવાસીઓને તેમની જમીન આપી દેવી જોઇએ. તેમાં NPVનું વિચારવાનું આવતું જ નથી. ઘણા વિસ્તાર એવા છે કે ત્યાં કોઇ વૃક્ષ નથી અને ''પર્યાવરણ ખાતા''-એ રસ્તા બનાવેલ છે ત્યાં પાણીની પાઇપલાઇન ખાલી પાંચસો મીટર નાખવી હોય તો ૯૩ હજાર NPV ભરવાની અને એક હેકટર જમીન

આપવાની. પાણી વિના ત્યાંના લોકોને ચાલતું હશે તેવું આપણો ''પર્યાવરણ વિભાગ'' માને છે. તેને સમજાવવા કોણ જાય?

*-ઉસ્માનગની શેરસીયા, ભદ્રેશ્વર, કચ્છ*

માર્ચ- એપ્રિલ-૦૬ના અંકમાં-'આ NPV વળી શું ચીજ છે?' વાળો શ્રી તૃપ્તિબહેનનો વિસ્તૃત અહેવાલ આપતો લેખ વાંચ્યો. વિષયને સારી રીતે ખેડવા બદલ અભિનંદન.

ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડિયા ૧૯૯૯ના અહેવાલમાં વન-વિસ્તારને લગતી આંકડાકીય માહિતી આપવામાં આવી છે. લેખમાં એક મુદ્દો એવો પ્રસ્તુત કરવામાં આવ્યો છે કે જે જમીનો જંગલજમીનો તરીકે જાહેર થઇ ગઇ છે, એમાંની કેટલીય જમીન એવી છે કે જ્યાં કયારેય જંગલો હતાં નહીં અને જંગલો ઊગે એવી સંભાવના પણ નથી. ખરેખર આવી જમીનોને ડીનોટિફાઇ કરી દઇને જંગલખાતાની યાદીમાંથી બાકાત કરી દેવી જોઇએ. એથી થતા ફાયદાની વાત પણ લેખમાં કરવામાં આવી છે. આ સૂચન વાજબી અને વ્યવહારુ છે. પણ સાથે સાથે એ મુદ્દો પણ ધ્યાને લેવો જોઇએ કે જે જમીનો ઉપર મધ્યમ કે ગીચ જંગલો છે પણ એ વિસ્તાર વનતંત્રના નિયંત્રણમાં આવતો નથી, આવા વિસ્તારોને વનતંત્રના નિયંત્રણમાં મૂકવા જોઇએ. મુંદરા (કચ્છ)ના દરિયાકિનારે થયેલા બંદરી ઔદ્યોગિક વિકાસના કારણે અંદાજે બે કરોડ જેટલાં ચેરનાં વૃક્ષો અત્યાર સુધી કપાઇ ગયાં છે. અને હજુ કેટલાં કપાશે તેનો અંદાજ પણ નથી આવતો. છેલ્લા દોઢ દાયકાથી ચેર-નિકંદનની ચાલતી પ્રવૃત્તિના નિરીક્ષણ દરમ્યાન એ બાબત ધ્યાન ઉપર આવી છે કે જયાં ગીચ-સમૃદ્ધ ચેરનાં કુદરતી જંગલો આવેલાં છે એ વિસ્તાર વનતંત્રના નિયંત્રણ હેઠળ નથી. અને વનતંત્રના નિયંત્રણ હેઠળ જે રક્ષિત ચેરનાં જંગલો આવેલાં છે એ પૈકીના કેટલાક વિસ્તારમાં ચેરનું પ્રમાણ નહિંવત્ છે. ટૂંકમાં, વનતંત્રના નકશાને અપગ્રેડ કરવા જોઇએ. આવું માત્ર મુંદરામાં જ નથી બન્યું, ઘણાં સ્થળે આવી પરિસ્થિતિ જોવા મળે છે.

બીજો મુદ્દો એ પણ ધ્યાન ઉપર લેવો જરૂરી છે કે વાવાઝોડા કે સુનામી જેવી કુદરતી આફતો સમયે કુદરતી રીતે દરિયાકિનારાનું રક્ષણ કરતાં અને એક સદી જૂનાં ચેરનાં વૃક્ષોની NPV ઉદ્યોગો ચૂકવવા તૈયાર થાય તો શું તેમને તે આપી દેવાં? ચેર (મેન્ગ્રુવ)ની વિવિધ ક્ષેત્રમાં તેની ઉપયોગિતા કે મહત્ત્વ વિશે તો અલગથી લેખ તૈયાર કરી શકાય. મુખ્ય વિચારણાના અંતે શું એવું નથી લાગતું કે NPV એ બીજા અર્થમાં વનતંત્ર દ્વારા થતો એક પ્રકારનો વેપાર તો નહીં બની રહે ને? NPVના નિયમોને કડક બનાવવામાં આવે તેમ છતાં ચેરનાં જંગલો એ રાષ્ટ્રીય મૂડી છે, એને વાપરી નાખવી કેટલું વાજબી છે? આપણાં સૌનો અનુભવ છે કે કુદરતી જંગલોને કાપી નાખ્યા બાદ પ્લાન્ટેશન કરીને વિકસાવવામાં આવેલાં જંગલોની સ્થિતિ શી હશે?

ઔદ્યોગિકીકરણ થવું જ જોઈએ. અર્થતંત્ર સહિતનાં વિવિધ પાસાં ઉપર હકારાત્મક અસરો પહોંચાડતા ઉદ્યોગોને જમીન મળવી જ જોઈએ. અહિં એ મુદ્દો ચર્ચવો જરૂરી છે કે શું પર્યાવરણીય જાળવણીની સાથે સાથે ઔદ્યોગિકીકરણ શકય જ નથી? ઔદ્યોગિકીકરણ- વિકાસ અને પર્યાવરણની જાળવણીના બે અંતિમ બિન્દુઓની વચ્ચે જ સત્ય અને શાણપણ છુપાયેલું છે. પડકાર સમતુલા જાળવી રાખવા માટેનો જ છે. અને અહિં જ સૌની કાબેલિયતની કસોટી છે. પર્યાવરણની જાળવણી માટેના નિયમો કોઈના માટે 'ન્યુસન્સ વેલ્યુ'નું હથિયાર ન બનવું જોઈએ, તેમ એ નિયમો ફારસ પણ ન બનવા જોઈએ.

જંગલ અને જંગલજમીનના ઝોન પાડી દઈ કયા હેતુ માટે, કોણ અને કયાં વનતંત્ર હસ્તકની જંગલો રહિત કે સહિતની જમીન માંગી રહ્યું છે એના આધારે NPV વસૂલ કરવી કે નહીં? અને કેટલી વસૂલ કરવી? - એ નકકી થવું જોઈએ. આપણે જે ગુમાવી રહ્યા છીએ એના બદલામાં શું મેળવશું? એનું સ્પષ્ટ ચિત્ર હોવું જ જોઈએ ને? ''પર્યાવરણવાદીઓ હવનમાં હાડકાં નાખી રહ્યા છે'' અને ''સરકાર કે તેની વિવિધ એજન્સીઓ ખાનગી કંપનીના ખોળે બેસી ગઈ છે'' -ના પરસ્પર આક્ષેપોનો સિલસિલો લાંબા સમયથી ચાલી રહ્યો છે. વિશ્વીકરણના યુગપ્રવેશે આક્ષેપબાજીની માનસિકતામાંથી બહાર આવવું એ જ તો સમયની માંગ છે.

સિંચાઈ, રસ્તા, રેલવે, ટેલિફોન, વીજળી સહિતની લોકકલ્યાણ વિકાસ યોજનાના સંદર્ભે જંગલજમીનની તગડી NPV વસૂલ કરવી અને વનતંત્રના નિયંત્રણ વગરના વિસ્તારોમાંથી ગીચ જંગલોમાંથી ખૂબ મોટી સંખ્યામાં વૃક્ષોને કાપી નાખવામાં આવે અને છતાં ત્યાં ત્યારે NPV વસૂલ કરવામાં ન આવે કે કરી ન શકાય, એ વિરોધાભાસ તો દૂર કરવો જ રહ્યો.

ઉપર કહ્યું તેમ જંગલો અને જંગલજમીનોના ઝોન પાડવા જોઈએ. (જેમ કોસ્ટલ રેગ્યુલેશન ઝોન -CRZ ૧, ૨, ૩ વગેરે છે તેમ) અને ઉદ્યોગ પ્રતિબંધિત અને મુક્ત વિભાગો નકકી કરવામાં આવે અને સાથે સાથે NPV ના સ્ટેજ/ગ્રેડ પાડવામાં આવે તો ઉભય હેતુ સાર્થક થાય. જો કે આવા વર્ગીકરણ કેટલા વ્યવહારુ બને અને વાસ્તવિક અમલીકરણ કેટલું શકય છે, એ અલગ અભ્યાસ માંગી લે છે.

કયાંક એવું પણ જોવામાં આવ્યું છે કે વનતંત્ર હસ્તકની જમીનોમાં ઊભેલા ગાંડા બાવળ વાળી જમીનની NPV નકકી કરવા માટે તંત્રના કર્મચારીઓ આ પ્રક્રિયા માટેનો જરૂરી ''ખરડો'' તૈયાર કરી રહ્યા છે, જ્યારે તેને અડીને જ આવેલી નિયંત્રણ વગરની જમીનમાંથી ખૂબ મોટા પાયે ગાંડો બાવળ કાપી તેમાંથી કોલસો બનાવાઈ રહ્યો છે. નવા નિયમો મુજબ ગાંડો બાવળ કાપવો

ગુનાઈત પ્રવૃત્તિ નથી. પણ નિયંત્રણવાળી જમીનમાં ઊભેલા ગાંડા બાવળની NPV ઉદ્યોગો પાસેથી વસૂલ કરવામાં આવશે. સ્થળ નિરીક્ષણ કરતી વખતે આ વિરોધાભાસ તો ખૂંચે જ છે.

અંતમાં એટલું જ કહેવાનું કે ઔદ્યોગિકીકરણની સાથે સાથે પરિ-આવરણનું પણ જતન થાય એ માટે જે કરવું પડે એ બધું જ કરી છૂટવું જોઈએ. પણ એ અસરકારક અને વ્યવહારુ કાર્ય હોવું જોઈએ. માણસની નિષ્ઠા માપવાના મીટર હજુ શોધાયા નથી.

*- અશ્વિન ઝિંઝુવાડિયા, મુંદરા, કચ્છ*

ઉસ્માનગનીભાઈ અને અશ્વિનભાઈએ ચેરનાં વૃક્ષોનો પ્રશ્ન ઊભો કર્યો છે તે ખૂબ અગત્યનો છે. એક્સ્પર્ટ કમિટીને અમે જે રજૂઆત કરી છે, તેમાં ચેરનાં વૃક્ષોને પણ ફોરેસ્ટ કવર નીચે ગણવાં જોઈએ (તે વન વિભાગ હસ્તકની જમીનમાં હોય કે ના હોય) એ મુદ્દો ઊભો કર્યો જ છે. ''ખોજ'' ના લેખમાં એનો ઉલ્લેખ કરવાનો રહી ગયેલો. આ મુદ્દો ધ્યાન પર લાવવા બદલ આભાર.

*-તૃપ્તિ*

''ખોજ''નો માર્ચ-એપ્રિલનો અંક વાંચ્યો. ગમ્યો. મને થોડુંક લખવા પ્રેર્યો.

શ્રીમતી તૃપ્તિ પારેખનો 'આ NPV વળી શું ચીજ છે ?' આ અંકનો શ્રેષ્ઠ લેખ છે એમ કહું તો મારી દૃષ્ટિએ અને અભિપ્રાયે સાચું છે. જંગલમાં રહેનારા સાચા રક્ષક-પોષક અને વિકાસમાં રાહબર બની શકે. કારણ કે જંગલ એ એમનું નિવાસસ્થાન, પેટ ભરવાનું સાધન અને માતા છે. એમને રહેવાના હક્કો મળવા જ જોઈએ. એ જ રીતે ખોટી રીતે જંગલોને કાપવામાં આવે છે, તેને સજા થવી જોઈએ.

સૌરાષ્ટ્રની પાણીની તકલીફ હવે જાહેર છે. નર્મદાનાં નીર એ જ તરણોપાય છે. અનેક વિઘ્નો વચ્ચે કામ ચાલુ રહે, એ આશા.

''ખોજ'' પરામર્શ સમિતિમાં શ્રી કીરિટભાઈ પાનવાલા એડવોકેટનું નામ વાંચી આનંદ અને આશ્ચર્ય થયું. આ પત્ર લખું છું ત્યારે વડોદરા શાંત થઈ રહ્યું છે. આવું શાને? શું ગુજરાત ને વડોદરાને આ શોભે? કારણો અનેક હોઈ શકે.

ખોજ મને મળ્યા પછી મેં બીજાને મોકલવું શરૂ કર્યું છે. ગયો અંક વ્યારા લાઈબ્રેરીને અને માર્ચ-એપ્રિલ અંક નવસારી લાયબ્રેરીને અવલોકન માટે મોકલ્યો છે. આપને ગમ્યું ? છેલ્લે, પહેલે-છેલ્લે પાને જે વિચારો મૂકો છો તે બદલતા રહો.

*- બી.એ. પંડયા, સુરત*

''ખોજ''નો માર્ચ-એપ્રિલ-૨૦૦૬નો અંક આજ રોજ મળ્યો કે તરત જ એક જ બેઠકે વાંચી ગયો. આનંદ થયો. અંબરિષભાઈએ કચ્છ-સૌરાષ્ટ્રના સંદર્ભમાં જે વાત કરી છે તે સરાહનીય અને જાણવા યોગ્ય છે. વૃક્ષપ્રેમી પ્રેમજી બાપાની વાત તો દોમ દોમ પ્રેરક જણાઈ. તદુપરાંત NPV વિશેની જાણકારી અને અન્ય લેખો-માહિતી સરસ, ઉપયોગી અને ''ખોજ'' પાસે રાખેલી અપેક્ષાને અનુરૂપ જણાયા. ''ખોજ'' દ્વારા નિતનવું ખોજવાના ઉદ્યમ રૂપે નવું - સંશોધનાત્મક જાણવાની અભીપ્સા છે.

*- બાબુલાલ ગોર, ભુજ*

અમદાવાદની આફત નિવારણ સંસ્થાના કાર્યાલયમાં આપના ''ખોજ''નો માર્ચ-એપ્રિલ, ૨૦૦૬નો અંક વાંચ્યો, સૌરાષ્ટ્રના જળસંચય અભિયાન સંબંધિત લેખ અને પ્રેમજી બાપાનો ''વૃક્ષ પ્રેમ'' વિશેષ ગમ્યા.

''ખારા રણમાં વિરડા સમાન છે, ''ખોજ'', જળસંચયનું સામુદાયિક અભિયાન છે, ''ખોજ'', વૃક્ષારોપણ અને વરસાદી જળનું મહત્ત્વ સમજાવતું, પર્યાવરણની જાળવણીનું જ્ઞાન છે, ''ખોજ''. ''

*- પ્રદીપકુમાર ધીરજલાલ વ્યાસ, ગાંધીનગર*

પહેલાં તો ખોજને અભિનંદન આપીએ, કેમ કે બીજું વર્ષ બેઠું છે અને એક વર્ષના અંકોમાં જે પ્રકારની માહિતી- લેખો આવ્યા છે, તે ખૂબ જ ઉમદા અને સમજવા જેવા હતા.

આજે સૌરાષ્ટ્રમાં જળસંચયનું અભિયાન ચાલી રહ્યું છે. શહેરમાં ભલે પાણીની કિંમત નહીં હોય, પણ ગામડાંઓમાં બારેમાસ પાણીસંચયની વાતો થતી હોય છે. આજે ગુજરાત સરકારે તળાવોની, ડેમોની, કૂવાઓની જગ્યા શોધી કાઢી છે પણ તેમાં જળનું સંચય કે સંગ્રહ ન હોવાને લીધે કેવળ સુકાયેલા ડેમ જોવા મળે છે. કેવળ સૌરાષ્ટ્ર નહીં પણ રાજસ્થાન બાજુ પણ પાણી માટે લોકો વલખાં મારતાં હોય છે. અને પાણીના સંચય માટે અનેક પ્રયત્નો ચાલી રહ્યા છે.

ખોજમાં આવતા લેખો આજના સમય માટે ઉપયોગી છે. ખોજ હંમેશાં યુવાનીમાં રહે અને સ્ફૂર્તિ લાવે તેવા લેખો અવારનવાર આપતું રહે, એ જ અપેક્ષા.

*- ઘનશ્યામ ભરૂચા, મુંબઈ*

''ખોજ''નો સપ્ટેમ્બર/ઑક્ટોબર ૨૦૦૫નો જૂનો અંક મને રાજકોટમાં ગોંધિયા હોસ્પિટલના વેઈટીંગ રૂમમાં વાંચવા મળ્યો. વિષયવસ્તુ, ભાષા અને સાંપ્રત સમાજની સમસ્યાઓની વિશ્વસ્તરે વિચારણા ને ઉકેલ શોધવા પ્રયત્નશીલ તેવું આપનું દ્વિમાસિક પત્ર ''ખોજ'' બહુ જ ગમ્યું.

હું ગ્રામીણ શ્રમજીવી મહિલાઓનાં સશક્તિકરણ, આર્થિક-સામાજિક અને લૈંગિક વિકાસના ક્ષેત્રે છેલ્લાં ૨૮ વર્ષથી સક્રિય છું. આ સાથે અમારી સંસ્થા ''ગ્રાસ''ના ૬ અંક આપના પ્રતિભાવ માટે મોકલું છું. આ સાથે ''ખોજ'' નું બે વર્ષનું લવાજમ મોકલું છું.

*- અનિલા આર. ધોળકિયા, અમદાવાદ* ●

# ગોધરા ન્યાય અને અન્ય પ્રશ્નો-કાયદો બદલવાની જરૂર

*ડૉ. સુરેશ અમીન*

ખોજના લેખો રસપ્રદ છે. ખોજ એટલે કાં તો તમે સત્ય શોધી રહ્યા છો, અથવા પ્રવર્તમાન પ્રશ્નોનો ઉકેલ શોધી રહ્યા છો. વિચારવાન વાચકોના વિશાળ વર્ગ માટે હું સૂચવું છું કે એ અંગ્રેજી ભાષામાં પણ પ્રસિદ્ધ થવું જોઇએ, જેનો દેશભરમાં પ્રસાર થઇ શકે.

ખોજ વર્ષ-૨ અંક-૧ના બે લેખો પર નૂકતેચીની કરવાની છૂટ લઇશ. બન્ને વચ્ચેના મુદ્દા અમુક અંશે એકબીજા સાથે જોડાયેલા છે. પ્રો. બંદૂકવાલાનો લેખ કેસને સરસ રીતે ટૂંકાણમાં રજૂ કરે છે. કમનસીબે મારા સારા મિત્ર બંદૂકવાલાનો ૨૦૦૨માં હુલ્લડખોરોનો ખૂબ દુઃખદ અનુભવ રહ્યો, જેણે ગરીબ મુસ્લિમો માટે અને અન્ય પ્રશ્નો પર કામ કરનાર અને અત્યંત વિચારશીલ વ્યક્તિને ગોધરા પશ્ચાતના પ્રશ્ને થોડા આળા બનાવ્યા છે.

પ્રાથમિક પ્રશ્ન ભારતની અને ભારતની સામાન્ય પ્રજાની પ્રગતિનો છે. એટલા માટે જ કોમી સંવાદિતા અગત્યની છે. સત્તા અને પૈસા મેળવવા માટે ડીસ્ટ્રેકટરોએ આ પ્રશ્નને સળગતો રાખ્યો છે. મારે મારા મુસ્લિમ મિત્રો, ડ્રાઈવરો સાથે હુલ્લડ દરમ્યાન કે બાદ પણ કોઇ પ્રશ્ન નહોતો.

વિહિપ અને બજરંગ દળને અવગણવા જ જોઇએ, અને તેમના ખ્યાલો બધા હિન્દુઓના, ગુજરાતના બધા હિન્દુઓના ખ્યાલો નથી જ નથી. વિહિપ-બજરંગદળની ઉપેક્ષા કરવામાં આવશે, તો એમને જરૂરથી ચોટ પહોંચશે. જો પ્રવીણ તોગડિયાના રાષ્ટ્રીય ચેનલો પર વારંવાર ઇન્ટરવ્યુ લેવામાં ન આવ્યા હોત, તો એને પ્રોત્સાહન ના મળ્યું હોત. ઘણું કરીને, જાણ્યે-અજાણ્યે મીડિયા અને કહેવાતું વાણી-સ્વાતંત્ર્ય એમના causeને મદદ કરે છે. એવું જ એ આતંકવાદી પ્રવૃત્તિઓને પણ કરે છે. અંડરગ્રાઉન્ડ ટ્રેઈનોમાં થયેલા હુમલા વખતે નોંધપાત્ર સંયમ રાખીને બીબીસીએ બહુ સારું કરેલું.

ગોધરામાં કોચ બાળવામાં આવ્યો કે તાજેતરમાં વારાણસીમાં હનુમાન મંદિર પર હુમલો થયો. ત્યારે શું થાય છે ? ૪૮ કલાકથી વધુ સમય સુધી ૮-૧૦ ચેનલો એકનાં એક ચિત્રો સતત બતાવતી રહે છે, એકમેકથી ચડિયાતા પુરવાર થવા માટે તેઓ એક પછી એક મુદ્દા, ઇન્ટરવ્યુ, 'નિષ્ણાતો'ના અભિપ્રાયો વગેરે લાવતા જ રહે છે. આ ૨૧મી સદીની ટેકનોલોજી અને કોમ્યુનિકેશનને કારણે, નવી ઊભી થતી સમસ્યા છે. મીડિયા આપણાં મંતવ્યોને ચોક્કસ અસર કરે છે. મીડિયાનો પોતાનો એજન્ડા હોય છે. તેઓ પોતે પણ ખબર પણ ન પડે એમ ધીમે ધીમે પ્રતિબદ્ધ થતા જાય છે. મીડિયા તરફથી આપણા સ્વાતંત્ર્ય માટે નવું જોખમ ઊભું થઇ રહયું છે - સ્વતંત્ર રીતે વિચારવાનું અને ઉપલબ્ધ ડેટાના આધારે તારણ પર પહોંચવાનું સ્વાતંત્ર્ય. રિપોર્ટ કરવાના સ્વાતંત્ર્યને તથા માહિતીના અધિકારને ડામી દીધા વગર આ બાબતનો ઉપાય આપણે શોધવાનો છે.

ગોધરા દરમ્યાન આપણે કરફ્યુ હેઠળ હતા અને સળગતા કોચને વારંવાર જોવાની ફરજ પડી હતી. શરૂઆતનો પક્ષાઘાતી આંચકો બહુકેન્દ્રી આક્રોશની પ્રતિક્રિયામાં ફેરવાઇ ગયો અને જોતજોતાંમાં ટોળાં ભેગાં થઇ ગયાં અને એમને ઉશ્કેરવા માટે અમુક તત્ત્વો ત્યાં હાજર હતાં જ. બે પ્રકારની પ્રતિક્રિયા આવી - ગુજરાતભરમાં સ્વયંભૂ અને અમુક ખૂબ ગંભીર, આયોજિત પ્રકારની. આતંકવાદીઓ સફળ થયા.

હુલ્લડો મુખ્યત્વે ટોળાં દ્વારા જ થતાં હોય છે, જે ટોળાં જો કે ઘણી વ્યકિતઓનાં બનેલાં હોય છે, જેની ટોળાશાહી સાયકોલોજીમાં ડાહયો અવાજ પણ ઉશ્કેરાઇ જાય છે અને ન કરવાનું કરી બેસે છે. બચાવ ન કરી શકે તેવા નિર્દોષો પર હુમલો કરે છે. ગુન્હેગારને ભાગ્યે જ સજા થાય છે. આપણે બધા આ જાણીએ છીએ.

૨૦૦૨માં શું બન્યું અને ત્યારબાદ શું બની રહયું છે? ગુજરાત રાજ્ય આખાને કટ્ટર હિંદુવાદી તરીકે બ્રાન્ડ કરી દેવામાં આવ્યું. ભાજપની જીતને પણ કોમવાદી ગણવામાં આવી. આપણે ભૂલી જઇએ છીએ કે ૪૦ ટકા મત કોંગ્રેસને મળ્યા હતા. કોંગ્રેસને મત આપનારાઓને પણ કટ્ટર હિન્દુત્વવાદી તરીકે ઠેરવી દેવાયા. કોંગ્રેસને મત આપનારાઓને છોડો, તો પણ ભાજપને મત આપનારાઓએ પણ કોમવાદી કારણોસર એને મત આપેલા એમ નહોતું. મારા જેવા બીજા પણ કેટલાક હતા. એ સિવાય દરેક પક્ષ કે ઉમેદવારના સારા અને નરસા બીજા મુદ્દાઓ પણ હતા.

બેસ્ટ બેકરીના ચુકાદાના મુદ્દા પર આવીએ. ન્યાયતંત્ર આંધળું નથી એ બતાવવા માટે ઉપર ચડાવેલા (hyped) કેસનો આ કલાસિકલ

નમૂનો છે. એથી વિશેષ કશું નથી. એ તો ન્યાયતંત્ર ખામીયુક્ત નથી અને કામ કરી રહ્યું છે એ બતાવવા માટે ન્યાયતંત્ર દ્વારા લાવવામાં આવેલું ડાયવર્ઝન છે.

હું માનું છું કે આ ન્યાય નથી, પણ સુપ્રીમ કોર્ટનો પૂર્વગ્રહ છે. આપણે કેસના ખરા-ખોટા અંગે વાત નથી કરી રહ્યા. હું બાળી નાખ્યાની ક્રૂરતાને નથી વાજબી ઠેરવતો કે નથી માફી આપતો. પણ, મારી દ્રષ્ટિએ હાઇ પ્રોફાઇલ કેસને માત્ર મોટી પ્રસિદ્ધિ માટે આપવામાં આવેલો આ ન્યાય છે. પણ ન્યાયમૂર્તિ ખરેનો પૂર્વગ્રહ એટલો તો દેખીતો હતો કે એ રાજયની બહાર કોર્ટ નીમવાની, (યાદ રાખો કે એ આખા ગુજરાતને વિશ્વાસને લાયક ન હોવાનું આરોપણ કરી રહ્યા હતા અને મેં એની સામે વાંધો પણ લીધેલો) કેસને ફાસ્ટ ટ્રેક પર મૂકવાની અને ઝાહીરાને સજા કરાવવાની હદ સુધી ગયા. માત્ર ત્રણ જ વર્ષમાં આ બધું પૂરું કર્યું.

આ જ ન્યાયતંત્ર અયોધ્યા કેસ કે શાહબુદીન કેસ પર કોઇ ચુકાદો આપતું નથી અને આ જ વ્યવસ્થા નર્મદા મુદ્દા પર લાંબા સમય સુધી બેસી રહી અને કિંમતને આસમાને જવા દીધી.

બીજા પણ અમુક મુદ્દા અગત્યના છે.

૧. નવ વ્યકિતઓને આજીવન કેદની સજા. ભાર સજાના કવોન્ટમ પર છે. હુલ્લડ એ આવેગ, તત્કાલીન ગાંડપણનો ગુનો છે. (મજાની વાત એ છે કે પ્રવીણ મહાજનનો વકીલ જાહેરમાં આવો કેસ તૈયાર કરી રહ્યો છે.) શું એની સજા ઠંડા કલેજે કરેલી હત્યા જેટલી કરવી યોગ્ય છે? શું એ સાચું નથી કે કેટલાય ગુનેગારો, કેટલાક તો ગુનો સાબિત થઈ ચૂકયા પછી પણ સંસદમાં કે મંત્રીપદે હોય છે ? એમાં કોઇ નવાઇ નથી કે જેઓ ગુનેગાર સાબિત થયા એમણે ચુકાદો સ્વીકારી લીધો છે, કારણ કે તેમને સુપ્રીમ કોર્ટ પાસેથી ન્યાય મળવાની કોઇ અપેક્ષા નથી. જો કોર્ટો બેકરી કેસ જેટલી ઝડપી હોત તો લાલુ કદાચ આપણા રેલવેમંત્રી તરીકે ના હોત.

૨. જુબાનીઓ બદલતી ઝાહીરા શેખની perjury માટેની સજા યોગ્ય છે. (અલબત્ત, આ સજાને લીધે ભવિષ્યના સાક્ષીઓ perjury કરતા અટકશે એવી સંભાવના નથી, કારણ કે ભૂતકાળના કેસોમાં બન્યું છે તેમ વકીલો દ્વારા શીખવાડયા મુજબ સાક્ષીઓ પોતાની જુબાની બદલતા જ રહેશે.) ઝાહીરાના વકીલ, જેણે આ perjury થવા દીધી એને પણ શું એની કોઇ સજા ના થવી જોઇએ? બીજા શબ્દોમાં કહીએ તો perjury મોટા ભાગે તો કાયદાકીય સલાહ સાથે જ કરવામાં આવે છે. તો વકીલને શા માટે સજા ન થવી જોઇએ? આનો સૂચિતાર્થ બહુ સ્પષ્ટ છે. કોણ વધુ ગુનેગાર છે- શીખવાડનાર કે અભણ શીખનાર? શું ન્યાયતંત્ર પોતાનાને બચાવી રહ્યું છે?

અહીં કેટલુંક વિચિત્ર છે, જેને હું પહેલાં ચૂકી ગયેલો. જો એવું નક્કી થઇ ગયું કે ઝાહીરા પૂરેપૂરી અવિશ્વસનીય છે, તો પછી એની જુબાનીના કયા ભાગને આધારે આરોપીઓને ગુનેગાર ઠેરવતો ચુકાદો અપાયો? જો બરાબર યાદ હોય તો ગુજરાત હાઇકોર્ટે સાક્ષીની અવિશ્વસનીયતાના આધાર પર આ કેસમાં નિર્ણય લીધો હતો. એમણે એ નક્કી નહોતું કર્યું કે હુલ્લડખોરો ખરેખર નિર્દોષ હતા કે નહીં.

૩. મારા જેવા ઘણાના મતે સુપ્રીમ કોર્ટ પોતાનું મંતવ્ય already બનાવી લે છે અને કેસ પાછો ખોલવા ગુજરાત બહાર ચલાવવા માગે છે. (ગુજરાત કોમવાદી છે અને વિશ્વાસ ન મૂકી શકાય એવું ન્યાયતંત્ર ધરાવે છે), ફાસ્ટ ટ્રેકમાં કેસ ચલાવે છે, કોણ ગુન્હેગાર છે તે નક્કી કરે છે, મહત્તમ સજા ફટકારે છે, perjury કરનાર સાક્ષીને સજા કરે છે. (આવા વાર્ષિક હજાર સાક્ષીઓમાંથી એકાદને સજા થાય) તમારા તંત્રી માને છે તેમ આપણે આવા પ્રયત્નને બિરદાવીએ, પણ આવા પ્રયત્નો આખા વર્ષ દરમ્યાન હંમેશા થવા જોઇએ. તામિલનાડુમાંથી બહાર લઇ જવાયેલા જયલલિતાના કેસમાં શું થયું? એ ફોજદારી કેસ નથી?

મારી દષ્ટિએ બીજો લેખ વધુ અગત્યનો છે. ન્યાયતંત્રમાં જરૂરી સુધારા. આ લેખમાં વકીલ, માનવતાવાદી અને કર્મશીલ એકબીજા સાથે ઘર્ષણમાં છે. મારા અમુક વિચારોને તમારા વાચકોના ધ્યાનમાં લેવાય એમ ઇચ્છું છું.

આપણે ઘણી વાર ન્યાય વ્યવસ્થામાં અત્યંત આમૂલ પરિવર્તન અંગે વાત કરીએ છીએ. અહીં જ થાપ ખાઇએ છીએ. ન્યાય-વ્યવસ્થાને વ્યવહારુ રીતે ટુકડે ટુકડે સુધારવાનો અભિગમ શા માટે ના અપનાવવો ?

હું ભ્રષ્ટાચારનો એક કાલ્પનિક કેસ લઇશ. કાયદેસરની આવક કરતાં વધુ નાણાં (disproportation income)નો દાખલો. અહીં બે બાબત છેઃ (૧) સૂચિત ભ્રષ્ટાચાર (૨) ટેક્ષ ન ભરવો. આપણે બધા જાણીએ છીએ કે ભ્રષ્ટાચારનો પુરાવો અઘરો છે. એને માટે આપણે કાયદો બદલવો પડે કે કાયદાનું અર્થઘટન અલગ રીતે કરવું પડે.

૧. આરોપીએ reasonable પુરાવો આપવો જોઇએ કે એનાં વધારાનાં નાણાં જેટલી આવકનું અન્ય સાધન છે. આ એક ટાઇમ ફ્રેઇમમાં થવું જોઇએ.

૨. ત્યાં સુધી એની સ્વતંત્રતા અમુક અંશે પ્રતિબંધિત રહેવી જોઇએ. કેટલી પ્રતિબંધિત સ્વતંત્રતા હોવી જોઇએ એ અગત્યનું છે અને એ સ્પષ્ટ હોવું જોઇએ.

કોઇપણ વ્યકિતએ પોતાની આવક ઉપરાંતની સંપત્તિ એકઠી કરી હોય તો એણે એ પુરવાર કરવું પડે કે એ એણે વૈધ રીતે કમાઇ છે. એનો ટેક્ષ આપ્યો હોય કે ના આપ્યો હોય. (જેની સામે ઇન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટ દ્વારા પછી ભલે કેસ ચલાવવામાં આવે). વર્તમાનપત્રોમાં વારંવાર વાંચવા મળે છે કે અમુક પોલીસમેન પાસે કેટલાય કરોડ રૂપિયા છે. (દા.ત કાભાઇ કે દયા નાયકના કેસ) disproportionate આવકનો કેસ નોંધાય છે, તેઓ જામીન પર છૂટી જાય છે અને ત્યાર બાદ બધું ભૂલાઇ જાય છે. આવા તમામ કેસ માટે અમુક સમયમર્યાદા હોવી જોઇએ. ૨૪ મહિનાની અંદર એણે પોતાની આવકનો સ્રોત બતાવવો પડે. પણ ત્યાં સુધી એને ખાસ પ્રતિબંધિત સ્વતંત્રતાની કેટેગરીમાં મૂકવામાં આવે. એનું પૂરું સ્વાતંત્ર્ય ખતમ નથી થતું. (એટલે કે એને કેદમાં પૂરવામાં નથી આવતો.) પણ, એને પાસપોર્ટ ન મળે, પાયાની સારી જીવન જરૂરિયાતો મળે, પણ ગાડીની સુવિધા ન મળે, જો એની વૈધ આવક સાથે એ સુસંગત ન હોય તો. એની બધી જ વધારાની મિલકત પર રોક લાગી જાય, જપ્ત થઇ જાય - ટૂંકમાં પોતાનો બચાવ કરવામાં નિષ્ફળ જાય તો ‘લાંચ’ તરીકે એનો ઉપયોગ કરી ના શકે. જ્યાં સુધી એને બરી કરવામાં ન આવે, ત્યાં સુધી એ નોકરી ના કરી શકે કે કયાંય બીજેથી કમાણી ના કરી શકે. એની વૈધ આવક કે છેલ્લા ટેક્ષ-રિટર્ન મુજબની આવક મુજબનો ખર્ચ સરકાર તરફથી મળે. એને કાનૂની સહાયની જરૂર હોય તો રાજ્ય દ્વારા એ આપવામાં આવે. (જેટલી રકમનો મામલો હોય એની અમુક મર્યાદા નકકી કરીને.) બીજા શબ્દોમાં, એની નાણાંની શકિતના ઉપયોગ કે દુરૂપયોગ પર નિયંત્રણ લાદવામાં આવે.

મને ખાતરી છે કે હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટને આ સત્તા હશે, અને જો ન હોય તો મળવી જોઇએ. મારી દૃષ્ટિએ આમાં કોઇ પાયાના અધિકારોનો ભંગ નથી. નિર્દોષ સાબિત કરવાનું burden એના માથે રહે છે અને અપીલના તબક્કે એનો ગુનો ફરીથી સાબિત કરવાનું burden રાજ્યને માથે નથી રહેતું, કારણ કે રાજ્યે એ સાબિત કરી જ દીધું હોય છે કે એનાં વધારાનાં નાણાં વૈધ આવક દ્વારા મેળવેલાં નથી. આ સંપત્તિની ગણતરી પણ કરી શકાય, જેમ કે પાંચગણી વધારે સંપત્તિ. એનો reasonable guilt સાબિત કરવાનું ખૂબ ઝડપથી કરી શકાય. લગભગ એક દિવસ લાગે -કેસ ફાઇલ કરવાનો, પ્રથમ દર્શન પુરાવાની ચકાસણી કરવી અને ચુકાદો આપવો. ઘણા કેસ સ્પષ્ટ હશે અને કેટલાક એકદમ સ્પષ્ટ ન હોય એવા gray હશે, જે લંબાશે. જાહેર કર્યા વગરની અમર્યાદ વિદેશી મિલકત ધરાવનાર વ્યક્તિ પણ ગુનેગાર છે. આ બધી જ વ્યક્તિઓ ગુનેગાર છે, અને તેથી પ્રતિબંધિત સ્વાતંત્ર્ય ધરાવે છે. કાં તો એ નિર્દોષતા સાબિત ન કરે કે ગુનો કબૂલ કરીને એની સજા ભોગવે -આ સમયગાળા દરમ્યાન એ લોકતાંત્રિક અધિકારો વગરનો રહે. આ અગત્યનું છે. મોટાભાગના ગુનેગારો આ mitigated સજા મેળવવી વધુ પસંદ કરશે. (આપણે એ mitigation કેવું અને કેટલું હોય એ નકકી કરવું પડે.) ખરી સજા તો ૨૪ મહિના બાદ થશે, જયારે એ પોતાની નિર્દોષતા પુરવાર કરવામાં નિષ્ફળ નીવડશે.

અન્ય સુધારો મનાઇ હુકમની બાબતમાં જરૂરી છે.

સંભવિત અન્યાય થતો અટકાવવા માટે અને અમર્યાદિત સમય સુધી અન્યાય ચાલુ ન રહે એ માટે મનાઇ હુકમો આપવામાં આવે છે. ઘણા કેસોમાં મનાઇ હુકમો આપવા પાછળ હું કોઇ લોજિક જોતો નથી. આજે વકીલો અને જનતા મનાઇ હુકમની આ સુવિધાનો દુરૂપયોગ કરી રહ્યા છે. જો આડેધડે મનાઇ હુકમો આપવામાં આવે, તો ન્યાયતંત્રની અનૌપચારિક સામાજિક વર્તુળોમાં મજાક ઉડાવવામાં આવે છે.

મનાઇ હુકમોને વ્યકિતગત, સામાજિક ન્યાય, રાજયનો કેસ જેવી કેટેગરીઓમાં વહેંચી દેવાય. મર્યાદિત સમય માટે મનાઇ હુકમ આપ્યા બાદ કોર્ટે બીજી સુનાવણી, એટલે કે મનાઇ હુકમ ઉઠાવવા માટેનો સમય આપી દેવો જોઇએ, જો જરૂર જણાય તો એને લંબાવવામાં આવે.

કામના બોજ હેઠળ દબાયેલી કોર્ટને કોમ્પ્યુટર અને સોફટવેર ટેકનોલોજીનો લાભ મળવો જોઇએ અને બધી પાર્ટીઓની અનૂકુળતા ઇન્ટરનેટ પર તપાસીને બીજી તારીખ ગોઠવાવી જોઈએ. તારીખો પાડવાની અમુક નક્કી સંખ્યા બાદ એ લંબાવવી ના જોઇએ. આ મૂળે વહીવટી બાબત છે અને હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટ માટે એ માટેની માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી શકે.

આ બધા જ પ્રશ્નોને નહીં ઉકેલે, પણ એક નાની શરૂઆત થશે. આપણે એક પછી એક પગલાથી શરૂ કરીએ. બાળક માટે પહેલું ડગ હંમેશાં ડગડગાતું હોય છે, પણ એ પ્રયત્ન કર્યા વગર ચાલતા શીખી ના શકે. આપણી કોર્ટોની વિશ્વસનીયતા આપણે ફરીથી ઊભી કરીએ. ●

# સ્વતંત્રતા - જ્ઞાન અને બજાર - ૬

*એકમલક્ષી (micro) વિ. સમગ્રલક્ષી (macro) અર્થવ્યવસ્થા - વોલરા, કેઈન્સ, સમાજવાદ*

- અનિલ પટેલ

*I regard the extension of the range of choice, that is, an increase in the range of effective alternatives open to people, as the principal objective and criterion of economic development.*

*- Peter Bauer 1957*

*(Competition) is thus a process which involves a continuous change in the data and whose significance must therefore be completely missed by any theory which treats the data as constant.*

*- F.A. Hayek 1946*

મેન્જરની એકમલક્ષી અર્થવ્યવસ્થાની થિયરી (micro economics) ઉપરથી મેનાર્ડ કેઇન્સની સમગ્રલક્ષી અર્થવ્યવસ્થાની થિયરી (macro economics) ઉપર સીધું જ જવાનું વિચારેલું, પરંતુ ધીમેધીમે સમજાયું કે બંનેને જોડતી કડી ખૂટે છે. આ લેખમાં ખૂટતી કડીઓને મૂકવાની કોશિશ કરી છે, જેથી કેઇન્સિયન ક્રાંતિ અને સાથે સમાજવાદી વિચારની આગેકૂચ વધારે સ્પષ્ટ રીતે સમજાય.

આદમ સ્મિથે બજાર આધારિત કલાસિકલ અર્થવ્યવસ્થામાં (શિષ્ટ અર્થશાસ્ત્ર) ઉત્પાદનનો અભૂતપૂર્વ વધારો કેવી રીતે થાય છે તે તો બરાબર સમજાવ્યું, પરંતુ બજાર-વ્યવસ્થાના સંચાલનમાં ચાવીરૂપ સાપેક્ષ કિંમતો (Relative prices) કેવી રીતે ઉદ્ભવે છે, તેનું નિયંત્રણ કોણ કરે છે જેવા મહત્ત્વના સવાલોના જવાબ તે આપી શકયો નહીં. આદમ સ્મિથે તેને ''અદૃશ્ય હાથ- Invisible Hand'' કહ્યો, તેથી તેની ઉપર ગુઢત્વનાં આવરણો ચઢયાં. કલાસિકલ અર્થશાસ્ત્રની આ એક બાજુ નબળી રહી ગઇ. યુરોપભરના રેશનાલિસ્ટોની કડક આલોચનાનું સ્મિથ નિશાન બન્યો. દેખીતી રીતે બજાર-વ્યવસ્થા બૌદ્ધિકો અને ચિંતકોને નરી અરાજકતાભરી લાગી. સમાજ-વ્યવસ્થામાં હજી જોવા મળતા સામાજિક પ્રશ્નો અને દૂષણો તેમને અસહ્ય લાગ્યાં અને તેને માટે તેઓએ બજાર-વ્યવસ્થાને જ જવાબદાર ઠેરવી. તો વળી પ્રબુદ્ધકાળના (Age of enlightenment) રેશનાલિસ્ટો માટે ''અદૃશ્ય હાથ'' એક પડકારરૂપ કોયડો પણ બન્યો.

૧૯મી સદીની શરૂઆતથી જ સમાજમાં રેશનલ પરિવર્તન કરવા ઈચ્છતા વિચારકો બજાર-વ્યવસ્થાને નફાખોરીનું અતાર્કિક અને અમાનવીય સાધન ગણવા લાગ્યા; તેની પકડમાંથી મુક્ત કઇ રીતે થવું તે તેઓનો યક્ષપ્રશ્ન બની ગયો. ૧૮૭૦ની આસપાસ મેન્જર, જેવન્સ અને વોલરાએ સીમાંત તુષ્ટિગુણ આધારિત બજાર-કિંમતોની થિયરી પ્રતિપાદિત કરીને ગૂઢ આવરણો છેદી નાંખ્યાં. મેન્જરનો ફાળો આમાં નિર્ણાયક રહ્યો. પરંતુ કિંમતોની થિયરીના ભવિષ્યમાં ફૂટનારા ફણગામાં વોલરાનો ફાળો ૧૯૨૦ પછી વધુ મહત્ત્વનો પુરવાર થવાનો હતો. તેની ચર્ચા કરીને જ મેનાર્ડ કેઈન્સની મેક્રો ઈકોનોમિક (સમગ્રલક્ષી) દરમિયાનગીરીને આપણે સમજી શકીશું અને તે સાથે જ સમાજવાદી અર્થવિચારને પણ.

### વોલરાનું સાર્વત્રિક સંતુલન (general equilibrium), બજાર-વ્યવસ્થા અને સમાજવાદી અર્થઘટન

મેન્જરે બજાર-કિંમતોનો સંતોષકારક ખુલાસો તો આપ્યો, પરંતુ તેની થિયરીના હાર્દમાં વ્યકિતલક્ષી તુષ્ટિ અને માહિતી (જ્ઞાન)ને મૂકીને બજાર-કિંમતોના કાર્યકારણને (cause-effect સંબંધો) હંમેશ માટે વસ્તુલક્ષિતાના (objectivity) તે કાળે સમજાયેલા પોઝીટીવીસ્ટ વૈજ્ઞાનિક આદર્શથી અલગ કરી નાખ્યું. બજારવ્યવસ્થા એક સંકુલ રચના (organised complexity) છે. તેમાં ચાલતી ગતિવિધિઓમાં જેમ ઊંડા ઊતરીએ તેમ સમજાય છે કે આ પ્રક્રિયાની નીપજો (Products)ને

સર્જતા બધા જ સંજોગોની નહીં, અમુક જ સંજોગોની પરખ કરી શકાય છે. આ કારણે નીપજોના અમુક જ ગુણધર્મોની આગાહીઓ કરી શકાય છે. બીજા શબ્દોમાં - પેટર્નની આગાહી કરી શકાય છે, દરેક વિગતની નહીં; પેટર્નને રચતાં બધાં જ ઘટકો વિશે ચોક્કસ અને સચોટ આગાહીઓ થઇ શકતી નથી, જે ભૌતિક વિજ્ઞાનમાં શકય અને જરૂરી મનાય છે. પરંતુ જોવા જઇએ તો ભૌતિક વિજ્ઞાનમાં પણ ઉષ્માશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર કે જીવશાસ્ત્રમાં વ્યક્તિગત નહીં, માત્ર પેટર્નની જ આગાહીઓ કરી શકાય છે. અલબત્ત, તે કાળે આ સમજાયું ન હતું. વિજ્ઞાન નિયતિવાદી (determinist) ગણાતું. ગમે તેવી બારીક ઘટનાની ચોકકસ આગાહી કરી જ શકાય તેવું સર્વમાન્ય હતું. મેન્જરની થિયરીમાંથી નીકળતી મર્યાદિત આગાહીના તારણે બળતામાં ઘી હોમ્યું. રેશનાલિસ્ટોનો વિરોધ ઓર ઉગ્ર બન્યો. વિયેનાના પોઝીટીવીઝમની ગાઢ અસર નીચે આવેલા યુરોપભરના ડાબેરી વિચારકોમાં મેન્જરની થિયરી સામે ઉગ્ર પ્રતિક્રિયા જન્મી.

## અર્નસ્ટ મેક- પોઝીટીવીસ્ટ વિજ્ઞાન - અર્થવિજ્ઞાન

વિયેનામાં તે સમયે પોઝીટીવીઝમના અગ્ર સ્થાપક અર્નસ્ટ મેકની ફિલોસોફીની બોલબાલા હતી. તેના જ અનુયાયીઓમાંના એક મોરીત્ઝ શ્લીકે (Moritz Schlick) વિયેના સર્કલની સ્થાપના કરી. વિયેના સર્કલની પોઝીટીવીઝમની ફિલોસોફી જ્ઞાનના લગભગ દરેક ક્ષેત્રમાં ઊંડે સુધી પ્રસરી. મેકની ફિલસૂફીને ચોટડૂક રીતે કહેવી હોય તો કહેવાય કે ''જેને પણ માપી ના શકાય તેનું વાસ્તવિક અસ્તિત્વ નથી.'' મેકની થિયરી પ્રમાણે વિજ્ઞાન એટલે ચોક્કસ માપણી, ગણતરી અને આગાહી. જોર કરી રહેલા પોઝીટીવીઝમને પેટર્ન પૂરતી જ મર્યાદિત આગાહીનો વિચાર અસહ્ય લાગતો હતો, કારણ કે પેટર્નને રચનાર બધાં જ ઘટકોની પરખ (માપણી) સૈદ્ધાંતિક રીતે અશકય હતી.

અર્થશાસ્ત્રમાં શું માપી શકાય? આર્થિક ગણતરીઓ (પસંદગીનો શુદ્ધ તર્ક- pure logic of choice) હંમેશા વ્યક્તિગત હોય છે, તેથી વ્યક્તિલક્ષી મૂલ્યાંકન ઉપર આધારિત હોય છે. માત્ર જે તે વ્યક્તિ જ તેની પસંદગી જાણે છે. વળી આ પસંદગી પણ સંજોગો પ્રમાણે, નવી માહિતી પ્રમાણે સતત બદલાતી જ હોય છે, જેની જાણકારી ફકત તે વ્યક્તિને જ હોય. પસંદગીનો તર્ક વ્યક્તિ પૂરતો મર્યાદિત હોવાથી આર્થિક વિનિમયમાં ભાગ લેતી બધી જ વ્યક્તિઓની કુલ પસંદગીની માહિતી કોઇ એક વ્યક્તિને કે વ્યક્તિસમૂહને હોઇ ના શકે. આ કારણે કુલ પસંદગી - માંગ, પુરવઠાની ઓબ્જેકટીવ માહિતી સૈદ્ધાંતિક રીતે અપ્રાપ્ય છે. અલબત્ત, આખી અર્થવ્યવસ્થામાં જે તે સમય પૂરતી કોઇપણ ચીજવસ્તુની કુલ માંગ - પુરવઠાના આંકડા હોઇ શકે, પરંતુ તે સતત બદલાતા જ હોય છે. મેન્જરની માઈક્રો ઈકોનોમિક થિયરી મેકની માપણી-ગણતરી અને આગાહીની વૈજ્ઞાનિકતાના ચુસ્ત માપદંડની કસોટીએ ઘણી ઊણી ઊતરતી હતી. સ્વાભાવિક રીતે સમાજને ધરમૂળથી બદલી નાંખવામાં ઘણા અધીરિયા નવજવાનોને માઈક્રો ઈકોનોમિક્સ (એકમલક્ષી અર્થ-શાસ્ત્ર) ઘણું મવાળ, ફિક્કું અને મૂળે અવૈજ્ઞાનિક લાગ્યું. ઉદ્દામવાદી વિચારકો ધીરે ધીરે માઈક્રો ઈકોનોમિક્સ (સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર) તરફ ઢળવા માંડયા. આ વિચારકોમાં એક જોરદાર માંગણી એ હતી કે આર્થિક ગતિવિધિઓ ઉપર ઘણા વધારે અંકુશોની જરૂર છે. આ અંકુશો મેળવવા માટે કઇ ચોક્કસ નીતિને અમલી કરવાથી કઈ ધારેલી અસરો મેળવી શકાય તેનું જ્ઞાન હોવું જરૂરી છે. એમાંથી બૌદ્ધિકો અર્થવ્યવસ્થામાં જે કોઇ કુલ જથ્થાકીય આંકડા (statistical aggregates) પ્રાપ્ત કરી શકાય તેમ હતા તેના આધારે ગણતરીઓ કરીને આગાહીઓ કરવાના પ્રયત્નોમાં લાગી ગયા. આવી માન્યતાનું મુખ્ય કારણ મેક કથિત વૈજ્ઞાનિક પદ્ધતિને અનુસરવાનું હતું. તે પ્રમાણે કોઇ પણ થિયરીએ વૈજ્ઞાનિક કહેવડાવવા ચોક્કસ અને સચોટ આગાહીઓ કરવી જોઇએ; થિયરી કોઇપણ માપી શકાતા જથ્થા ઉપર આધારિત હોવી જોઇએ; અને કુલ જથ્થાના આંકડા વચ્ચે અચળ (constant) સંબંધો દર્શાવવાનું શકય હોવું જોઇએ. આવી કાર્યપદ્ધતિમાં સુક્ષ્મ પણ બહુ મહત્ત્વનો ફેરફાર થઇ ગયો. ભૌતિક વિજ્ઞાનમાં થિયરી પહેલી મંડાય છે, તેનાં તાર્કિક તારણો કાઢીને થિયરીને કસોટીએ ચઢાવવા તેને અનુરૂપ માપણી અને આંકડાની માહિતી મેળવવા વિજ્ઞાની મથે છે. પોઝીટીવીસ્ટ અર્થશાસ્ત્રીઓ માટે આંકડા પ્રાથમિક બની જાય છે, પછી તેની ઉપર ગાણિતિક પદ્ધતિનો ઉપયોગ કરીને તેમાંથી થિયરીને મેળવવાનો પ્રયાસ થાય છે.

મેન્જરની થિયરીમાં એ સ્પષ્ટ હતું કે જે તે સ્થિતિમાં કુલ જથ્થાના આંકડા વચ્ચેના સંબંધોને દર્શાવતાં સમીકરણોના અચળાંકો અચળ દેખાતા હોય તો પણ તેની અચળતા તત્કાલીન સ્થિતિ પૂરતી જ છે. આ સ્થિતિ અગણિત વ્યક્તિગત પસંદગીના નિર્ણયોને કારણે સતત બદલાતી હોય છે. આ સ્થિતિને સમજવા માઈક્રો ઈકોનોમિક સમજ મેળવવી જ પડે. આ સમજ હોય તો જ આપણે વિશ્વાસપૂર્વક કહી શકીએ કે સામૂહિક જથ્થાઓ (aggregates) વચ્ચે ભૂતકાળમાં જોવા મળેલા અચળ સંબંધો ભવિષ્યમાં પણ તેવા જ રહેશે કે નહીં. મેક્રો ઈકોનોમિક સ્તરની ગતિવિધિઓ માઈક્રો ઈકોનોમિક સ્તરની ગતિવિધિઓ ઉપર આધારિત હોવાથી વિચારકોની સમસ્યા એ બની કે મેક્રો ઈકોનોમિક થિયરીને માઈક્રો ઈકોનોમિક થિયરી ઉપરના અવલંબનથી અલગ કેવી રીતે કરવી?

ઉદ્દામવાદી વિચારકો શોધતા હતા એવી કોઇ વૈજ્ઞાનિક થિયરી, જેમાં

મેકનો માપદંડ લાગુ કરી શકાય અને સચોટ આગાહીઓ કરી શકાય. મેક્રો ઈકોનોમિક થિયરી આ માંગ પૂરી કરી શકે તેમ છે, તેવી શકયતા પોઝીટીવીસ્ટ સમાજવાદી વિચારકો જોઇ રહ્યા હતા. સીમાંત તુષ્ટિગુણના સિદ્ધાંત ઉપર જ કિંમતોની થિયરીને મૂકતા મેન્જરના સહસંશોધકો લીઓન વોલરા (Leon Walrus - ૧૮૩૪-૧૯૧૦) અને આલ્ફ્રેડ માર્શલની (Alfred Marshall, ૧૮૪૨-૧૯૨૪) સ્પર્ધાત્મક સંતુલનની (competitive equilibrium) થિયરી આ જરૂરિયાત પૂરી કરવા આગળ આવી રહી હતી. પ્રથમ વિશ્વયુદ્ધની સમાપ્તિ અને બીજા વિશ્વયુદ્ધની શરૂઆત ની વચ્ચેનાં વરસો (૧૯૨૦-૪૦)નો આ નિર્ણાયક સમયગાળો હતો.

સમાજવાદી વિચારકો મેન્જરની માઈક્રો ઈકોનોમિક થિયરીઓનો અસરકારક વિરોધ કરવાને અસમર્થ રહ્યા હોવા છતાં બજારકિંમતોની મદદ વગર જ રેશનલ રીતે ધારેલા પ્રકારનું ઉત્પાદન કરીને સમાજિક ન્યાયની કોઇ કસોટીને અનુરૂપ તેનું વિતરણ કરી શકવાના તેમના વિશ્વાસમાં અડગ રહ્યા. તેઓ ભારપૂર્વક એ માનતા-મનાવતા જ રહ્યા કે બજારમાં દેખીતી રીતે જ આડેધડ આંતરક્રિયા કરતી સ્વતંત્ર વ્યક્તિઓ જે હાંસલ કરી શકે તેના કરતાં આર્થિક વ્યવસ્થાની ગતિવિધિઓના રેશનલ નિયંત્રણથી ઘણું વધારે હાંસલ કરી શકાય. કેન્દ્રીય આયોજન દ્વારા માનવીય વ્યવહારોને ગોઠવવાનો વિચાર વધુ ને વધુ બળૂકો બનતો ગયો. ઝડપથી આગળ વધતું વિજ્ઞાન તેમના આત્મવિશ્વાસમાં ઉમેરો કરતું હતું. તેમના મતે સમાજમાં જાણે અકસ્માતરૂપે અસ્તિત્વમાં આવી ગયેલી સંસ્થાઓને બદલી નાંખીને બુદ્ધિયુકત નવી જ રચના નવેસરથી રચવી જોઇએ, જેથી ધાર્યાં નિશાન પાડી શકાય.

ઘણા દાયકાઓ સુધી સમાજવાદની ચર્ચાઓ લગભગ સંપૂર્ણપણે નૈતિક અને મનોવૈજ્ઞાનિક મુદ્દાઓની આસપાસ જ મંડાઇ. ચર્ચાઓ એવી ચાલી કે સામાજિક ન્યાય સિદ્ધ કરવો હોય તો સમાજનું પુનઃગઠન સમાજવાદી રાહે કરવું જોઇએ કે નહીં? આવકની ન્યાયી વહેંચણી કરવાના સિદ્ધાંતો કયા હોઇ શકે? એવી ચર્ચાઓ પણ ચાલી કે સમાજવાદી વ્યવસ્થાને સફળ બનાવવી હોય તો માણસની જે નૈતિક અને મનોવૈજ્ઞાનિક ખાસિયતો જોવા મળે છે તેની ઉપર ભરોસો રાખી શકાય ? આ ખાસિયતોને બદલવાની જરૂર હોય તો તે કેવી રીતે કરવું, જેથી નૂતન માનવીનું અવતરણ કરી શકાય ?

### આર્થિક સમસ્યા (Economic Problem) - કિંમતોનો પ્રશ્ન

આ બધી ચર્ચાઓમાં મૂળે આ એક આર્થિક સમસ્યા (Economic Problem) છે તેના અણસાર સુધ્ધાં જોવા મળતા ન હતા. તે કાળના સમાજવાદીઓ આવો પ્રશ્ન સમાજવાદી વ્યવસ્થામાં ઊભો જ નહીં થાય તેવો ભોળો વિશ્વાસ ધરાવતા હતા કે પછી આ પ્રશ્નના અસ્તિત્વ વિશે સભાન જ ના હતા, તે નકકી કરવું કઠિન છે. એક રીતે આમ થવું સ્વાભાવિક પણ હતું, કારણ કે મુકત અર્થવ્યવસ્થાના સ્પર્ધાત્મક વાતાવરણમાં દરેક વ્યક્તિ તેના હેતુને સિદ્ધ કરવામાં વ્યસ્ત હોવાથી સમાજને પ્રાપ્ય કુલ સંસાધનોનો ઉપયોગ અને વહેંચણી કોણ કરે છે, કેવી રીતે કરે છે તેની ઉપર કોઇનું વિશેષ ધ્યાન નથી હોતું. પરંતુ આ જ તો પ્રશ્ન છે કે અગણિત અંગત હેતુઓની સિદ્ધિ માટે મર્યાદિત સંસાધનોની કરકસરયુકત (economic) અને કાર્યક્ષમ (efficient) વહેંચણી કોણ કરે છે ? કેવી રીતે કરે છે ? મુકત અર્થવ્યવસ્થામાં કોઇ પણ એક વ્યક્તિ કે સભામંડળ આ નિર્ણયો લેતું નથી, તેનો એ અર્થ નહીં જ કે આ સમસ્યાઓ નથી કે તેનો હલ નથી વિચારાયો. મુકત અર્થવ્યવસ્થા આ સમસ્યાને હલ કરે છે, પરંતુ ઉકેલનું સ્વરૂપ અછતું અને અમૂર્ત રહે છે.

સમાજવાદી વિચારકો આ આખો મુદ્દો જ ચાતરી ગયા અને ઉત્પાદનનો મુખ્ય પ્રશ્ન ઇજનેરી બની ગયો, જેમાં કોઇ ચોકકસ હેતુને સિદ્ધ કરવા એક સત્તાધીશ તેને હસ્તક બધાં જ સાધનોને જોતરે છે. આર્થિક પ્રશ્ન આનાથી સાવ જુદો છે. સમાજનવરચના કરતી વખતે આ પ્રશ્નને નજરઅંદાજ કરવા માંગીએ, પણ તે ટાળ્યો ટળે તેમ નથી. સમાજવાદી વિચારે આ રસ્તો લીધો તેનું એક મોટું કારણ એ પણ ખરું કે તેની ઉપર જર્મન હિસ્ટોરિકલ સ્કૂલની બહુ ગાઢી અસરો હતી. આપણે જોઇ ગયા કે આ સ્કૂલ અર્થવ્યવસ્થા કોઇ પણ સાર્વત્રિક થિયરીના વિચારને સમૂળો નકારે છે. તેના મતે તો જે તે કાળની આર્થિક હકીકતો અને તથ્યો તે સમય પૂરતાં પ્રસ્તુત અને મહત્ત્વનાં છે, તેમાં સાર્વત્રિક કાંઈ હોતું નથી. 'રાત ગઇ બાત ગઇ' જેવો ઘાટ છે. કાર્લ માર્કસની થિયરી આ વિચારણાથી પૂરી રંગાઇ. માર્કસે કલાસિકલ અર્થશાસ્ત્રીઓના ઘણા વિચારો અપનાવ્યા, પરંતુ તેમની થિયરીનું સૌથી મહત્ત્વનું અને કાયમી પ્રદાન - મુકત સ્પર્ધાને નજરઅંદાજ કર્યું. તેની થિયરીમાં હિસ્ટોરિકલ સ્કૂલનું એ તથ્ય એકદમ બંધબેસતું આવી ગયું કે આર્થિક જીવનની ઘટનાઓ જે તે કાળ પૂરતી જ મર્યાદિત છે અને એક ઐતિહાસિક પ્રક્રિયાનું પરિણામ છે. તેનું કોઇ કાયમી સાર્વત્રિક મૂલ્ય નથી. આ પછી એ વાતમાં શું નવાઇ કે માર્કસવિચારે સૌથી ઊંડાં મૂળિયાં જર્મનીમાં નાંખ્યાં. આ પછી સમય અને કાળને અતિક્રમી જતા (transcend) સદા હયાત આર્થિક પ્રશ્નોને જોઇ શકવાની દૃષ્ટિ જ આ વિચારમાળખામાં રહી નહીં. કાર્લ માર્કસે સમાજવાદી વ્યવસ્થામાં અર્થવ્યવસ્થાના સ્વરૂપના પ્રશ્નોને હંમેશા 'યુટોપીયન' કહીને ધુત્કારી કાઢયા અથવા હાંસી ઉડાવી. લાંબા સમય સુધી માર્કસના પ્રભુત્વ હેઠળના સમાજવાદી વિચારકો આર્થિક પ્રશ્નના નક્કર અસ્તિત્વને અવગણી શકયા. પરંતુ બધા જ

વિચારકો તેમ કરવા તૈયાર ના હતા. તેમણે કૂણું વલણ લીધું અને તેનો કાર્યક્રમ જાહેર કર્યો કે ઉત્પાદનનાં બધાં જ સાધનો ઉપર સામૂહિક કેંદ્રિત અધિકારો સ્થપાશે, ખાનગી મૂડીને નાબૂદ કરવામાં આવશે તેમજ ઉત્પાદનનાં બધાં જ સાધનોનો વિનિયોગ કરવા કેંદ્રિત આયોજનમંડળ સ્થપાશે. પરંતુ ઉપભોકતાઓ (consumers)ને વસ્તુઓની પસંદગી કરવાની સ્વતંત્રતા કાયમ રહેશે તે જ રીતે કામની પસંદગીનો અધિકાર પણ કાયમ રહેશે. આ વિચાર સોશિયલ ડેમોક્રસી તરીકે જાણીતો બન્યો અને બહોળી સ્વીકૃતિ પામ્યો. ઉત્પાદનનાં બધાં જ સાધનો ઉપર સંપૂર્ણ નિયંત્રણો ધરાવતો, બધા જ પ્રકારની વ્યક્તિગત પસંદગીઓને બુઝવા ગણીને તિરસ્કારતો અને નકારતો જલદ માર્કસવાદી કાર્યક્રમ ૧૯૧૭ની બોલ્શેવિક ક્રાંતિ પછી રશિયામાં સંપૂર્ણપણે અમલી બનાવાયો અને લેનીન-સ્ટાલીનના સંપૂર્ણ સત્તાવાદનું ખતરનાક સ્વરૂપ પામ્યો.

૨૦મી સદીનો સૌથી સ્વીકાર્ય સમાજવાદી કાર્યક્રમ સોશિયલ ડેમોક્રસીનો બન્યો. સામાન્ય રીતે સંકુલ સમાજ (complex society)માં વ્યક્તિઓ પોતપોતાના હેતુઓ અને મૂલ્યોના જુદા જુદા સ્કેલોને સિદ્ધ કરવા મથે છે. આવા અગણિત સ્કેલોને સાધવાના પ્રયત્નોને એક બીજા સાથે એકતાલ (adjust) કરવાના સમન્વયનું કાર્ય બજારકિંમતો કરે છે. એક જ સામાન્ય સહિયારા સ્કેલનો સમાજવાદી વિચાર સ્વીકારી પણ લઇએ તો પણ તે સમાજ માટે એ સવાલો ઊભા જ રહેવાના કે શું અને કેટલું ઉત્પાદન કરવું? કઇ રીતે કરવું? કઇ મેળવણી (combination) સૌથી કાર્યક્ષમ અને ઉપયોગી ? ઉત્પાદનની વહેંચણી કેવી રીતે કરવી? આ સવાલોના ઉકેલોમાં વેતન, ભાડું, વ્યાજના દરના સ્વરૂપમાં કિંમતોનો પ્રશ્ન સામે આવીને ઊભો જ રહે. સમાજવાદી વિચારકોએ કયાંય સુધી પાયાના આ નક્કર સવાલોને જોવા-સ્વીકારવાનો ઇન્કાર કર્યો. આ સમાજવાદીઓએ ઉત્પાદનનાં સાધનો ઉપરના ખાનગી માલિકીના હક્કો નાબૂદ કરવા તો ઇચ્છયા જ, તેમની ઇચ્છા તો નાણાં (money) અને કિંમતોને પણ નાબૂદ કરવાની હતી. તેઓ એમ માનીને જ ચાલ્યા કે સમાજવાદી સમાજરચના ઊભી કરવા કાંઇ વ્યવહારુ, નક્કર નીતિ વિશે વિચારવાની કોઇ જ જરૂર નથી. ક્રાંતિ થઇ જશે; ખાનગી માલિકી, નાણાં વગેરે નાબૂદ થશે એટલે આખો સંદર્ભ જ બદલાઇ જશે અને નવો જ મનુષ્ય આવી જશે, બધા જ સંપીને રહેશે અને સરખું વહેંચીને ખાશે.

૧૯૦૨માં પ્રખર જર્મન માર્કસવાદી કોટસ્કીએ મૌન તોડયું. એક પ્રવચનમાં તેણે સામ્યવાદી ક્રાંતિ પછીની સમાજરચનાની રૂપરેખા આપવાની કોશિશ કરી. આ પ્રવચને એ પુરવાર કરી આપ્યું કે કોટસ્કી જેવા પ્રખર ચિંતકને ખ્યાલ સુધ્ધાં ના હતો કે ક્રાંતિ બાદના સમાજની સામે કયા આર્થિક પ્રશ્નો (Economic Problems) ઊભા થવાના હતા. જો સામ્યવાદી અર્થવ્યવસ્થામાંથી નાણાં અને બજારકિંમતોને દેશવટો આપવાનો હોય તો ચીજવસ્તુનું મૂલ્ય કેવી રીતે નકકી કરાશે? આનો પ્રતીતિજનક જવાબ શોધ્યો જડતો ના હતો. સામ્યવાદી સમાજને પણ કિંમતોનો પ્રશ્ન હલ કરવાનો જ હતો.

## પ્રથમ વિશ્વયુદ્ધ - પ્રથમ સમાજવાદી પ્રયોગો - સમાજવાદી વ્યવસ્થામાં આર્થિક ગણતરીઓ અશકય

૧૯૧૪-૧૮નું પ્રથમ વિશ્વયુદ્ધ પૂરું થયું. ઓસ્ટ્રીયો-હંગેરીયન સામ્રાજ્ય તૂટયું. મધ્ય અને પૂર્વયુરોપનાં નવોદિત રાજ્યોમાં સમાજવાદી પક્ષો સત્તા ઉપર આવ્યા. વિજયી સમાજવાદી પક્ષોની સામે સમાજવાદી રાહે ઉત્પાદનની વ્યવસ્થા ગોઠવવાના સવાલો ઊભા થઇ ગયા. યુદ્ધ સમયે મર્યાદિત પ્રકારના ઉત્પાદન અને વિતરણની એકહથ્થુ અર્થવ્યવસ્થા ગોઠવાઇ હતી, તેનાથી બધા પરિચિત અને પ્રભાવિત હતા. આ યુદ્ધ અર્થવ્યવસ્થા બધાનાં મનમાં વસી ગઇ હતી. તેના પ્રમાણે બધું ગોઠવવાનો પ્રયાસ જર્મની અને ઓસ્ટ્રીયામાં થયો. પરંતુ શાંતિના સમયમાં મર્યાદિત પ્રકારના ઉત્પાદનની તરાહ પકડી રાખી શકાય નહીં. પ્રશ્નોની એક હારમાળા ઊભી થઇ ગઇ, તેના કારણે જર્મનીમાં, ખાસ કરીને ઓસ્ટ્રીયામાં એક જીવંત ચર્ચા ઊભી થઇ ગઇ. કિંમતોના પ્રશ્નને કોઇપણ હિસાબે ટાળવા માંગતા સમાજવાદીઓ છેવટે ૧૯૧૯માં એ વિચાર ઉપર પહોંચ્યા કે નાણાંના માધ્યમ દ્વારા વિનિમયની વ્યવસ્થાના સ્થાને સાટાપદ્ધતિ (exchange in kind)નો ઉપયોગ કરીને માંગ અને પુરવઠાને પહોંચી વળવાની ગણતરીઓ માંડી શકાય. આમ કરવા જતાં વળી બીજા જ જટિલ પ્રશ્નોની ભરમાર ઊભી થઇ ગઇ. છેવટે ૧૯૨૦માં ફ્રેડરીક હાયેકના શિક્ષક ઓસ્ટ્રીયન અર્થશાસ્ત્રી લુડવીગ વોન માઇઝીસે (૧૮૮૧-૧૯૭૩) સમાજવાદી અર્થવ્યવસ્થાના હાર્દમાં બેઠેલા હઠીલા કોયડાની એવી તો ચોટદાર માંડણી કરી કે ત્યાર પછી આર્થિક પ્રશ્નને ઉવેખવાનું કોઇને પણ માટે અઘરું બની ગયું. ''Economic Calculation in a Socialist Community'' નામના એક મશહૂર લેખમાં અને ત્યાર પછી ૧૯૨૨માં ''Socialism'' નામના પુસ્તકમાં બતાવ્યું કે બજાર-અર્થવ્યવસ્થામાં રેશનલ ગણતરીઓ માંડી શકાય છે કારણ કે કિંમતોને નાણાંનાં સ્વરૂપમાં મૂકવામાં આવે છે, આ રીતે ગણતરીઓ કરી શકાય તેમ છે. આ પહેલાં કોઇએ બતાવ્યું ના હોય તેટલા ઊંડાણ અને વિગતથી પ્રો. માઇઝીસે સમજાવ્યું કે પ્રાપ્ત સંસાધનોનો કરકસરયુકત ઉપયોગ (economic use) એ જ કારણસર શકય છે કે કિંમતો ફકત ઉત્પાદનની આખરી કડી વપરાશની ચીજવસ્તુઓ ઉપર જ મુકાતી નથી. ઉત્પાદનમાં ઉપયોગમાં લેવાયેલી બીજી વચગાળાની ચીજો અને ઉત્પાદનનાં સાધનોની સ્પર્ધાત્મક બજારમાં નકકી થયેલી

કિંમતોને પણ સંપૂર્ણપણે લક્ષમાં લેવામાં આવે છે. નાણાંના સર્વસામાન્ય માધ્યમમાં મુકાતી બજારકિંમતો અનિવાર્ય છે. માઇઝીસે જે મુદ્દો ઉપસાવ્યો લગભગ તેવો જ મુદ્દો પ્રસિદ્ધ જર્મન સમાજવિજ્ઞાની મેક્સ વેબરે બીજા દૃષ્ટિબિંદુથી વિકસાવ્યો. માઇઝીસની થિસિસ તોડવા સમાજવાદી ચિંતકો ખૂબ મથ્યા પણ કોઇ કારી માફક ના આવી.

સમાજવાદી વિચારનું મુખ્ય ધ્યેય શું હતું? મુખ્ય ધ્યેય એ હતું કે મૂડીવાદી બજારની નફા પાછળની દોટની ''અરાજક અર્થવ્યવસ્થામાં સર્જાતા બગાડ અને બિનકાર્યક્ષમ'' ઉત્પાદનના સ્થાને વધુ કાર્યક્ષમ અને વિપુલ ઉત્પાદન બુદ્ધિપૂર્વકના આયોજન દ્વારા સિદ્ધ કરવું અને તેનું સામાજિક ન્યાયની સાથે સુસંગત વિતરણ કરવું. સમાજવાદનું ધ્યેય ખરેખર તો વિપુલ ઉત્પાદન અને તેના ન્યાયી વિતરણનું હતું. કિંમતોનો માઇઝીસ કથિત પ્રશ્ન જ્યારે દીઠો - અણદીઠો કરી ના શકાયો ત્યારે એક વાત ધીમે ધીમે સ્વીકારાવા માંડી કે સમાજવાદનાં બંને ધ્યેયો - વિપુલ ઉત્પાદન અને ન્યાયી વિતરણ કદાચ સાધી ના શકાય. ત્યારે પ્રતિક્રિયા એવી જન્મી કે જો રેશનલ ગણતરીઓ માંડી ના શકાય અને ઉત્પાદનની કાર્યક્ષમતા ઘટે, સામાન્ય સંપત્તિમાં ઘટાડો નોંધાય તો તેનો સ્વીકાર કરી લેવામાં કાંઇ બહુ મોટી કિંમત ચૂકવવાની થતી નથી, કારણ કે જે પણ સંપત્તિ સર્જાય છે તેનું વધારે ન્યાયી વિતરણ પણ જો ગોઠવી શકાય તો તે ઉપલબ્ધિ વધારે મહત્ત્વની ગણાવી જોઇએ. વિપુલ ઉત્પાદન, સામાજિક ન્યાય અને અભૂતપૂર્વ સ્વતંત્રતાના ત્રિવિધ વાયદાના કારણે તો સમાજવાદનું જબરજસ્ત ખેંચાણ હતું. વિપુલ ઉત્પાદન બહાર કાઢી લેવાય તો સ્વતંત્રતાને રૂંધવી જ પડે. પછી તો ખંડિત સોણલું જ હાથમાં રહે. ચુસ્ત આદર્શવાદીઓ આ સ્વીકારવા તૈયાર થાય પણ પ્રજાની બહુમતી તૈયાર થાય? કે પછી રાજ્યની દંડશકિતનો અમર્યાદ ઉપયોગ કરીને બળજબરીથી આ થોપવાનું થાય ?

માઇઝીસની થિસિસ સામે બીજી પ્રતિક્રિયા એવી જન્મી કે જે પ્રકારનો સમાજવાદ માઇઝીસનું નિશાન બનેલો છે તેને માટે તે સાચું હશે પરંતુ તે જ સમાજવાદનું એક માત્ર મોડેલ હોય તે જરૂરી નથી. બીજાં મોડેલ હોઇ શકે જેને આ આલોચના લાગુ ના પડે.

### માઇઝીસ - હાયેક વિરુદ્ધ લેન્ગે - લર્નર

છેવટે માઇઝીસ સામે ૧૯૩૬-૧૯૩૭માં મેદાનમાં ઊતર્યા ઓસ્કાર લેન્ગે અને આબા લર્નર. તેમની મુખ્ય થિસિસ એ જ હતી કે બજારમાં નિશ્ચિત થયેલી કિંમતો વગર પણ ઉત્પાદન માટે જરૂરી ગણતરી મૂકી શકાય. આયોજનમંડળ મનસ્વી રીતે સંસાધનોની ''કિંમતો'' જાહેર કરી દઇ શકે. પછી જાહેર સાહસોના મેનેજરો આ ''કિંમતો''નો ઉપયોગ કરીને સંસાધનોને ઉત્પાદનની પ્રક્રિયામાં પ્રયોજી શકે. જો સંસાધનોનો ભરાવો થાય તો ''કિંમતો'' ઓછી કરી શકાય અને જો અછત સર્જાય તો તે વધારી શકાય. આમ, વ્યવહારમાં અનુભવે નાના-મોટા ફેરફારો કરીને કિંમતો મેળવી શકાય જે કાર્યક્ષમ ઉત્પાદન સિદ્ધ કરે. વળી લેન્ગે-લર્નરે દાવો પણ કર્યો કે આ યોજના પાછળનો તર્ક તેઓએ સીધો જ બજારકિંમતોની ત્યારે પ્રચલિત થિયરીઓમાંથી મેળવ્યો હતો !

માઇઝીસ-હાયેક ચોંકી ઊઠયા કે બજારવ્યવસ્થાની કિંમતોનો ઉપયોગ અને અર્થઘટન આવું ઊંધા માથાનું પણ કરી શકાયું છે. બજારકિંમતોની તેમની સમજ પ્રમાણે લેન્ગે-લર્નરના તર્કને તેમાં કોઇ સ્થાન ન હતું. લેન્ગે-લર્નર વસ્તુતઃ કુલ માંગ અને પુરવઠા (supply & demand) વચ્ચે છેવટે સ્થપાતા સંતુલનમાં (equilibrium) કિંમતો શોધતા હતા. જ્યારે મેન્જરના આ બે અનુયાયીઓના મતે સંતુલનબિંદુએ પહોંચી ચૂકેલા માંગ અને પુરવઠાના આંકડા કોઇને પણ સીધા પ્રાપ્ત હોઈ શકે નહીં. તે વગર કિંમતોના આંકડા કેવી રીતે મળે? જે તે સમય - સ્થળની કુલ માંગ - પુરવઠો અને કિંમતો તો સમાજવ્યાપી લાખો-કરોડો વ્યક્તિગત વિનિમયોની પ્રક્રિયાની નીપજો હતી. આવી માઈક્રો ઈકોનોમિક પ્રક્રિયા વગર આ આંકડા મળે જ નહીં. આંકડા મેક્રો ઈકોનોમિક સપાટીએ ભલે પ્રમાણમાં સ્થાઇ દેખાતા હોય, પરંતુ માઈક્રો ઈકોનોમિક પ્રક્રિયા ઉપર અવલંબિત હોવાથી ગમે ત્યારે ગમે તે દિશામાં, ગમે તે પ્રમાણમાં બદલાઈ પણ શકે. મેન્જરે કુલ જથ્થાના આંકડાઓને ગાણિતિક માવજત આપીને આગાહીઓ કરવા માંગનારાઓને વારંવાર ચેતવ્યા જ હતા કે આ વ્યાયામ વ્યર્થ છે અને ગેરમાર્ગે દોરનારો છે.

### મેન્જર વિરુદ્ધ વોલરા

મેન્જરની થિયરીમાં ભલે લેન્ગે-લર્નરની કિંમતોની થિયરી બંધબેસતી ના આવતી હોય, પરંતુ તેમના દાવામાં કોઇ તથ્ય હતું? આ ધડાકો થયો ત્યાં સુધી માઇઝીસ - હાયેક એમ માનીને જ ચાલતા હતા કે ૧૮૭૦ની આસપાસ સીમાંત તુષ્ટિગુણ (marginal utility)ના પાયા ઉપર મુકાયેલી બજાર-કિંમતોની થિયરીના ત્રણેય પ્રણેતાઓ -ઓસ્ટ્રીયન મેન્જર, ઇંગ્લીશ માર્શલ (અને જેવન્સ) અને ફ્રેન્ચ વોલરા પ્રેરિત ત્રણ વિચારધારાઓ વચ્ચે કોઇ મૂળભૂત મતભેદો હતા નહીં. છેક ૧૯૩૦ સુધી તો થિયરી એ જ હતી કે બજારમાં માંગ કરનારાઓ અને પુરવઠો આપનારાઓના અગણિત પ્રયત્નોનો સમન્વય બજારકિંમતો કરતી હતી. થોડા સમય માટે આ ત્રણેય ધારાઓને સમાવી લેતી થિયરીને નીઓ-કલાસિકલ અર્થશાસ્ત્ર (પ્રશિષ્ટ અર્થશાસ્ત્ર)નું નામ પણ અપાયું. આ

થિયરીનો કેંદ્રવર્તી વિચાર એ હતો કે દરેક બજારમાં કિંમતો એ સપાટીએ પહોંચવાની કોશિશ કરતી હતી, જ્યાં માંગ અને પુરવઠો સમાન બની જાય. કિંમતોના એક બિંદુએ એકબીજાને છેદતા માંગ-પુરવઠાના સાદા આલેખોની કાતર અર્થશાસ્ત્રનાં પ્રાથમિક પુસ્તકોમાં આજે પણ માનભર્યું સ્થાન મેળવે છે. આકૃતિ જોતાં જ સમજાઇ જાય છે કે કિંમતો ઘણી ઊંચી હોય તો માલ વેચાતો નથી, કિંમતો ઘટે છે અને તેથી ઊલટું કિંમતો ઘણી ઓછી હોય તો ખરીદનારાઓ વધી જાય છે, પરિણામે કિંમતો વધી જાય છે. માંગ-પુરવઠાના એક બિંદુએ બજારમાં માંગ-પુરવઠાનો નિકાલ (clearing of market) થઇ જાય છે અને એક સમતુલા સ્થપાઇ જાય છે. બજારોમાં હંમેશા કિંમતોને નિયંત્રિત કરતી આ નિયમિતતા જોવા મળે છે. માંગ-પુરવઠાની કાતર કિંમતોની વધઘટને ગુણાત્મક (qualitative) રીતે સમજવામાં ઘણી ઉપયોગી છે. પરંતુ વ્યવહારમાં આ બે આલેખોના સ્થાન નકકી કરવાનું કે બજારમાં માંગ-પુરવઠાનો નિકાલ (market clearing) કરતી કિંમતોનું બિંદુ નકકી કરવાનું લગભગ અશકય હોય છે. દરેક ઉત્પાદક માટે આ રોજનો પડકાર છે. ઉત્પાદનના જુદા જુદા તબક્કે ઉપયોગમાં લેવાતા માલ અને સંસાધનોના કિસ્સામાં આ જ નિયમિતતા જોવા મળી. બજારની ઘટનાઓ વ્યવસ્થિત રીતે બજારમાં ભાગ લેતી દરેક વ્યક્તિની પસંદગીઓને દર્શાવે છે. નીઓકલાસિકલ અર્થશાસ્ત્રની ત્રણેય ધારાઓ એ બાબતમાં એકબીજા સાથે સહમત હતી કે જુદી જુદી ચીજ-વસ્તુઓનાં બજારોના અભ્યાસ દરમિયાન જો બજારની પાયાની ''આર્થિક રચના'' એટલે કે માંગ-પુરવઠા અને કિંમતોના ત્રણ જ મુદ્દા ઉપર ધ્યાન કેંન્દ્રિત કરીએ અને બજારમાં જોવા મળતી બીજી સંસ્થાકીય આકસ્મિક વિગતોને બાકાત કરીએ તો વૈજ્ઞાનિક દષ્ટિએ તે ઘણું ફળદાયી નીવડે છે. એક વખત આ ત્રણ મુદ્દાઓ ઉપર જ બધું ધ્યાન કેન્દ્રિત થયું, નિયમિતતા સાર્વત્રિક રીતે જોવાની મળી પછી જર્મન હીસ્ટોરિકલ સ્કૂલનો થિયરી સામેનો વિરોધ શમી ગયો અને સ્કૂલ ભુલાઇ ગઇ. સ્કૂલને પરાસ્ત કરવામાં ત્રણેય ધારાઓ એકબીજાને સહકાર આપતી હતી. પરંતુ આ દરમિયાન તેમની વચ્ચે તિરાડો પડી રહી હતી તે વિશે લગભગ કોઇ જ સભાન ના હતું. માઇઝીસે તો છેક ૧૯૩૨માં કહી દીધેલું કે ''અર્વાચીન અર્થશાસ્ત્રની થિયરીઓને અલગ પાડનાર કાંઇ હોય તો તે શૈલી અને ભાષા, તે સિવાય કાંઇ નહીં.'' પરંતુ તે પછી તરત જ સ્પષ્ટ થઇ ગયું કે માર્શલ-વોલરાની ધારાઓ એકબીજામાં ભળી જઈને પોતાની સાવ આગવી કિંમતોની થિયરીને વિકસાવી રહી હતી. જ્યારે મેન્જેરીયન થિયરી જુદી રાહે આગળ વધી રહી હતી. બંને વચ્ચે પાયાના તફાવતો ઊભરી રહ્યા હતા. સાંકડા પાયા ઉપર રચાયેલી માર્શલ-વોલરાની થિયરી જ પછી તો મુખ્ય ધારાની નીઓકલાસિકલ થિયરી કહેવાઈ. જ્યારે મેન્જર ધારા ઓસ્ટ્રીયન સ્કૂલ તરીકે ઓળખાઈ.

લેન્ગે-લર્નરે સમાજવાદી અર્થવ્યવસ્થામાં બજારકિંમતોના સ્થાને ગણતરી માટે જે મૂલ્યનો ઉપયોગ કરવાનું નક્કી કર્યુ તે માર્શલ-વોલરાની મુખ્ય ધારાની થિયરીનો આબાદ પડઘો પાડતું હતું.

### વોલરા - સંપૂર્ણ સ્પર્ધાનું (Perfect Competition) બજાર - સામાન્ય સંતુલન (General Equilibrium) - સમગ્રલક્ષી થિયરી (Macro Economic Theory)

ગણિતમાં નિપુણ વોલરાએ સ્વતંત્ર રીતે સીમાંત તુષ્ટિગુણનો સિદ્ધાંત અને તેની સાથેનો બજારકિંમતનો સંબંધ શોધ્યો. ગણિતશાસ્ત્રી કોરનોટ (courtot)ની તેના ઉપર પ્રબળ અસર હતી. કોરનોટની અસર નીચે તે ધીમે ધીમે તુષ્ટિગુણના સિદ્ધાંતમાં રહેલી કિંમતો અને બજારમાં સધાતી માંગ-પુરવઠાની સમતુલાનું ગાણિતિક સંયોજન કરતી થિયરી તરફ ઢળ્યો. પણ આ સંયોજન કરવાનું સહેલું ના હતું.

વ્યક્તિની પાસે બીજાને આપી શકાય તેવો ચીજ-વસ્તુનો વધારાનો જથ્થો અને સીમાંત તુષ્ટિગુણોને સરખા કરવાની તેની ઇચ્છા તેને વિનિયમ (exchange) કરવા પ્રેરે છે. આ બે પ્રકારની વ્યક્તિગત માહિતીમાંથી તે વ્યક્તિને તેના પૂરતો નિશ્ચિત (determinate) માંગ અને પુરવઠો મળે છે. આ તથ્યને માંગ અને પુરવઠાના આલેખોના સ્વરૂપમાં અને વિધેયક સમીકરણો (functional equations)ના સ્વરૂપમાં મૂકી શકાય છે. સ્પર્ધાત્મક બજારમાં કિંમતો એવી હોય જેથી માંગ અને પુરવઠો સમાન થાય ત્યારે સંતુલન સર્જાય છે. વળી સ્પર્ધાત્મક બજારમાં જ આવી કિંમતો નક્કી થાય છે. માંગ અને પુરવઠાનું એકબીજા ઉપરનું અવલંબન આમાંથી ફલિત થાય છે. કોઈ પણ બજાર-વ્યવસ્થામાં દરેક ચીજ-વસ્તુનું પોતાનું આગવું બજાર હોય છે. આવા દરેક બજારમાં જો મુક્ત સ્પર્ધા હોય તો ચીજની કિંમતો, માંગ અને પુરવઠો એક સંતુલન ઉપર પહોંચતા હોય છે. દરેકનું વિધેયક સમીકરણ રચી શકાય. દરેક બજારમાં નિશ્ચિત થતાં બધાં જ સમીકરણોને ભેગાં કરીને યુગપદ સમીકરણો (simultaneous equations) માંડીએ તો સૈદ્ધાંતિક રીતે આ સમીકરણોનો ઉકેલ બધાં જ બજારો વચ્ચેનું એક સામાન્ય વિનિમય સંતુલન (general exchange equilibrium) દર્શાવે. યુગપદ સમીકરણોના ઉકેલથી વોલરા એવી સ્થિતિ દર્શાવવા માંગતો હતો કે એક બજારમાં માંગ અને પુરવઠામાં કોઈ ફેરફારો થાય તો તેની અસરો બીજાં બજારો ઉપર પણ પડે અને કિંમતોમાં તે પ્રમાણે ફેરફાર થાય, જેથી સમગ્ર બજારમાં સામાન્ય સંતુલન (general equilibrium) બનેલું રહે. પણ આવા સામાન્ય આંતરસંબંધોને સિદ્ધ કરવામાં તેણે આ બધા જ સાથે સંબંધ ધરાવતી સીમાંત તુષ્ટિગુણની કડી નબળી કરી નાંખી -

કિંમતોના ઉદ્ભવસ્થાન સમા વ્યક્તિલક્ષી મૂલ્યાંકન (subjective valuation)ને ત્યજી દીધું.

તેના અનુયાયીઓએ વધુ પ્રચુર અને જટિલ ગણિતનો ઉપયોગ કરીને સામાન્ય સંતુલનના તેના પ્રમેયને વધુ વિકસાવી, તેને નૂતન સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર (neo-macro economics)ના પાયામાં મૂકયો. ટૂંકમાં એમ કહેવાય કે જો અમુક પૂર્વશરતોનું પાલન થાય તો બજારમાં ગમે તેટલા પ્રકારના પુરવઠા કે માંગો હોય પણ કિંમતોનો એક ચોકકસ સેટ મળે જ જે બધી જ માંગો અને પુરવઠાઓ વચ્ચે સંતુલન સાધતો હોય. સૈદ્ધાંતિક રીતે યુગપદ સમીકરણોનો ઉકેલ મળે તો સંતુલિત કિંમતો પણ મળે જ. પરંતુ આ મેળવવા માટે બજારનું સાર્વત્રિક સંતુલન હોવું જરૂરી છે. આવું સંતુલન સૈદ્ધાંતિક રીતે સંપૂર્ણ સ્પર્ધા (perfect competition) વાળા બજારમાં સધાય છે. કિંમતોના પ્રશ્નનો ઉકેલ સંતુલિત બજારની વિશિષ્ટ ગાણિતિક રચનામાં શોધવાની વોલરાની થિયરીમાં બહુ જ મહત્ત્વની વિભાવના છે તેની પૂર્વશરતો, જેને સંપૂર્ણ સ્પર્ધાની શરતો કહેવામાં આવી છે.

### સંપૂર્ણ સ્પર્ધાની શરતો

- સંપૂર્ણ સ્પર્ધાની લાક્ષણિકતા ધરાવતા માર્કેટની આ વિશિષ્ટ થિયરીમાં એ નિહિત છે કે બજારમાં કોઈ પણ માંગ કે પુરવઠાનો નિકાલ કરતી કિંમતો (market clearing prices) વીજળીવેગે, તત્ક્ષણ સ્થપાઈ જાય છે.

- દરેક માલનું બજાર, બીજા માલનાં બજારો સાથે પણ તત્ક્ષણ સંતુલન સાધી લે છે. આના કારણે સમગ્ર બૃહદ્ બજારમાં કિંમતોનું સંતુલન સ્થપાઈ જાય છે.

### સંપૂર્ણ સ્પર્ધાની શરતો નીચે મુજબ છે :

૧. બજારમાં બહુ મોટી સંખ્યામાં ખરીદનારા અને વેચનારાઓ હોવા જોઈએ. કોઈ પણ એટલું મોટું હોવું ના જોઈએ જેથી તે કિંમતો ઉપર અસરો કરી શકે. આવા સંજોગોમાં ઉત્પાદકનું સીમાંત વળતર (marginal revenue), ઉત્પાદક સીમાંત ખર્ચ (marginal cost) અને કિંમતો (prices) ત્રણેય એકસરખાં હોવાં જોઈએ.

૨. કોઈપણ વેચાતો માલ એકસરખો જ (Homogenous) હોવો જોઈએ તેથી કોઈપણ ખરીદનારને ખાસ પસંદ કરવાનું રહે નહીં.

૩. દરેક માલની કિંમત અને ગુણવત્તાનું સંપૂર્ણ જ્ઞાન ઉપભોકતાઓ અને વેચનારાઓને હોવું જોઈએ.

૪. બજારમાં દાખલ થવાની કે નીકળી જવાની સંપૂર્ણ સ્વતંત્રતા હોવી જોઈએ. દાખલ થવા કે નીકળી જવા કોઈ કિંમત ચૂકવવાની થવી ના જોઈએ.

વોલરાનાં માંગ-પુરવઠાનાં યુગપદ સમીકરણો, તેના ઉકેલમાં નિહિત (intrinsic) સંતુલિત બજારનો વિચાર અને તે દ્વારા સૈદ્ધાંતિક રીતે સમગ્ર બજારની ગતિવિધિઓને ગાણિતિક મોડેલ્સમાં જકડી લેવાની કલ્પના માત્રથી તેજસ્વી સમાજવાદી બૌદ્ધિકો ઉત્તેજિત થઈ ગયા. અર્થવિજ્ઞાનને ભૌતિક વિજ્ઞાનની લગોલગ મૂકી શકવાની શકયતાએ ગાણિતજ્ઞ અર્થશાસ્ત્રીઓનું તેના તરફનું આકર્ષણ ખૂબ વધારી દીધું. ચોકકસ આગાહીઓ હાથવેંતમાં લાગી. વળી, આ મોડેલે તેની રચનામાંથી વ્યક્તિગત તુષ્ટિગુણને લગભગ બાદ કરી નાંખતા કિંમતોની થિયરીમાં આંખમાં કણાની જેમ ખૂંચતા વ્યક્તિસાપેક્ષ (subjective) પરિમાણને પણ બાદ કરી દેવાયું. સુડોળ, આકર્ષક અને સ્વતંત્ર દેખાતા ગાણિતિક મોડેલની પકડ તો જોરદાર હતી પરંતુ વાસ્તવિકતા સાથેનો તેનો સંબંધ પણ નહીંવત્ હતો, તે વાત લગભગ ચુકાઈ ગઈ.

સંપૂર્ણ સ્પર્ધાની શરતોના અમલથી સમગ્ર બજારમાં સધાતા સામાન્ય સંતુલનનો વિચાર એક વાત થઈ, પરંતુ વાસ્તવમાં આ સંતુલન સ્થપાઈ ગયું છે તેમ માની લઈને તેના ધોરણે બજારનાં પરિણામોને મૂલવવાં તે સાવ જ જુદી વાત થઈ. બહુ બહુ તો ''સંતુલિત બજાર''ના વિચારને અને તેમાં સ્થપાતી કિંમતોને એક આખરી મુકામ કે ધ્યેય તરીકે મૂકી શકાય, જ્યાં એક લાંબી પ્રક્રિયા દ્વારા પહોંચવાનું હોય. કોઈ પણ વાસ્તવિક બજારમાં આ પ્રક્રિયા વધતા ઓછા પ્રમાણમાં આગળ વધી રહી હોય છે, કિંમતો સતત બદલાતી રહેતી હોય છે. સ્પર્ધાની સ્થિતિ સાહસિકોને (Entrepreneurs) વાસ્તવિક બજારના માંગ-પુરવઠાની ત્રુટિઓ અને ભૂલોની સતત ખોજ તરફ પ્રેરે છે. આ ત્રુટિઓ જેમ સુધરતી જાય છે તેમ ચીજોની કિંમતો એકબીજાની નજીક આવતી જાય છે ( convergence of prices) અને વ્યક્તિગત પ્રયત્નો વચ્ચે વધુ ને વધુ સમન્વય સધાતો જાય છે. સંપૂર્ણ સ્પર્ધાનો વિચાર આ સમાજવ્યાપી પ્રક્રિયાને સાવ અવગણે છે. આ પ્રક્રિયા શું છે, કેવી રીતે આગળ વધે છે અને convergence સાધે છે તે વિશે તેને કાંઈ જ કહેવાનું નથી. થિયરી પ્રમાણે જાણે કોઈ રીતે આ પ્રક્રિયા થઈ જાય છે અને તેના અંતિમ પરિણામ ઉપર પહોંચી જવાય છે. અંતિમ પરિણામ જાણે કે મળી ગયું છે એવું ધારી લેવામાં વાસ્તવિકતા સાથેનો સંબંધ તૂટી જાય છે. વધુ આગળ જઇએ તો ભૂલ અને તેના

નિવારણ માટેની ખોજની આ ગતિશીલ પ્રક્રિયાનો કોઈ ચોકકસ અંત જ નથી, તે જાણે કે અંતિમ મુકામ તરફ જતી લાગે છે, પરંતુ આખરી મુકામ આવતો જ નથી. મુકામે પહોંચે તે પહેલાં તો નવા નવા સાહસિકો મુક્ત સ્પર્ધાના કારણે દાખલ થાય છે અને આખરી મુકામની નેમને જ બદલી નાંખે છે; મુકામ ક્ષિતિજની જેમ સતત પાછળ ને પાછળ હટતો જાય છે.

સંપૂર્ણ સ્પર્ધાના સંતુલિત બજારમાં આખરી કિંમતો એક બિંદુએ સ્થિર થાય છે. કિંમતોમાં કોઈ ફેરફારો કરી શકતું નથી, કિંમતો અચળ (parametric prices) હોય છે અને તેનો સ્વીકાર કરીને જ દરેક ઉપભોકતા અને ઉત્પાદકે ચાલવાનું હોય છે. આ તો સંપૂર્ણ સ્પર્ધાની શરતોમાંની એક મહત્ત્વની શરત છે. સંપૂર્ણ સ્પર્ધાના બજારમાં કોઈ પણ વ્યક્તિને હકીકતમાં પસંદગી કરવાની રહેતી નથી કારણ કે તેના બંધ તર્ક માળખામાં પસંદગીઓ તાર્કિક રીતે જ નિહિત હોય છે. સાહસિકતા (entrepreneurship)નો વિચાર પણ મુખ્ય ધારાની નીઓકલાસિકલ ધારામાં કરી શકાય તેમ નથી. સંપૂર્ણ સ્પર્ધાની એ જરૂરિયાત કે દરેક ભાગ લેનારને માલ અંગેનું, તેની કિંમત અંગેનું તત્ક્ષણ અને સંપૂર્ણ જ્ઞાન હોય છે તે તો વળી વાસ્તવિકતાથી જોજનો દૂર છે. છેલ્લી, ચોથી શરતને છોડતાં બાકીની બધી જ શરતોનું પાલન થઈ શકતું નથી. પરિણામે વાસ્તવિક બજારમાં જોવા મળતાં પરિણામો અને શરતોના ''અમલવાળા આદર્શ બજાર''નાં પરિણામો વચ્ચેની ખાઈ આંખે ઊડીને વળગે છે.

આ કારણે ''સંપૂર્ણ સ્પર્ધાના બજાર''ની થિયરીને બહુ આસાનીથી ખામીભરેલી, વિસંગતિપૂર્ણ ઠેરવી શકાય છે. અપૂર્ણ બજાર (imperfect market) સાબિત કરવું એ ડાબા હાથનો ખેલ બની જાય છે. મુકત બજારના વિરોધીઓને મુકત બજાર અપૂર્ણ છે તે સાબિત કરવા બહુ લાંબું જવું પડતું નથી કે ખાસ મહેનત કરવી પડતી નથી. વાસ્તવિક બજારમાં જોવા મળતી અસંખ્ય ઘટનાઓ ઉપર આંગળી મૂકીને પુરવાર કરી શકાય છે કે સંપૂર્ણ સ્પર્ધાની કોઈ ને કોઈ શરતનું ઉલ્લંઘન થાય છે. પરિણામ? ''મુકત બજાર છે જ નહીં''નો વિજયી ટંકાર! પછી સંપૂર્ણ બજારને સુધારવા માટે સહેલાઈથી રાજ્યની દરમિયાનગીરી અને હસ્તક્ષેપને વાજબી ઠેરવી શકાય છે. રાજ્યના અંકુશોની માંગણીનો વિરોધ કરવો લગભગ અશકય બની જાય છે.

સંતુલન તરફ લઈ જતી પ્રક્રિયા કેવી રીતે ચાલે છે, તેનાં ચાલક બળો કયાં છે, તેમાં ભાગ લેતી વ્યક્તિઓ શું ભાગ ભજવે છે તેની સમજ વિકસાવવી જરૂરી હતી અને અપેક્ષિત હતી. જેથી મુક્ત સ્પર્ધામાં રહી જતી કે પ્રવેશતી ત્રુટીઓને શોધી શકાય અને તેનું નિવારણ થઈ શકે. પરંતુ સંપૂર્ણ સ્પર્ધા જાણે કે વાસ્તવમાં સ્થપાઈ જ ગઈ છે, સંતુલન આવી ગયું છે તેમ માનીને જ ચાલતી માર્શલ-વોલરીયન મુખ્યધારાનું ધ્યાન આ ચાવીરૂપ પ્રક્રિયા ઉપરથી હટી ગયું. બજારકિંમતો કેવી રીતે લાખો-કરોડો વ્યક્તિઓની પસંદગી અને નિર્ણયોનો સમન્વય કરે છે અને બજાર સંતુલનની દિશામાં આગળ વધે છે તેના રહસ્યની ખોજ કોરાણે ધકેલાઈ ગઈ. સંતુલન જાણે કે હાજરાહજૂર છે તેવો વિચાર દૃઢ થવા માંડયો. મુખ્ય વિચાર એ બનવા માંડયો કે જો સંતુલન હોય તો શું પરિણામો જોવાનાં મળે.

## સમાજવાદી પૂર

કિંમતોને અચળ (Parametric) ગણતા મુખ્ય ધારાના નીઓકલાસિકલ તર્કમાળખાનો ઉપયોગ જ્યારે લેન્ગે-લર્નર સમાજવાદી ગણતરીઓ માટે કરી રહ્યા હતા, ત્યારે લર્નરે એવું કહ્યું હોવાનું કહેવાય છે કે ''મૂડીવાદી તંત્રનું અર્થશાસ્ત્ર તે માર્કસીઝમ અને સમાજવાદી વ્યવસ્થાનું અર્થતંત્ર તે નીઓકલાસિકલ (માર્શલ-વોલરા) કિંમતોની થિયરી.'' ૧૯૩૬-૩૭માં લેન્ગે-લર્નરે જ્યારે સમાજવાદી ગણતરીઓ કરવા, તેઓ બજાર કિંમતોની થિયરીનો જ ઉપયોગ કરી રહ્યા છે, તેવો દાવો કર્યો ત્યારે તેઓ વોલરા-માર્શલના સંતુલિત બજારમાં કુલ માંગ-પુરવઠાનો નિકાલ કરતી (market clearing of aggregate supply and demand) સૈદ્ધાંતિક કિંમતોનો હવાલો આપી રહ્યા હતા. આ વિચારમાં જાણે સંપૂર્ણ સ્પર્ધાની પૂર્વશરતો અમલી બની ચૂકી હતી અને સંતુલિત બજાર અસ્તિત્વમાં આવી ગયું હતું, તે તર્ક નિહિત હતો.

૧૯૪૦ના દાયકાના બીજા ભાગમાં લેન્ગે-લર્નરે ફેંકેલા પડકારને અને નીઓકલાસિકલ થિયરીના તોફાની સૂચિતાર્થો માઈઝીસ-હાયેકને બરાબર સમજાઈ ગયા. માઈઝીસે Human Action (૧૯૪૯) માં અને હાયેકે Individualism and Economic Order (૧૯૪૮)માં આ પડકારોને સફળતાપૂર્વક પડકાર્યા. પરંતુ ''સમાજવાદી ગણતરીઓ કરી શકાય છે''ની દંતકથાઓ વહેતી જ રહી અને માઈઝીસ-હાયેકની દલીલો અવગણાતી જ રહી. એ નોંધનીય છે કે લેન્ગે-લર્નરની થિયરીને વ્યવહારમાં અમલી બનાવવાનો પ્રયત્ન કયારેય કોઈએ કર્યો નથી! એ માત્ર બૌદ્ધિક વ્યાયામ જ હતો. સમાજવાદી થિયરીનો પાયો તકલાદી સાબિત થયો હોવા છતાં, સમાજવાદી વિચાર રેશનલ છે, માનવીય છે જેવાં વિશેષણો અપાતાં જ રહ્યાં. સમાજવાદની થિયરી સ્થાપિત થઈ ગઈ ગણાઈ. અને સમાજવાદી સમાજરચનાના વિચારનાં મહાપૂર ખાળવાં લગભગ અશકય બની ગયાં. દક્ષિણપૂર્વ એશિયાને છોડતાં બાકીના એશિયાખંડના અને આફ્રિકાના અને લેટીન અમેરિકાના અલ્પવિકસિત દેશોના બૌદ્ધિકોમાં સમાજવાદી વિચાર છવાઈ ગયો.

## મેનાર્ડ કેઇન્સનો પ્રવેશ - મેક્રો ઈકોનોમિક્સનાં ચઢેલાં પૂર

કુલ માંગ-પુરવઠાના જથ્થા અને કિંમતોને નિશ્ચિત કરી શકે તેવી મેક્રો ઈકોનોમિક થિયરીની ખોજમાં સમાજવાદી બૌદ્ધિકો હતા. લેન્ગે-લર્નરે આ યુક્તિ તરફ આંગળી ચીંધી છતાં વ્યવહારમાં આવા આંકડાઓનો ઉપયોગ કરીને, મોડેલ્સ રચીને અર્થવ્યવસ્થામાં સક્રિય હસ્તક્ષેપ કરવાનો પાકો કીમિયો બૌદ્ધિકોને મળ્યો નહીં. આનો યશ મળ્યો બ્રિટનના મેનાર્ડ કેઇન્સને (૧૮૮૩-૧૯૪૬). જે વરસોમાં લેન્ગે-લર્નર તેમની થિયરી રજૂ કરી રહ્યા હતા તે જ વરસમાં કેઇન્સે તેનું જગપ્રસિદ્ધ પુસ્તક The General Theory of Employment, Interest and Money (૧૯૩૬) લખ્યું. રાજ્ય દ્વારા અર્થવ્યવસ્થામાં મોટાપાયે હસ્તક્ષેપ કરવાનો રસ્તો કેઇન્સની થિયરી એ ખોલી આપ્યો.

યુરોપ અને અમેરિકા ૧૯૩૦ની મહામંદીમાં સપડાયા હતા. ફેકટરીઓ બંધ પડી ગઇ હતી, ગોડાઉનોમાં માલ છલકાતો હતો, બેરોજગારી નવા રેકોર્ડ સ્થાપી રહી હતી, બજારમાંથી માંગ અદશ્ય થઇ ગઇ હતી. ઘણા ઇતિહાસકારોએ આ મહામંદીને મૂડીવાદી પ્રસ્થાનના આખરી અંજામ તરીકે વર્ણવી છે અને તે માટે મૂડીવાદને કારણભૂત ઠેરવ્યો છે. અહીં તેની વિગતોમાં જવાય તેમ નથી, પરંતુ ઊંડાં ઐતિહાસિક સંશોધનોએ બતાવ્યું છે કે આ કટોકટીને માટે જવાબદાર હતી, બજાર અર્થવ્યવસ્થામાં રાજ્યની શ્રેણીબંધ ભૂલભરેલી દરમિયાનગીરીઓ અને નહીં કે બજાર અર્થવ્યવસ્થા પોતે.

ઔદ્યોગિક સભ્યતા એક મહાઅશાંતિના આરે ઊભી હતી. જર્મનીમાં આ અશાંતિનો લાભ લઇને હીટલરનો નાઝીપક્ષ સત્તા ઉપર આવવા તૈયાર થઇ રહ્યો હતો. આવા સંજોગોમાં કેઇન્સ તેની પૂર્ણ રોજગારીની ક્રાંતિકારી ભાસતી થિયરી સાથે આગળ આવ્યો.

કેઇન્સ લગભગ સંપૂર્ણપણે માર્શલીયન પ્રણાલીમાં ઊછર્યો હતો, સાર્વત્રિક સંતુલન (general equilibrium)ની થિયરીથી પૂરો રંગાયેલો હતો, અને મેન્જેરીયન માઈક્રો ઈકોનોમિક્સ (એકમલક્ષી) થિયરીથી સાવ અજાણ અને તે તરફ લગભગ સંપૂર્ણ બેતમા હતો. એ સાચું કે તે સમયે અર્થશાસ્ત્રીઓમાં લોકપ્રિય બની રહેલી અર્થમિતિ (Econometrics) તરફ તેને કોઇ ખાસ લગાવ ના હતો. આ પછી પણ તેની The General Theory એ મેક્રો ઈકોનોમિક્સ (સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર)ના આરોહણમાં સિંહફાળો આપ્યો અને માઈક્રો ઈકોનોમિક્સ થિયરી (એકમલક્ષી) થિયરી એક કાળ માટે પડદા પાછળ ધકેલાઇ ગઇ.

બહુ શરૂઆતથી જ કેઇન્સને જુદાજુદા પ્રકારના કુલ જથ્થા અથવા સરેરાશના આંકડાઓ (statistical aggregates) તરફ વિશેષ આકર્ષણ હતું. કુલ માંગ, પુરવઠો કે સરેરાશ કિંમતો વચ્ચેના સંબંધોને શોધતા વિશ્લેષણ તરફ તે હંમેશા ખેંચાતો. આ જ અભિગમ મેક્રો ઈકોનોમિક્સ (સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર) તરીકે ઓળખાયો. કુલ સરેરાશ જથ્થાઓ હંમેશા માપવાના સહેલા હતા. પ્રચલિત વૈજ્ઞાનિક પદ્ધતિની થિયરીની અસર નીચે તે પણ એ માન્યતા તરફ ઢળ્યો કે, જે માપી શકાય છે તે જ વાસ્તવિક હોવાથી માપી શકાતા જથ્થાઓ જ કાર્યકારણ (cause-effect)નો સંબંધ સ્થાપવા માટે નિર્ણાયક છે. છેવટે તે એ નતીજા ઉપર પહોંચ્યો કે કુલ માંગ, રોકાણ કે ઉત્પાદન જેવા જથ્થાઓ વચ્ચે પ્રમાણમાં સાદા અને અચળ ક્રિયાત્મક (functional) સંબંધો હોય છે. આ અચલાંકોને વ્યવહારમાં (empirically) સ્થાપી શકાય, જેની મદદથી ઔચિત્યપૂર્ણ (valid) આગાહીઓ કરી શકાય.

કેઇન્સના વિશિષ્ટ અભિગમમાં કુલ જથ્થા કે સરેરાશના આંકડા હંમેશાં પરિવર્તન પામતી રહેતી સાપેક્ષ કિંમતો અને વેતનોના કારણે બદલાતી રહેતી સંસાધનોની ફાળવણીનું પરિણામ હતા, તે હકીકત જ ઢંકાઇ જતી હતી. માઈક્રો ઈકોનોમિક (એકમલક્ષી) પ્રક્રિયાનું તે પરિણામ હતા, તે ભુલાઇ જતું હતું.

## બેરોજગારીમાંથી રોજગારી તરફ - કેઇન્સીયન ક્રાંતિ અને બેકાબૂ ફુગાવો

કેઇન્સે વ્યાપક બેરોજગારીનું કારણ વપરાશી ચીજોની અપૂરતી કુલ માંગ (insufficient aggregate demand)માં જોયું. જો હયાત વેતનદરે પૂર્ણ રોજગારી આપવામાં આવે તો અર્થવ્યવસ્થામાં જે કુલ માંગ ઊભી થાય તેની સરખામણીમાં બેરોજગારીની સ્થિતિમાં માંગ અપૂરતી હોય. અર્થવ્યવસ્થામાં જો ઉત્પાદનનાં સાધનોનાં બિનવપરાયેલ ભંડોળો (unused reserves) હોય તો વપરાશી ચીજોની કુલ માંગને રાજ્ય બઢાવો આપી શકે અને નવી રોજગારી ઊભી થઇ શકે. આ કેઇન્સની મુખ્ય થિસિસ હતી.

બિનવપરાયેલ સંસાધનોના ભંડોળની થિયરી ઘણી જૂની હતી. પરંતુ સામાન્ય રોજબરોજની અર્થવ્યવસ્થામાં આવું બને જ નહીં. ક્લાસિકલ અર્થશાસ્ત્રે આ થિયરીને સંપૂર્ણ નકારી કાઢેલી. થિયરી ફક્ત ધાર ઉપરનાં ઉદ્દામવાદી વર્તુળો પૂરતી મર્યાદિત થઇ ગઇ હતી. કેઇન્સે આ થિયરીને પુનર્જીવિત કરી. ડાબેરી વિચારકો કેઇન્સના ચાહકો બની ગયા કારણ કે ધારેલી નેમ પાર પાડવા માટે રાજ્યની વિશાળ દરમિયાનગીરીની કેઇન્સ હિમાયત કરતો હતો અને મેક્રો ઈકોનોમિક (સમગ્રલક્ષી) સ્તરે તેમ કરવાનો રસ્તો પણ બતાવી રહ્યો હતો.

જો કુલ માંગને વધારવી હોય તો રાજ્યે દરમિયાનગીરી કરીને બે રસ્તા અપનાવવા પડે. એક, નાણાંનો પુરવઠો વધારવો પડે, ધિરાણની નીતિ હળવી કરવી પડે, બેંકના વ્યાજના દર ઘટાડવા પડે. બીજું, રાજકોષીય ખર્ચ (Fiscal spending) વધારવો પડે, જાહેર દેવું વધારવું પડે અને ખાધ (deficit finance)નો પણ આશરો લેવો પડે. અરે! નોટો છાપીને નાણાંનો પુરવઠો પણ વધારવો પડે! કેઈન્સે આ ઉપાય સૂચવ્યો તે પહેલાં રાજ્ય નાણાંના પુરવઠા માટેની ચુસ્ત મર્યાદાનો ભંગ કરી શકે તે વાતનો વિચાર કરવો પણ અશક્ય હતો, કારણ કે આંતરરાષ્ટ્રીય નાણાંના નિશ્ચિત વિનિમયના દરમાં ફેરફાર કરવાની તેને સત્તા જ ના હતી. તે જ પ્રમાણે સંતુલિત (balanced) બજેટનો નિયમ પણ તોડી શકાતો નહીં. ઘેરાઈ ગયેલા રાજકારણીઓ માટે કેઈન્સની થિયરી મહામૂલી ભેટ હતી. સીધી દરમિયાનગીરી કરીને, ખર્ચમાં વધારો કરીને, રોજગારીની તકો વધારીને સસ્તી લોકપ્રિયતા મેળવવાનું કયો રાજકારણી છોડે? આવું કાંઈક કરવા તો તેઓ આતુર હતાજ પરંતુ તર્કસંગત થિયરી વગર તે કરવું રીતે? કેઈન્સે આવી થિયરી પૂરી પાડી. તત્કાળ પૂરતી રોજગારી આ દરમિયાનગીરીથી વધી પણ ખરી, પરંતુ સતત નવી રોજગારી ઊભી કરવા માટે નાણાંનો પુરવઠો સતત વધાર્યા જ કરવો પડે તે પણ સમજાયું. નાણાંના પુરવઠા ઉપરનાં સ્વયંસંચાલિત નિયંત્રણો હટાવી દેવાથી, તેનો પુરવઠો કૃત્રિમ રીતે વધારી દેવાથી ફુગાવો (inflation) વધી ગયો. વધુ ને વધુ ખર્ચ કર્યા વગર રોજગારી ઊભી કરવી અશક્ય હતી. રાજકીય કોષની ખાધ (fiscal deficit) વધતી જ જાય, ફુગાવો વધતો જ જાય તેવું ઝેરી વર્તુળ રચાઈ ગયું. વધતા જતા ફુગાવાને સામાજિક ન્યાય અર્થે વાજબી ઠેરવવા માટે દલીલોનો મારો ચાલ્યો. ૧૯૭૦ની આસપાસ અર્થશાસ્ત્રીઓએ પહેલાં કદીયે જોઈ ના હોય તેવી પેચીદી પરિસ્થિતિ ઊભી થઈ ગઈ. ઉત્તરોત્તર વધતો ફુગાવો અને સાથે જ વધી રહેલી બેરોજગારી (stagflation). આવા ખતરનાક રસ્તેથી પાછા વળતાં નવનેજાં પાણી ઊતર્યાં. છેવટે ૧૯૮૦ના દાયકામાં ઈંગ્લેન્ડે અને અમેરિકાએ અગુઆઈ લીધી અને ઝેરી વર્તુળ છેદ્યું.

મઝાની વાત એ છે કે કેઈન્સે છેક ૧૯૧૯માં જ કહેલું કે ''કોઈપણ અર્થવ્યવસ્થાને તોડી પાડવી હોય તો તેનાં નાણાંની વિશ્વસનિયતાને ખતમ કરી નાંખો.'' આવું કરવા માટે સતત વધતા જતા ફુગાવા જેવું બીજું અમોઘ શસ્ત્ર કોઈ નથી.

૧૯૧૯ના ફુગાવાનો ઘોર વિરોધી કેઈન્સ ૧૯૩૬ પછી જાણે-અજાણ્યે તેનો સૌથી સમર્થ પુરસ્કર્તા બની ગયો, ડાબેરીઓનો ડાર્લિંગ બની ગયો. મહામંદીના તત્કાલીન અસામાન્ય સંજોગોમાં કેઈન્સના ઉપાયમાં કાંઈક તથ્ય હતું, પરંતુ બીજા વિશ્વયુદ્ધ પછી જ્યારે અર્થવ્યવસ્થા સામાન્ય થઈ ગઈ ત્યારે પણ બિનવપરાશી સાધનોના ભંડોળની (unused reserves of resources) કપોળકલ્પિત અવધારણાને પકડી રાખીને કેઈન્સની નીતિઓને તેના શિષ્યોએ ચાલુ રાખી. ફુગાવો વધે તો પણ ખાધપૂરક તંત્રનો આશરો ચાલુ રાખવાનો આત્મઘાતી રસ્તો તેઓએ અને રાજકારણીઓએ કયાંય સુધી પકડી રાખ્યો. તેની કિંમત ચૂકવી આ બધાથી સાવ અજાણ સામાન્ય નાગરિકે. આઝાદ ભારતે પણ આ નીતિઓનું અને સોશિયલ ડેમોક્રસીનું પેકેટ આખું ને આખું અપનાવ્યું અને સમાજવાદી સમાજરચનાના સુવર્ણમૃગને પકડવા ઉધામા નાંખ્યા. પરિણામો આપણી સામે છે. દક્ષિણ આફ્રિકાના એક તીક્ષ્ણ વિવેચકે ટીકા કરી છે કે ૨૦મી સદીમાં એશિયા, આફ્રિકામાં વ્યાપક ગરીબીને આટલું લાંબું ટકાવી રાખવાનો મહા ચમત્કાર આ નીતિઓએ કરી બતાવ્યો !

ઉત્પાદનનાં અને વિતરણનાં બધાં સાધનોને રાજ્યહસ્તક રાખીને અર્થવ્યવસ્થા ઉપર સંપૂર્ણ અંકુશ જમાવવાની ગરમ, લાલ સમાજવાદી વ્યૂહરચનાનો તો ભાંગીને ભુક્કો થઈ ગયો, પરંતુ ઉત્પાદનનાં સાધનો ઘણે અંશે ખાનગી હસ્તક રાખીને કેઈન્સે બતાવેલ મેક્રો ઈકોનોમિક નીતિઓનો અમલ કરીને બજાર-વ્યવસ્થામાં રાજ્યના અઘટિત હસ્તક્ષેપનો રસ્તો ખુલ્લો કરી દેવાયો. સમાજ-સુધારણાના ઉત્સાહીઓ લાલ નહીં તો ગુલાબી સમાજવાદ તરફ વળ્યા. ફરીથી વોલરાની સંતુલિત બજારની થિયરીનો ઉપયોગ કરીને કલ્યાણકારી રાજ્ય (welfare state)ની વ્યૂહરચના અમલમાં મુકાઈ. ●

### *Economics and Mathematics*

*…(V)ery few of even the most dedicated economic technicians began their interest in economics because they were fascinated by cost curves, indifference classes and the rest of the paraphernalia of modern economic theory. Almost to a man, they became interested in economics because they were interested in social and political problems and because they realised that the really hard political problems cannot be solved without an understanding of economics. After all, if they were really interested mainly in equations and tangencies on graphs, they would have become professional mathematicians and not have devoted their energies to an economic theory that is, at best a third-rate application of mathematics…. (Economists) become so fascinated by the minutiae of technique that they lose sight of political and social problems that sparked their interest in the first place.* *-Murray N. Rothbard* ●

# વડોદરા : ગુજરાત 'ગૌરવ દિને' ભડકેલી હિંસા

*-પીયુસીએલ, વડોદરા અહેવાલ*

[૧લી મેનો દિવસ ગુજરાતની સ્થાપનાનો દિવસ હોવાથી સરકારી સૂત્રો એને ગુજરાત 'ગૌરવ દિન' તરીકે ઊજવે છે. એ જ દિવસે સૈકાઓ જૂની દરગાહ તોડી પાડવાના પગલે વડોદરા ફરી પાછું કોમી દાવાનળમાં લપેટાયું. દરગાહ તોડી પાડયાના બનાવની આસપાસના સંજોગોની જાત-તપાસ કરીને મેળવેલી માહિતીના આધાર પર પીયુસીએલ વડોદરા દ્વારા તૈયાર કરવામાં આવેલ ડ્રાફટ અહેવાલમાંથી બનાવને લગતો ભાગ અહીં સાભાર આપીએ છીએ. -સં.]

વડોદરાના માંડવી દરવાજાથી ચાંપાનેર દરવાજા વચ્ચેના રસ્તા પર ચાંપાનેર દરવાજા નજીક રશીદ-ઉદ-દીન ચિશ્તીની દરગાહ સાવ રસ્તાની કોર પર ઊભેલી હતી.



*'આઉટલુક'માંથી સાભાર*

*શું આ ટ્રાફિકને અવરોધતી હતી ?*

માંડવી દરવાજાથી આવતાં દરગાહની જમણે મુસ્લિમ બહુમતી વસ્તી ધરાવતો યાકૂતપુરા અને હિન્દુ બહુમતી ધરાવતી મહેતા પોળ આવેલી છે, જ્યારે એની ડાબે જગમાલની પોળ અને બાજવાડા વિસ્તારો આવેલા છે. દરગાહ મુખ્ય રસ્તા પર આવેલી છે - રસ્તાની એકદમ ડાબી બાજુએ.

### ૧લી મે ના રોજ શું થયું ?

યાકૂતપુરાના લોકોએ અમને કહ્યું કે ૧લી મેના રોજ તેઓ સૌ દરગાહને બચાવવા માટે ભેગા થયા હતા અને દરગાહ ફરતે વિંટળાઇ વળ્યા હતા. તેમણે એ પણ કહ્યું કે ભાજપના માજી મંત્રી- નલિન ભટ્ટ અને બીજા લોકો દરગાહ પાસે, એ તોડવાનું શરૂ થયું એ પહેલાંથી, આવી પહોંચ્યા હતા. આ બાબત ખુદ નલિન ભટ્ટે કેબલ ટીવી ચેનલ પર તથા સ્થાનિક છાપામાં સ્વીકારી છે. યાકૂતપુરાના લોકોના કહેવા અનુસાર તેઓ દરગાહની આસપાસ શાંતિપૂર્વક ભેગા થયા હતા, અને મહેતા પોળમાંથી પથ્થર ફેંકાવા ચાલુ થયા. હિન્દુઓનો એનાથી વિરુદ્ધનો આક્ષેપ હતો કે પથ્થર ફેંકાવાનું યાકૂતપુરામાંથી ચાલુ થયેલું. ટૂંકમાં, લોકો આમ તેમ દોડવા લાગ્યા. અને બે કલાક સુધી અંધાધૂંધ પરિસ્થિતિ સર્જાઇ હતી. 'ચેતવણીના સિગ્નલો'નો પણ લોકોને ખ્યાલ નહોતો આવ્યો. પોલીસ પાસે ચેતવણી આપવા માટે હેન્ડ માઇક પણ નહોતું, અને પરિસ્થિતિની ગંભીરતાને પોલીસે અવગણી હતી એમ લાગે છે. પોલીસે લોકોનાં માથાં-છાતી સામે તાકીને ગોળીઓ છોડી હતી. બે છોકરાઓ સ્થળ પર જ મૃત્યુ પામ્યા. જ્યાં ગોળીબાર થયેલો એની નજીક આવેલાં ઘરોની બહેનોએ અમને કહ્યું કે તેઓ એ ઘડબડીમાં પહેલા માળે જતા રહ્યા હતા અને બધું નજરે જોયેલું. તેઓએ ઉશ્કેરાટથી અમને કહ્યું કે 'તેઓ જો અમે મરી જઇએ એમ ઇચ્છતા હોય તો તેમણે અમને સીધેસીધા જ મારી નાખવા જોઇએ. જો ગોળીઓ ઘરોની અંદરનાં નાનાં બાળકોને વાગી હોત તો? આ બધા માટે કોણ જવાબદાર છે?'

લોકોના કહેવા મુજબ પોલીસે ૩૬ રાઉન્ડ ગોળીબાર કર્યા. લોકોએ વપરાયેલા અને વણવપરાયેલા ટીયરગેસના શેલ ભેગા કર્યા છે. અમે લારીઓ પર અને દીવાલો પર ગોળીનાં નિશાનો પણ જોયાં. એના પરથી એ તો સ્પષ્ટ છે કે ગોળીબાર અંધાધૂંધ કરવામાં આવેલો. જો કે પોલીસ કમિશ્નરનો દાવો એવો છે કે કદાચ ગોળીઓ બીજે અથડાઇને આમ તેમ લાગી હશે.

ત્યાર બાદ શહેરના અન્ય વિસ્તારો - પાણીગેટ અને સંતકબીર રોડ પર હિંસા ભડકી ઊઠી. ફતેપુરા વિસ્તારના હાથીખાના અને કુંભારવાડામાં તથા નવાપુરામાં પોલીસે ગોળીબાર કર્યા. એ જ દિવસે બપોરે બે વાગ્યાના સુમારે દરગાહનો કાટમાળ લઇ જતાં ડમ્પરો ઉપર ન્યાયમંદિર પાસે પથ્થરમારો થયો, અમુક વકીલોએ એને ન્યાયમંદિર પરના હુમલા તરીકે વર્ણવેલો.

અમે ૮૧ વર્ષની વયના સુલતાનમિયાં મલેકને મળ્યા, જે યાકૂતપુરામાં છેલ્લાં ૭૫ વર્ષથી રહે છે. એ દરગાહની દેખભાળ કરે છે અને દરરોજ ફૂલ ચડાવે છે. એ યાકૂતપુરા મુસ્લિમ પંચના મુખ્ય આગેવાન પણ છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (વીએમસી) દ્વારા દરગાહ બાબતે ચર્ચા માટે બોલાવવામાં આવેલા ડેલિગેશનના એ પણ ભાગરૂપ હતા.

એમણે ઝીણી ઝીણી વિગતો સાથે એમની વચ્ચે થયેલી ચર્ચાઓ અમને કહી સંભળાવી. વીએમસીએ ૧લી મેના રોજ સવારે ૯ થી૧૦ની વચ્ચે પણ ચર્ચા માટે એમને બોલાવેલા. પાછા આવીને એમણે જોયું કે દરગાહને તોડી પાડવામાં આવી હતી. એમણે જણાવ્યું કે મ્યુનિસિપલ કમિશ્નરે સૂચન કર્યા મુજબ દરગાહના સ્ટ્રક્ચરમાં ફેરફાર કરવા માટે મુસ્લિમો તૈયાર હતા. તેઓ માત્ર એટલું ઇચ્છતા હતા કે મઝાર (સૂફી સંતના શેષનો ભાગ- દરગાહનો સૌથી પવિત્ર ભાગ) સલામત રહે. એમના કહેવા મુજબ, મંદિર કે મજિસ્દની જેમ દરગાહને એક સ્થળેથી બીજે ફેરવી ના શકાય. દરગાહ સંતના મૃતદેહ-શેષ પર બાંધવામાં આવી હોય છે. એના લીધે એટલો ભાગ પવિત્ર કહેવાય છે, જેને અડકી ના શકાય. તેમ છતાં મુસ્લિમો પોતે જ દરગાહની આસપાસનું વધારાનું બાંધકામ હટાવવા તૈયાર હતા. પણ, એમ કરવાની એમને તક ના આપવામાં આવી. પરિણામે મુસ્લિમોની લાગણી ખૂબ દુભાઇ છે. તેઓએ અમને એ પણ કહ્યું કે દરગાહ એ માત્ર મુસ્લિમો માટે જ પૂજાનું સ્થાન નહોતું, પણ ઘણા હિન્દુઓ પણ ત્યાં આવતા હતા. ગણેશ વિસર્જન અને નરસિંહજીના વરઘોડા વખતે પણ તેઓ દરગાહ પાસે ઊભા રહી માથું ટેકવે અને આગળ વધે. તેમનું એ પણ કહેવું હતું કે એક હિન્દુ વેપારી રણછોડરાય મસાલા મિલના માલિક દરગાહનું ધ્યાન રાખતા. હજુ પણ યાકૂતપુરાના મુસ્લિમોનું એવું કહેવું છે કે મઝારના ભાગને તાત્કાલિક કોર્ડોન કરીને અલગ કરી દેવાની જરૂર છે, કારણ કે જ્યારે પણ કોઇ વ્યકિત એના પર ચાલે છે કે વાહન એના પરથી પસાર થાય છે ત્યારે મુસ્લિમોની લાગણી દુભાય છે. એનાથી એમનો ગુસ્સો વધતો જાય છે, જેના લીધે મુસ્લિમ યુવાનોમાં ઉશ્કેરાટ પણ પેદા થઇ શકે.

### વાટાઘાટોનું નાટક અને વિશ્વાસઘાત

જુદા જુદા પુરાવા જોતાં એ તો સ્પષ્ટ છે કે દરગાહને તોડી પાડવા માટે ૧લી મે નો દિવસ લગભગ ત્રણ અઠવાડિયાં પહેલાંથી નકકી કરી નાખવામાં આવ્યો હતો. છેલ્લા દસ દિવસ સુધી (૧લી મે પહેલાંના) અમુક મુસ્લિમ આગેવાનોના જૂથ સાથે દરગાહ તોડી પાડવાના વિકલ્પો ચર્ચવા માટેની વાટાઘાટો ચાલુ હતી. મુસ્લિમ આગેવાનોએ સ્પષ્ટ જણાવ્યું હતું કે આખી દરગાહ તોડી ના પડાય કે એને બીજે પણ ખસેડી ના શકાય, પણ અમુક ભાગ કાપી શકાય. આ વ્યવહારુ વિકલ્પ સૌ પહેલાં મ્યુનિસિપલ કમિશ્નરે સૂચવેલો, જેને અમુક મુસ્લિમ આગેવાનોએ ચર્ચેલો અને સૈદ્ધાંતિક રીતે સ્વીકારેલો. આ જ દરખાસ્તને ૧લી મેના રોજ ફરી ચર્ચવામાં આવેલી, જો કે મેયર આવી કોઇ દરખાસ્ત ચર્ચાઇ હોવાનું નકારે છે.

પોલીસ કમિશ્નર દિપક સ્વરૂપે મેયરને દરગાહ તોડી પાડવા સામે અને ખાસ તો ૧લી તારીખ માટે ચેતવ્યા હતા, કારણ કે તે દિવસે ઘણા નિયત પ્રસંગો-કાર્યક્રમો હતા, જ્યાં પોલીસ બંદોબસ્તની જરૂર હતી. પોલીસ કમિશ્નરે જાહેર કરેલું કે એમણે એ મતલબનો પત્ર 'છેક ઉપર સુધી' લખેલો. અલબત્ત, પોલીસે આ કામ માટેની તૈયારી કરી હતી અને ૨૯-૩૦ એપ્રિલના રોજ વધારાની પોલીસ બોલાવી રાખી હતી. પોલીસોની થોડી ટુકડીને ૧લી મે ના રોજ સવારના પહોરથી જ દરગાહ પાસે ગોઠવી દીધી હતી. મેયર અને પોલીસ કમિશ્નર વચ્ચે આ પ્રશ્ને મતભેદ હોવા છતાં આ ગોઠવણ કરવામાં આવેલી.

વીએમસી સાથે વાટાઘાટો કરતા મુસ્લિમ આગેવાનોમાંની એક વ્યકિતના કહેવા મુજબ, મેયરે મુસ્લિમ આગેવાનોને આગલી રાત્રે (૩૦ એપ્રિલ-૧મેની રાત્રે) ૧ વાગ્યે ફોન કરીને બીજે દિવસે સવારે નવ વાગ્યે મીટીંગ માટે બોલાવ્યા. આટલી ટૂંકી મુદત હોવા છતાં ઘણા આગેવાનો મીટીંગમાં ગયા. મીટીંગમાં મેયર સુનીલ સોલંકી અને મ્યુનિસિપલ કમિશનર રોહિત પાઠક તેમજ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દિનેશ ચોકસી હાજર હતા. મ્યુનિસિપલ કમિશ્નરે મુસ્લિમ આગેવાનોને કહ્યું કે દરગાહનો થોડો ભાગ કાપી નાખવાની તેમની દરખાસ્તને ચૂંટાયેલા પ્રતિનિધિઓ સામે મૂકવામાં આવી હતી, પણ મેયરે તે સ્વીકારી નહોતી. આ વાતચીત દરમ્યાન સૌને સ્વીકાર્ય એવો કોઇ ઉપાય નક્કી ના થયો અને અંતે ફરીથી મળશું એવા સધિયારા સાથે દસેક વાગ્યે મીટીંગ પૂરી થઇ.

આ સમય દરમિયાન દરગાહ તોડી પાડવાની તૈયારીઓ સ્થળ પર ચાલુ થઇ ગયેલી, એટલે કે તોડી પાડવાનાં સાધનો, રસ્તા પર ડામર પાથરવાનું સાધન, ડમ્પરો વગેરે દસ વાગ્યા પહેલાં જ સ્થળ પર પહોંચી ગયાં હતાં, જ્યારે બીજી તરફ, હજી કોઇ વિકલ્પ શોધવાની વાતો મીટીંગમાં થઇ રહી હતી !

પીયુસીએલ ટીમે મેયરને પૂછયું કે મુસ્લિમ આગેવાનોને જ્યારે એવો સધિયારો આપ્યો હતો કે ફરી વાર મળીને ચર્ચા આગળ વધારશું, ત્યારે શા માટે એમણે દરગાહ તોડી પાડવાનો હુકમ કર્યો? ત્યારે એમણે જણાવ્યું કે ૧લી એ દરગાહ તોડવાનું નક્કી જ હતું, ''અને જો અમે

તાત્કાલિક એમ ના કર્યું હોત, તો તેઓ કોર્ટમાંથી મનાઇ હુકમ લઇ આવ્યા હોત.''

આ આખા પ્રકરણમાં મેયર સોલંકી અને પોલીસ કમિશ્નર પાઠકની છેતરપીંડી અને સીનીસીઝમની નોંધ લેવી ઘટે. તેઓ મુસ્લિમ આગેવાનોને ફરી મળવાનું વચન આપે છે ત્યારે જાણે કે એ અનિવાર્ય હોય. પણ ખરેખર તો દરગાહ તોડવાનું નિશ્ચિત આયોજન તો થઈ જ ચૂક્યું હતું. દરગાહ તોડી પાડવાના નિયત આયોજનને વળગી રહેવામાં અર્જન્સી ખરેખર શું હતી? જો ૧લી મેના રોજ એ તોડી ના પડાઇ હોત, તો શું મેયર અને એમની ટીમ પર આકાશ તૂટી પડવાનું હતું? કે ભાજપ / સંઘ પરિવારના ભગવાન એમના પર તૂટી પડયા હોત? લોકોની ધાર્મિક લાગણી દુભાતી તો છો દુભાતી, પણ વહીવટી તંત્રને એ માટે કોઇ જ સંયમ વરતવાની જરૂર સુધ્ધાં ન જણાઇ, એવા વહીવટી તંત્ર માટે શું કહેવું ? શા માટે મેયર અને વીએમસી લોકતાંત્રિક પ્રણાલી ન જાળવી શકયા, જ્યારે મુસ્લિમ આગેવાનો 'કહેવાતા' વિકાસ માટે સાનુકૂળ થવા તૈયાર હતા? શા માટે વીએમસીએ પોલીસની સ્પષ્ટ ચેતવણીને અવગણી? શું વાટાઘાટો માત્ર દેખાડો જ હતો?

અમે જ્યારે મેયરને પૂછયું કે શહેરના 'વિકાસ' માટે દરગાહને તોડવી એ નક્કી જ હતું, તો શા માટે એમણે ચર્ચા-વાટાઘાટો કરવાનું કષ્ટ લીધું ? ત્યારે એમણે કહ્યું, ''વાટાઘાટો તો કરવી જ પડે, નહીં તો માનવ- અધિકારવાળાં જૂથો ફૂટી નીકળત અને કહેત કે મેં માનવ અધિકારોનો ભંગ કર્યો છે''! મેયર સુનીલ સોલંકી ખરેખર એવો અભિપ્રાય ધરાવે છે કે એમણે વાટાઘાટો, ભલે એ દેખાવ પૂરતી હોય, ચલાવી હતી, અને તેથી એમણે માનવ અધિકારોનો કોઇ ભંગ કર્યો નથી. અહો ડહાપણ! ●

## આપણાં શહેરો અંગે નવેસરથી વિચારીએ

*- જૈમિની મહેતા*

વડોદરામાં તાજેતરમાં ભડકી ઊઠેલી હિંસા અમુક અગત્યના સવાલો ઊભા કરે છે, જેને શાંત ચિત્તે સમજવા જરૂરી છે. શહેરની સીવીક ઓથોરિટીએ દરગાહના નાશને વડોદરાના બિન-સાંપ્રદાયિક વિકાસ કાર્યક્રમના ભાગ રૂપે ગણ્યો અને સ્થાનિક લોકોના વિરોધને કોમવાદી અને વિકાસ-વિરોધી તરીકે ગણાવ્યો. અલબત્ત, આ પ્રશ્નને આવા એકદમ સામસામા છેડેથી જોવાથી તો કેટલાય પ્રશ્નો અનુત્તરિત રહી જાય છે.

શહેરી આયોજન અને ડિઝાઈનનો વ્યવસ્થિત અભ્યાસ એ પ્રમાણમાં નવો જ શરૂ થયો છે. ભારતનાં શહેરો સારી રીતે કહીએ તો exotic -આકર્ષક ગણાતાં, અને ખરાબ રીતે જોઈએ તો ગીચ, વધુ વસ્તીવાળાં, બિનસ્વાસ્થ્યકર અને આધુનિક જીવન માટે અયોગ્ય ગણાતાં. તાજેતરમાં જ આર્કિટેકચર અને પ્લાનિંગની કોલેજો એ સમજતી થઈ છે કે આપણાં જૂનાં વસેલાં શહેરો (inner cities)માં એક આંતરિક વ્યવસ્થા (order) રહેલી છે, અને આધુનિક આયોજનની અમાનવીય અસરોને ઓછી કરવાના અગત્યના બોધપાઠ એમાંથી શીખી શકાય એમ છે. કમનસીબે, આ સમજણ હજી વડોદરા જેવાં શહેરોના આપણા મોટાભાગના આયોજકો અને એન્જિનિયરોમાં નથી આવી, જેમના માટે જૂનું શહેર એ આધુનિક શહેરી વિકાસમાં મોટી આડખીલી રૂપ છે. હકીકતમાં, જૂના વડોદરાનો ત્રણ ચતુર્થાંશ ચોરસ માઈલનો વિસ્તાર ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રણાલિઓ, જીવંત વ્યાપારી પ્રવૃત્તિઓ અને ''પોળો'' અને ''ખડકી''ઓનાં નરવાં ગુજરાતી રહેઠાણોના પોતથી બનેલો, વધુ સારી રીતે આયોજિત અને સચવાયેલ વિસ્તાર છે. આ બધાને નજાકતથી સાચવી રાખવાની જરૂર છે, નહીં કે બુલડોઝર ફેરવવાની.

દરગાહના નાશને શહેરી વિકાસ કાર્યક્રમ અંતર્ગત રસ્તા પહોળા કરવાના ભાગ રૂપે દર્શાવાયો છે. અને થોડાં જ વર્ષો દરમિયાન બનેલાં બીજાં ઘણાં ધાર્મિક સ્થાનો અને વર્ષો જૂની આ દરગાહ - બન્નેને આ કાર્યવાહી દરમિયાન એક જ લાકડીએ હાકવામાં આવ્યાં - સરખાં ગણવામાં આવ્યાં. એક રીતે જોઈએ તો એ આ બાંધકામની ઐતિહાસિક અગત્યતાની જાણકારીનો અભાવ સૂચવે છે, અને બીજી રીતે જોઈએ તો એમાં સીનીકલ રાજકીય રમત દેખાય છે. ગાયકવાડના રાજ વખતના રેકોર્ડમાં રશીદુદ્દીન ચિશ્તીનો ઉલ્લેખ જોવા મળે છે. અને ગાયકવાડ સરકારે આ મકબરાની જાળવણી જ માત્ર નહોતી કરી, પણ હાથીખાનામાં નિમાયેલા પોતાના અધિકારીઓને નિયમિત રીતે એનું સન્માન કરવા સૂચના પણ આપી હતી. આજે જે શહેર છે એને બનાવવામાં દેખાવમાં સાવ નગણ્ય દેખાતી ઈમારતે ભલે નાનો તો નાનો પણ બહુ મોટો ભાગ ભજવ્યો છે. બીજા કોઈ નહીં ને એ કારણસર પણ એની સાથે વધુ સાવધાની બરતવાની જરૂર હતી.

અલબત્ત, આનો અર્થ હરગિજ એ નથી કે જે કાંઈ પણ ૩૦૦ વર્ષ જૂનું હોય એને આંધળી રીતે બચાવી રાખવું જોઈએ. જો એવું જ હોય તો આપણે જૂના શહેરના એક પણ ઘરને અડકી જ ના શકીએ. કયા

બાંધકામને જાળવી રાખવું, ભલે પછી એ પુરાતત્ત્વ ખાતાની યાદીમાં ન હોય, એને માટેના પ્રસ્થાપિત નિયમો છે. નીચેના ચાર માપદંડોમાંથી કોઈ પણ લાગુ પડતો હોય તો તે અગત્યનું બાંધકામ ગણાવું જોઈએ અને નજાકત સાથે એને હાથ પર લેવું જોઈએ. (૧) એ આર્કિટેક્ચરની દૃષ્ટિએ અગત્યનું છે ?, (૨) એ સૌદર્યની દૃષ્ટિએ મહત્ત્વનું છે ?, (૩) એ ઈતિહાસના કોઈ અગત્યના બનાવને લગતું છે ?, (૪) એ ધાર્મિક રીતે મહત્ત્વનું છે ?

ધ્વસ્ત દરગાહ પહેલા ત્રણ માપદંડોની દૃષ્ટિએ જાળવણી માટે યોગ્ય નહોતી. એ આર્કિટેક્ચર કે સૌંદર્યના મૂલ્યની દૃષ્ટિએ સાવ સામાન્ય એટલે કે સિમેન્ટ-કોન્ક્રીટનું બાંધકામ હતું. પણ એની અગત્યતા એ હતી કે સ્થાનિક લોકો આ સૂફી સંતને પૂજતા હતા. એ પણ બનવાજોગ છે કે લોકો એને આંશિક રીતે કાપવાના સમાધાન પર સંમત થયા હોત. પણ હવે આપણે જાણીએ છીએ આવી વૈકલ્પિક વ્યવસ્થાને તક જ આપવામાં ન આવી.

વહીવટીતંત્રે રસ્તાના એલાઈનમેન્ટ પર ફેરવિચારણા કરવાની જરૂર હતી. આયોજનની હાલની પ્રેક્ટીસ પણ હવે એ સ્વીકારે છે કે સારામાં સારો રસ્તો હંમેશા 'અ' અને 'બ'ને જોડતી સીધી લીટી ન પણ હોય. કોઈ પણ રસ્તાના આયોજનના લાભાલાભના વિશ્લેષણમાં વચ્ચે આવતાં ઐતિહાસિક અને સાંસ્કૃતિક મૂલ્યો ધરાવતાં સ્થળોને ધ્યાનમાં લેવાતાં હોય છે. અમદાવાદનો નહેરૂબ્રિજ રીલીફ રોડની લાઈનમાં આવતો હતો. પણ સીદી સૈયદની મસ્જિદ એ એલાઈનમેન્ટમાં બરાબર વચ્ચોવચ્ચ આવતી હતી. તેથી બ્રિજને જોડતો રસ્તો મસ્જિદને બાજુ પર રાખીને બનાવવામાં આવ્યો.

ટીવી પરની એક ચર્ચામાં દરગાહ તોડી પાડવાની તરફેણ કરતાં એક વ્યક્તિએ જણાવ્યું કે વિકાસ એ વિકાસ છે અને એની આડે આવતી કોઈ પણ વસ્તુને તોડી પાડવામાં આવશે, ભલે પછી એ કોઈ પણ ધર્મ કે સમુદાયની હોય. વિકાસ આપણા સમાજના કોઈ એક ભાગ તરફ કે ઈતિહાસ તરફ અસમાધાનકારી રીતે આટલો ક્રૂર ન હોવો જોઈએ. શહેરનું સમૃદ્ધ પોત ઘણી પેઢીઓથી રસાયેલું હોય છે. જો આપણે વધુ સંમિલિત શહેરી વિકાસ અપનાવવાનું નહીં શીખીએ, તો એ ક્ષણવારમાં ખતમ થઈ જશે.

વિકાસના આયોજનમાં આજે જે સમુદાયને અસર થતી હોય એની નિર્ણય-પ્રક્રિયામાં કોઈ જ ભાગીદારી લેવામાં આવતી નથી. જાહેર સુનાવણીનું નામનિશાન નથી. વિરોધ દર્શાવવામાં આવે છે, પણ એની ભાગ્યે જ નોંધ લેવાય છે. લોકોની ભાગીદારી વગર લેવાયેલા નિર્ણયોનો અમલ કરવામાં આવે છે ત્યારે લોકો હિંસાનો આશરો લે છે. અને ત્યારે તેમના પર વિકાસવિરોધી હોવાનો આરોપ લગાવાય છે. વડોદરામાં આપણે જે જોયું તે સામાન્ય લોકતાંત્રિક બંધારણના સ્પીરીટથી અને ખાસ કરીને બંધારણના ૭૪મા સુધારાની વિરુદ્ધમાં છે.

જૂના વડોદરા શહેરની બહુમુખી જિંદગીમાં સેવૈયા ખાવી, ઠંડી શિયાળાની રાતે માંડવીમાં કઢાઈનું દૂધ પીવું, જામા મસ્જિદ નજીકની દુકાનોમાંથી પતંગો ખરીદવી, તાઝિયા દરમિયાન સુંદર રીતે સજાવેલા તાઝિયાની પ્રશંસા કરવી અને વહેંચીને બિરયાની ખાવી -આ બધું સમાઈ જાય છે. શું આપણે આપણું શહેર પાછું લાવી શકીશું ? જાહેર ચર્ચામાં મગજનો પારો નીચો રાખવો અને વધુ સંમિલિત શહેરી વહીવટ ઈચ્છવો - એટલું માંગવું એ કાંઈ વધુ પડતું નથી.

*(ઈન્ડિયન એક્સપ્રેસમાંથી સાભાર)*

[જાહેર જમીન પરનાં 'દબાણો' હટાવવાની ઝુંબેશને વીએમસી, ગુજરાત સરકાર તેમજ ગુજરાત હાઈકોર્ટે 'કાયદાના રાજ' નીચે સરકારની ફરજ તરીકે ગણાવી છે. સત્તાધીશોનો દાવો છે કે તેમણે માત્ર દરગાહો જ નથી તોડી, મંદિરો પણ તોડ્યાં છે; તેમણે ઝુંપડપટ્ટીઓ જ માત્ર નથી હટાવી, આલિશાન કોમર્શિયલ સેન્ટરો પણ તોડયાં છે. પહેલો દાવો તપાસીએ તો ખ્યાલ આવે છે કે હા, તેમણે થોડાં મંદિરો જરૂર તોડ્યાં છે, પણ સાવ નવાંસવાં અને કોઈ જ અગત્યતા ન ધરાવતાં હોય તેવાં મંદિરો. એની સામે સૂફી સંતના અવશેષો પર બંધાયેલી, સદીઓ જૂની દરગાહ તોડી. આ બે વચ્ચે કોઈ સમાનતા નથી. એમના બીજા દાવાના સંદર્ભમાં જોઈએ તો વીએમસીના રિપોર્ટ મુજબ કુલ ૩૨૯૯ ગેરકાયદેસર બાંધકામોમાંથી અડધો અડધ જેટલાં (૧૬૦૧) ઝુપડાંઓની સામે ૩૮૫ કોમર્શિયલ બાંધકામો છેલ્લા એક વર્ષમાં તોડયાં છે. વળી, એક જાણકારી મુજબ પેઢીઓથી વિકસેલ મંગળબજાર અને આસપાસની 'ગેરકાયદેસર' દુકાનો/ફેરિયાઓને હટાવવાનું પણ વિચારણા હેઠળ છે. બીજો દાવો પણ ખોખલો પૂરવાર થાય છે. કોમી તનાવની વચ્ચે બધાં જ ધાર્મિક દબાણોને હટાવવાના ગુજરાત હાઈકોર્ટે આપેલા હુકમની સામે સુપ્રીમ કોર્ટે મનાઈ હુકમ આપ્યા બાદ ડિમોલીશન ડ્રાઈવ પર રોક આવ્યો છે અને વડોદરાએ થોડી શાંતિનો શ્વાસ લીધો છે. પણ એ નક્કી છે કે વડોદરા તેમજ દિલ્હી, મુંબઈ, અમદાવાદ, સુરત, રાજકોટ વગેરે ઘણાં શહેરોમાં સરકાર/કોર્પોરેશનોએ કોઈ જ ચર્ચા-વિચારણા વગર બુલડોઝરોને જે છુટ્ટો દોર આપ્યો છે, એ સ્વસ્થ શહેરી નવરચના અને વિકાસના પાયાને જ ઢીલા કરી નાખે છે. આ અંગે થોડું વિગતે આવતા અંકમાં જોઈશું -સં.] ●

# શું મારામાં કોઈ મેરિટ છે ?

*- સ્વામિનાથન્ એસ. અંકલેશ્વરિયા ઐયર*

જુવાનિયાઓ રણે ચડયાં છે. ''હું સારા માર્ક્સ મેળવવા અને સારી કોલેજમાં એડમિશન મેળવવા કેટલી મહેનત કરું છું. અને પછી જ્યારે કોઈ ઓછા માર્ક્સવાળી પણ નીચલી જાતિના સર્ટિફીકેટવાળી વ્યક્તિ મને એડમિશન ના લેવા દે તો એ શું યોગ્ય કહેવાય? એના બાપ-દાદાઓને અન્યાય થયેલો એનું મને દુઃખ છે, પણ મેં કાંઈ કોઈની સાથે વેરોઆંતરો કર્યો નથી કે કોઈનું કાંઈ બગાડયું નથી. તો ઈતિહાસના અન્યાયો માટે મને શા માટે દંડવામાં આવે છે?''

આવું જ ઘણા જુવાનિયાઓ (અને હડતાળ પર ઊતરેલા ડોકટરો) માને છે અને જાતિ પર આધારિત અનામતને ભાંડે છે. કોલેજોમાં સીટોના સૂચિત વધારાથી તેમને કોઈ સધિયારો નથી મળ્યો. તેમનું માનવું તો એ છે કે એ સીટો પણ મેરિટના આધાર પર જ ભરાવી જોઈએ. તેઓ કહે છે, આપણને જરૂર છે મેરિટ પર આધારિત સમાજની. મને લાગે છે કે ઔચિત્ય અને મેરિટ અંગેના તેમના ખ્યાલો સાવ ખોટા છે. સૌથી વધુ માર્ક્સવાળા વિદ્યાર્થીઓને લાભ આપવો એટલે સારા (right) કુટુંબોમાં જન્મ લેનાર લોકોને ફાયદો કરવો, નહીં કે સૌથી વધુ હોંશિયાર કે મેરિટ ધરાવનારને. હું બીજા પર પથ્થર ફેંકવા નથી માગતો. એટલે મારો જ દાખલો લઉં. હું એમ પુરવાર કરી શકું કે હું પોતે પણ અન્યાયી વ્યવસ્થાનો અનુચિત લાભાર્થી છું.

મારો ટ્રેક રેકોર્ડ ખૂબ સારો છે. સ્કૂલમાં ખૂબ સારા માર્ક્સ મળ્યા છે અને મારા કોલેજ કલાસમાં હંમેશા અવ્વલ રહ્યો છું. પત્રકાર તરીકે પણ હું પહેલાં ફાઈનાન્સિયલ એકસપ્રેસ અને બાદમાં ઈકોનોમિક ટાઈમ્સ -દેશના બે ટોચનાં ફાઈનાન્સિયલ વર્તમાનપત્રોના તંત્રીપદે બહુ ઝડપથી પહોંચ્યો છું. મારા કોઈ રાજકીય કે ધંધાકીય વાલી નહોતા : હું મેરિટ પર જ ઉપર આવ્યો છું.

થોડાં વર્ષો પહેલાં, એક સામયિકમાં આવેલી બુદ્ધિમત્તા-આઈક્યુ પ્રશ્નાવલીના હું ઝડપથી જવાબો આપી ગયેલો. એ કવીઝના પરિણામે મને ખ્યાલ આવ્યો કે મારો આઈક્યુ ૧૩૦-૧૩૫નો હતો. એ ખૂબ ઊંચો આંક (સ્કોર) હતો, અને માત્ર ૩ ટકા લોકો જ એનાથી વધુ બુદ્ધિમત્તા ધરાવતા હતા. આનાથી મને ખૂબ સારું લાગ્યું.

પણ હવે વિચારો. ભારતની વસ્તી છે ૧.૧ અબજની (૧૧૦ કરોડ). એમાંથી કામ કરી શકનારા ૪૦ કરોડ છે. ૪૦ કરોડના ૩ ટકા એટલે ૧.૨ કરોડ. એનો અર્થ એ થયો કે ખરેખર સમાજમાં મેરિટ આધારિત ૧.૨ કરોડ લોકો મારાથી વધુ ઊંચા સ્થાને હોવા જોઈએ.

પણ એવું નથી. ભારતમાં ઊંચી પોસ્ટ ધરાવનાર વ્યાવસાયિક લોકો માંડ ૨૦ લાખ જેટલા હશે. તો પછી ઉચ્ચ બુદ્ધિમત્તા ધરાવતા એ ૧ કરોડ ૨૦ લાખ લોકો ક્યાં હશે ? એમાંના ઘણા મજૂરો કે રસ્તા પરના ફેરિયાઓ છે.

મારા માટે ચા લાવનારો કેન્ટીનનો છોકરો કદાચ મારાથી વધુ બુદ્ધિમાન હશે, અને રસ્તાને અડીને બુટપોલિશ કરનાર છોકરો પણ કદાચ હશે. પણ તેઓ ખોટાં (wrong) કુટુંબોમાં જન્મ્યા, અને સારા ભણતર કે સારી આર્થિક તકોનો કયારેય લાભ જ ન મળ્યો. તેથી તેઓ સમાજના છેવાડે જ રહ્યા.

તે વખતે, મારા જેવા નાના લોકો આપણે સૌથી વધુ મેરિટ ધરાવીએ છીએ એવા ખોખલા દાવાને આધારે સમાજ પર છવાઈ ગયા છીએ. આપણે સારા માર્ક્સ મેળવ્યા, કારણ કે આપણા માતાપિતા ખૂબ ભણેલા હતા, આપણી પાસે શ્રેષ્ઠ પુસ્તકો હતાં, અને આપણે સારામાં સારી શાળા-કોલેજોમાં અભ્યાસ કરેલો.

પણ વધુ મેરિટ ધરાવનાર બીજા કેટલાય શિક્ષણ કે તક વગર ભારતનાં ગામડાંઓમાં અને ઝૂંપડપટ્ટીઓમાં સડી રહ્યા છે. કોઈ પણ ન્યાયી અને ઉચિત સમાજમાં સૌથી ઉચ્ચ હોદ્દાઓ પર ૧૩૫ થી વધુ બુદ્ધિમત્તા-આઈક્યુ ધરાવતા લોકો હોય. એથી ઊતરતી કક્ષાની મારા જેવી વ્યક્તિઓ (અને મોટા ભાગના હડતાળમાં જોડાયેલા ડોકટરો) માત્ર કલાર્કો કે મજૂરો જ હોય. તેથી ઉપલા વર્ગના વિદ્યાર્થીઓ એવો દાવો ન કરે કે અનામતોને લીધે મેરિટ જોખમાય છે. સૌથી વધુ મેરિટ ધરાવતા લોકો તો સારી કોલેજો કે નોકરીઓની હોડમાં દાખલ પણ થઈ શકતા નથી.

વધુ સારો સમાજ આપણે કઈ રીતે બનાવી શકીએ ?

નોકરીઓમાં અનામતનો ઉપાય એ રાજકીય રીતે લોકપ્રિય ભલે હોય, પણ એ પ્રશ્નની કોરને પણ અડકતો નથી. તેનાથી પછાત જાતિઓના


''ક્રીમી લેયર''ના એક-બે લાખને કદાચ ફાયદો થાય. પણ દેશની શેરીઓમાં અને ખેતરોમાં રહી ગયેલા ૧.૨૦ કરોડ પ્રતિભાશાળી લોકોને તે લાભ નહીં કરે.

છેવટે તો, શિક્ષણ જ બધાને સમાન કરનાર, સૌથી મોટું leveller છે. આપણું બંધારણ સાર્વત્રિક શિક્ષણની ખાતરી આપે છે. પણ આપણી કઠોર, ભ્રષ્ટાચારી સરકાર નકામી સ્કૂલ વ્યવસ્થા પાછળ કરોડો - અબજો રૂપિયા ખર્ચે છે. જુદાં જુદાં રાજ્યોમાં શિક્ષકોની ગેરહાજરી (absenteeism) ૧૪ ટકાથી ૪૫ ટકા જેટલી છે. શાળામાં ૫ વર્ષ બાદ પણ મોટા ભાગનાં બાળકો સાદા ફકરા વાંચી નથી શકતાં કે સાદા દાખલા કરી નથી શકતાં. કોઇ રાજકારણીમાં શિક્ષકોને સીધા કરવાની, એમને જવાબદાર બનાવવાની હિંમત નથી. આ સંજોગોમાં, શિક્ષણ પરનો ખર્ચો બમણો કરવાથી પરિણામમાં કોઇ જ સુધારો લાવ્યા વગર માત્ર એનો વ્યય જ બમણો કરવા બરાબર થશે. આપણે નવી, વધુ સારી વ્યવસ્થા માટે પ્રયોગો કરવા જરૂરી છે. હું એક સૂચન કરું. સરકાર શિક્ષણ પાછળ વાર્ષિક રૂા.૧૧૦,૦૦૦ કરોડ ખર્ચે છે. એમાંથી રૂા.૧૦,૦૦૦ કરોડ સીઆઇઆઇ (CII) કે ફીક્કી (FICCI) જેવાં વ્યાયવસાયિક ફેડરેશનો મારફત ગુણવત્તાવાળી સ્કૂલો ચલાવવા માટે વાપરવામાં આવે, જેમાં ૮૦ ટકા નીચલી જાતિઓ અને આદિવાસીઓ માટે અનામત રાખવામાં આવે. ટેકનિકલ મદદ દિલ્હી પબ્લિક સ્કૂલ પાસેથી મેળવી શકાય, જેણે ભારતમાં અને બહાર પણ ગુણવત્તાવાળી સ્કૂલોની શ્રૃંખલા શરૂ કરી છે.

પાંચ વર્ષની અંદર દરેક જિલ્લાના વડા મથકે બે ગુણવત્તાસભર સ્કૂલો ખોલવામાં આવે. બીજાં પાંચ વર્ષમાં બધાં જ તાલુકા વડા મથકોને આવરી લેવામાં આવે અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્કૂલો તેમજ કોલેજો માટે શિષ્યવૃત્તિ આપવામાં આવે.

આનાથી ધીમે ધીમે મેરિટ ધરાવતો સમાજ ઊભો થતો જશે. એવું નથી કે ગુણવત્તાવાળી સ્કૂલો ગરીબ હોંશિયાર વિદ્યાર્થીઓને એ બધું જ આપશે, જે આજનો ભદ્ર વર્ગ ભોગવી રહયો છેઃ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલાં માતાપિતા, પુસ્તકો અને મીડિયાની ઉપલબ્ધતા, 'સંબંધો' અને 'કનેકશનો'. પરંતુ, બ્રિટનની ઉચ્ચ ગુણવત્તાવાળી ગ્રામર સ્કૂલોએ કામદારોનાં બાળકોને ઓક્સફર્ડ અને કેમ્બ્રિજમાં દાખલ થવા માટે સશક્ત બનાવેલા એ યાદ રાખવા જેવું છે. સાદી-સીધી શરૂઆતની આપણે જરૂર છે.

*(સન્ડે ટાઈમ્સ-૨૮ મે ૨૦૦૬માંથી)* ●



**જ્ઞાન અને**

**શરીર-મન સંબંધની સમસ્યા**

**કાર્લ પોપર**

અનુવાદ : અંબરીષ મહેતા

પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય અને આર્ચ

પાનાં : ૨૨૪

કિંમત : રૂા. ૧૨૫

કાર્લ પોપરનું આ પ્રથમ ગુજરાતી પુસ્તક જુલાઈ ૨૦૦૬ના મધ્ય સુધીમાં બહાર પડી જશે.

કાર્લ પોપરથી 'ખોજ'ના વાચકો અપરિચિત નથી જ. વીસમી સદીના સૌથી પ્રભાવશાળી વિચારકોમાં એમની ગણના થાય છે. એમનાં 'Logic of Scientific Discovery' અને 'Open Society and its Enemies' જેવાં પુસ્તકો તો ક્લાસિકનો દરજ્જો મેળવી ચૂક્યાં છે. મનુષ્યને પ્રાપ્ત જ્ઞાનનું, ખાસ કરીને વૈજ્ઞાનિક જ્ઞાનનું, સ્વરૂપ શું?, તે કઈ રીતે વૃદ્ધિ પામે છે ?, અન્ય પ્રકારના જ્ઞાનથી એ કઈ રીતે જુદું પડે છે ? વગેરે કોયડાઓનો ઉકેલ એમની જીવનભરની ખોજના કેન્દ્રસ્થાને હતો. એમનાં બધાં લખાણોના મૂળમાં માણસની ગરિમા - એની સ્વતંત્રતા અને એની સાથે આવતી જવાબદારી, એની બુદ્ધિનિષ્ઠા, એની નૈતિકતા અને એનાં કાર્યો સાથેના એના સંબંધ - ને લગતા સવાલો રહેલા છે. એમના દરેક લખાણમાં એમની ઊંડી માનવતા આંખે ઊડીને વળગે છે.

આ પુસ્તક એમના અંગ્રેજી પુસ્તક "Knowledge and Body – Mind Problem: In Defense of Interaction"નો ગુજરાતી અનુવાદ છે.

આ પુસ્તક પોપરે ૧૯૬૯માં અમેરિકાની એમોરી યુનિવર્સિટીમાં આપેલ પ્રવચનો ઉપર આધારિત છે. અહીં તેઓ જોરદાર દલીલ કરે છે કે ભૌતિકવાદીઓના વિપરીત દાવા છતાં, ભૌતિક અવસ્થાઓ અને માનસિક અવસ્થાઓ વચ્ચેની પારસ્પરિક ક્રિયાની સમસ્યા હજી ઊભી જ છે. આ પારસ્પરિક ક્રિયાને તેઓ ઉત્ક્રાંતિક ઉદ્‌ભવ, મનુષ્ય ભાષા અને મનુષ્ય મનની પેદાશોના વિશ્વ-૩ના પરિપ્રેક્ષ્યમાં સમજાવે છે. સાથે બુદ્ધિનિષ્ઠા, સ્વતંત્રતા, સર્જનાત્મક્તા અને કાર્યો સાથેના આપણા સંબંધ જેવી 'મોટી સમસ્યાઓ' ઉપર પણ નવો પ્રકાશ પાડે છે. ●

# ઓઈલ ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સહકારની વધતી જતી જરૂર !

*- દિનેશ શુક્લ*

આંતરરાષ્ટ્રીય રાજકારણનું એક અત્યંત મહત્ત્વનું ચાલક બળ ઓઈલ બન્યું છે. ઓઈલ પેદા કરતાં મુઠ્ઠીભર રાષ્ટ્રોને બાદ કરતાં મોટા ભાગનાં રાષ્ટ્રોને ઓઈલ અને તેમાંથી પેદા થતી ઊર્જાજરૂરિયાતોને સંતોષવા માટે બીજાં રાષ્ટ્રો ઉપર આધાર રાખવો પડે છે. ઘણું ખરું માંગ અને પુરવઠાનાં પરિબળો આંતરરાષ્ટ્રીય ઓઈલના ભાવ નક્કી કરે છે. દુનિયાભરમાં ઓઈલની માંગ વધતી જાય છે, એટલા પ્રમાણમાં તેના પુરવઠામાં વધારો થતો નથી. બીજો મોટો પ્રશ્ન જ્યાં ઓઈલ અને ગેસ મોટા પ્રમાણમાં નીકળે છે, ત્યાંથી દુનિયાના જુદા જુદા દેશોમાં પહોંચાડવાનો છે. ઓછા ખર્ચે અને સહીસલામત ઓઈલ અને ગેસનો પુરવઠો કેવી રીતે પહોંચાડતા રહેવું, એ પણ એટલી જ મહત્ત્વની સમસ્યા છે. એ વ્યવસ્થા ઊભી કરવા માટે રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચે સહકાર અત્યંત જરૂરી છે. આંતરરાષ્ટ્રીય સહકારની કમસેકમ, આ ક્ષેત્રમાં જેટલી જરૂર અને તાકીદ છે, એટલી કદાચ બીજા કોઈ ક્ષેત્રમાં નથી.

વસ્તીની દૃષ્ટિએ ભારત કરતાં લગભગ સાડાત્રણગણું નાનું અને ચીન કરતાં લગભગ ચારગણું નાનું એવું અમેરિકા ઓઈલના ઉપયોગમાં વિશ્વમાં પહેલા ક્રમે આવે છે. બીજો ક્રમ છે, ચીનનો અને પાંચમા ક્રમે ભારત છે. અત્યારે જે અટકળો મુકાય છે (જેમાં ઘણું તથ્ય પણ છે) તે જોતાં આગામી પાંચ સાત વર્ષમાં ભારત ત્રીજે ક્રમે આવી જાય તો નવાઈ નહિ! આ ત્રણે રાષ્ટ્રો મોટા પ્રમાણમાં આયાત ઉપર આધાર રાખે છે. અમેરિકામાં ઓઈલની ખોજ અને તેનો ધંધો કરવાની વિરાટ ખાનગી (બહુરાષ્ટ્રીય) કંપનીઓ છે, જ્યારે ભારત અને ચીનમાં મહદંશે રાષ્ટ્રીય કંપનીઓ આ કાર્ય કરે છે. ભારત અને ચીન બન્નેને ''ઓઈલ સંસાધન ઉપર આધારિત રાષ્ટ્રવાદના નેતાઓ'' તરીકે ગણાવવામાં આવે છે.

ઊર્જા વપરાશની દૃષ્ટિએ આ ત્રણ વચ્ચે મોટા પ્રમાણમાં તફાવત છે. અમેરિકા તેની ઊર્જા જરૂરિયાતોમાંથી ૪૦ ટકા ઓઈલમાંથી, ૨૪ ટકા કોલસામાંથી, ૨૫ ટકા ગેસમાંથી, ૮ ટકા પરમાણુ ઊર્જામાંથી અને માત્ર ૩ ટકા જળવિદ્યુતમાંથી સંતોષે છે.

અત્યારે અમેરિકાનો ઓઈલ વપરાશ સૌથી વધુ છે, વિશ્વની કુલ માંગનો લગભગ ૨૫ ટકા ! એનો વાર્ષિક વૃદ્ધિ દર સરેરાશ દોઢ ટકા જેટલો છે. તેના ઘરેલુ ઉત્પાદનમાં ઘટાડો થવા લાગ્યો છે, આયાત ઉપર તેનો આધાર વધતો જાય છે. (આજે લગભગ ૬૫ ટકા) તેનો ક્રુડ સપ્લાય કરનારા દેશો મુખ્યત્વે કેનેડા, મેક્સિકો, સાઉદી અરેબિયા, વેનેઝુએલા અને નાઈજિરિયા છે. મધ્યપૂર્વ ઉપર તેનો આધાર માત્ર ૧૯ ટકા જેટલો જ છે, જ્યારે ચીનને ૩૮ ટકા અને ભારતને લગભગ ૬૬ ટકા જેટલો આધાર મધ્યપૂર્વના દેશો ઉપર રાખવો પડે છે. અમેરિકાની ઓઈલ સલામતીનો એક મુખ્ય આધાર મધ્યપૂર્વ અને સાઉદી અરેબિયા છે, કારણ કે આ વિસ્તારમાં વિશ્વનો લગભગ ૬૨ ટકા જેટલો અનામત જથ્થો આવેલો છે.

ચીનની વાત કરીએ તો તે પોતાની ઊર્જા જરૂરિયાતો ૨૨ ટકા ઓઈલ ઉપર, ૬૯ ટકા કોલસા ઉપર, ૩ ટકા ગેસ ઉપર અને પરમાણુ ઊર્જા ઉપર માત્ર ૧ ટકો અને ૫ ટકા જળવિદ્યુતમાંથી સંતોષે છે. ઊર્જા ઉત્પાદનનું તેનું મુખ્ય સાધન કોલસો છે અને તેના ઉત્પાદનમાં તેણે ઝડપથી વધારો કરવા માંડયો છે. તેનો હાલનો ઓઈલનો વપરાશ અમેરિકા કરતાં ત્રીજા ભાગનો છે પણ વિશ્વનું સૌથી ઝડપથી વૃદ્ધિ પામતું અર્થતંત્ર (સરેરાશ નવથી દસ ટકા) ચીનનું હોવાથી તેની ઊર્જા જરૂરિયાતો કૂદકે અને ભૂસકે વધતી જાય છે. આજથી દસ વર્ષ પહેલાં ચીન ઓઈલની નિકાસ કરતું હતું પણ હવે તેને પોતાની જરૂરિયાતોના ૪૫ ટકા ઓઈલ માટે આયાત ઉપર આધાર રાખવો પડે છે. મહદંશે તે મધ્યપૂર્વ એશિયા- પેસિફિક વિસ્તાર, આફ્રિકા અને રશિયામાંથી ઓઈલ આયાત કરે છે. ચીનની મુખ્ય બે રાષ્ટ્રીય કંપનીઓને ચીનની સરકારનો મજબૂત ટેકો છે. આયાત માટે મોટા પ્રમાણમાં જાળ

બિછાવવાનું તેણે આક્રમક રીતે શરૂ કર્યું છે.

આ બે દેશોની સરખામણીમાં ભારત કયાં ઊભું છે ? ભારત તેની ઊર્જા જરૂરિયાતો માટે ૩૨ ટકા ઓઈલ ઉપર, ૮ ટકા ગેસ ઉપર, ૫૪ ટકા કોલસા ઉપર, ૧ ટકો પરમાણુ ઊર્જા ઉપર અને ૫ ટકા જળવિદ્યુત પર આધાર રાખે છે.

ચીનની સરખામણીમાં ઓઈલનો હિસ્સો ભારતમાં વધારે છે, જ્યારે કોલસાનો હિસ્સો ચીનની સરખામણીમાં ઓછો છે. ભારતનો ઓઈલ વપરાશ અમેરિકાના એક નવમાંશ જેટલો અને ચીન કરતાં ત્રીજા ભાગનો છે. ભારતનું ઘરેલુ ક્રુડ ઉત્પાદન એક સપાટી પર પહોંચીને સ્થગિત થઈ ગયું છે. ભારતની ક્રુડ આયાતના લગભગ ૭૭ ટકા મધ્યપૂર્વના દેશો અને નાઈજિરિયામાંથી છે. ચીનની જેમ ભારત પણ પોતાની ઓઈલ જરૂરિયાત માટે બીજા દેશો ભણી નજર દોડાવી રહ્યું છે.

વિશ્વના ઓઈલના ૭૦ ટકા જેટલો અનામત જથ્થો મધ્ય-પૂર્વના દેશો ધરાવે છે. એટલે હજુ ઘણાં વર્ષો સુધી એ દેશો ઉપર ઓઈલ માટે આધાર રાખવો પડશે. પણ મધ્ય પૂર્વની ડામાડોળ રાજકીય પરિસ્થિતિ જોતાં અમેરિકા, ચીન અને ભારત આ દેશો ઉપરનું પોતાનું અવલંબન ઘટાડવા માટે વેનેઝુએલા, રશિયા અને કેસ્પીયન સમુદ્રની આસપાસ આવેલા દેશો, જેમાં મધ્યપૂર્વ પછી અનામત જથ્થો બહુ મોટા પ્રમાણમાં છે, તેમાંથી ઓઈલ મેળવવા માટે પ્રયત્નો કરી રહ્યાં છે.

વેનેઝુએલા ઓઈલની નિકાસમાં વિશ્વમાં પાંચમા ક્રમે આવે છે. તેની પાસે ૭૭ અબજ બેરલનો અનામત જથ્થો હોવાનું મનાય છે. એની કુલ નિકાસના લગભગ ૭૦ ટકા નિકાસ તો ખુદ અમેરિકામાં થાય છે, ભલે અમેરિકા અને વેનેઝુએલાના રાજકીય સંબંધો અત્યારે સારા નથી. ઈરાનના મુદ્દે વેનેઝુએલાના પ્રમુખે અમેરિકાની આકરી ટીકા કરી છે. વેનેઝુએલા સાથે ભારત સારા સંબંધ બાંધવા આતુર છે, એનું આ રહસ્ય છે.

પોતાની ઓઈલ જરૂરિયાતો સંતોષવા માટે ભારત અને ચીન વચ્ચે એક હરીફાઈ ચાલી રહી છે. ચીન બીજા દેશોમાંથી ઓઈલ મેળવવા માટે તેમની સાથે ભાગીદારીમાં ઊતરી રહ્યું છે. અનામત જથ્થાના વિસ્તારો દોહન માટે પ્રાપ્ત કરી રહ્યું છે. અંદરોઅંદર હરીફાઈ કરવાને બદલે વિશ્વના બે મુખ્ય ખરીદનારાઓ ચીન અને ભારત પરસ્પર સહયોગ સાધે તો બન્નેને લાભ થાય તેમ છે. આ વિષે આરંભિક વાટાઘાટો શરૂ થઈ છે. આ ક્ષેત્રમાં ઓઈલ-ડિપ્લોમસીની ભૂમિકા આગામી વર્ષોમાં મહત્ત્વની બનવાની છે. ભારત-ચીન સંબંધો સુધરે, તે આ દૃષ્ટિએ પણ ઈષ્ટ છે.

ઓઈલ અને ગેસ જ્યાં મોટા પ્રમાણમાં નીકળતા હોય ત્યાંથી ઉપભોક્તા દેશોમાં કેવી રીતે પહોંચાડવાં એ એક મોટી સમસ્યા છે. કાં તો મોટાં ટેન્કરો (ક્રુડ માટે ખાસ) દ્વારા અથવા તો પાઈપલાઈન મારફતે તેમનું પરિવહન કરવામાં આવે છે. હવે પાઈપલાઈનો દ્વારા પરિવહન કરવાનું વલણ વધતું જાય છે. એમાં અત્યંત અદ્યતન ઈજનેરી અને ટેકનોલોજીની જરૂર પડે છે. પણ સૌથી વધુ મહત્ત્વનું તો રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેના સારા સંબંધો છે. ઈરાનથી ભારતમાં ગેસ લાવવા જમીન ઉપરની પાઈપલાઈન માટે ભારત-પાકિસ્તાન વચ્ચે સારા અને સહકારભર્યા સંબંધો અત્યંત જરૂરી છે. જે દેશોમાંથી આ પાઈપલાઈનો પસાર થવાની હોય ત્યાંની રાજકીય સ્થિતિ સ્થિર અને સલામતીવાળી હોય તો જ આવું પરિવહન નિર્વિઘ્ને થઈ શકે.

ટૂંકમાં, ઓઈલ અને ગેસના વિશ્વ વ્યાપારમાં અર્થકારણ ઉપરાંત ભૂરાજકારણ (જિઓ - પોલિટિક્સ) અત્યંત મહત્ત્વનું પરિબળ છે. એટલે જ શરૂઆતમાં કહ્યું તેમ વિશ્વની અનેક સમસ્યાઓના નિરાકરણમાં આંતરરાષ્ટ્રીય સહકાર જરૂરી છે, તેમ આ ક્ષેત્રમાં પણ એટલો જ જરૂરી છે.

જ્યારે ભારત અને ચીન હાઈડ્રો-કાર્બન ઊર્જા સ્રોતોના ઉપયોગમાં આગળ વધશે ત્યારે વૈશ્વિક ઉષ્ણતામાન, જે આજે ભયજનક રીતે વધી રહ્યું છે, તેમાં વિશેષ ફાળો આપશે. ●

---

કેન્દ્રીય શિક્ષણ સંસ્થાઓમાં અન્ય પછાત જાતિઓ (ઓબીસી) માટે ૨૭ ટકા અનામત સીટોની જાહેરાત કરીને અર્જુનસિંઘે આ પ્રશ્ને મોટી આંધી ઊભી કરી છે. આ અત્યંત જટીલ અને ચર્ચાસ્પદ સવાલ છે, જેને વિગતે ચર્ચવાની જરૂર છે. સ્થળ સંકોચને કારણે આ અંકમાં એને સમાવી શકાયો નથી, જે આવતા અંકમાં ચર્ચીશું. સાથે જ પ્રવર્તમાન શિક્ષણ વ્યવસ્થાના સવાલો પણ ચર્ચીશું.

●

લોમ્બોર્ગની 'સંશયાત્મક પર્યાવરણવાદી' શ્રેણીને છેલ્લા બે અંકથી આગળ વધારી શકયા નથી. આ અંતરાલ માટે ક્ષમાપાર્થી છીએ. હવે પછીના એક કે બે અંકમાં તેનું સમાપન કરવાનું વિચાર્યું છે.-સં.

# નર્મદા યોજના - ફરી વિવાદના વમળમાં

*- અંબરીષ મહેતા*

'ખોજ' શરૂ કર્યું ત્યારે નર્મદા-યોજનાના વિસ્થાપન વિશે કે મેધા પાટકર અને 'નર્મદા બચાઓ' આંદોલન (NBA) વિશે કશું લખવાનું થશે, એવી કલ્પના પણ નહોતી. એક તો આ પ્રશ્ને આગળ ઘણું લખી ચૂક્યા છીએ. એટલે એ દોહરાવવાને કોઈ કારણ ન્હોતું. ઉપરાંત ૨૦૦૦ની સાલમાં સુપ્રીમ કોર્ટે NBAની પીટીશન કાઢી નાંખીને બંધની ઊંચાઈ વધારવાની (અલબત્ત, પુનર્વસવાટની કામગીરી સાથે તાલ મિલાવવાની pari-passu શરત સાથે) મંજૂરી આપી, ત્યાર પછી નાનાં મોટાં છમકલાંઓને બાદ કરતાં આ પ્રશ્ને એકંદરે શાંતિ હતી. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અખબારો અને પ્રસાર-માધ્યમોનો રસ ઓછો થઈ ગયો હતો. બીજી બાજુ, છત્તીસગઢ છૂટું પડી જવાને કારણે મધ્યપ્રદેશ (મ.પ્ર.)ની સરકાર વીજળીની તંગી અનુભવી રહી હતી. એટલે એણે પણ 'અમે વીજળી જતી કરીશું, પણ બંધની ઊંચાઈ ઘટાડો'ની વાત પડતી મૂકવી પડેલી અને બંધનું કામ ઝડપથી પૂરું થવું જોઈએ એમ કહેવા માંડેલું. NBAએ, અલબત્ત, દર વર્ષે ઊંચાઈ વધારવાની વાત આવે ત્યારે રાબેતા મુજબ તે સામે વિરોધ નોંધાવવાનું ચાલુ રાખેલું. પરંતુ એની ખાસ અસર નહોતી થતી. એટલું જ નહીં, મ.પ્ર.ના વિસ્થાપિતોના પુનર્વસવાટ અંગે તેમજ મ.પ્ર. સરકારની નીતિઓની ઊણપો વિશે જે પ્રકારના પ્રશ્નો એણે ઉઠાવવા માંડેલા (જે અંગે અત્યાર સુધી એણે કોઈ સવાલ જ ઊભા નહોતા કર્યા) તે જોઈને તો એક એવી છાપ પણ પડેલી કે મોડે મોડે પણ છેવટે એણે બંધના વિરોધનો મુદ્દો બાજુ પર મૂકીને પુનર્વસવાટના પ્રશ્ને વોચ-ડોગની ભૂમિકા અપનાવવાનું રચનાત્મક વલણ અપનાવવાનું ચાલુ કર્યુ છે.

છેલ્લા બે મહિનાની ઘટનાઓએ, અલબત્ત, આ છાપ ખોટી ઠેરવી દીધી છે. હવે તો એમ જ માનવું પડે કે છેલ્લાં કેટલાંક વર્ષોની શાંતિ હકીકતમાં તો તોફાન પહેલાંની શાંતિ હતી.

૮ માર્ચે નર્મદા કન્ટ્રોલ ઓથોરિટી (NCA)ના પુનર્વસવાટ સબ-ગૃપે બંધની ઊંચાઈ ૧૧૦.૬૪ મીટરથી વધારીને ૧૨૧.૯૨ મીટર સુધી લઈ જવાની મંજૂરી આપી. અને ૧૭ માર્ચથી એનો વિરોધ કરવાને દિલ્હીમાં જળસંસાધન મંત્રાલયની ઓફિસની સામે NBAનાં ધરણા શરૂ થઈ ગયા. સુપ્રીમ કોર્ટમાં મ.પ્ર.ના કેટલાક અસરગ્રસ્તોના નામે અરજી કરાઈ. ૨૯ માર્ચથી મેધા પાટકર તેમજ મ.પ્ર.ના બે વિસ્થાપિતોના આમરણ ઉપવાસ શરૂ થયા અને જોતજોતાંમાં તો આખા દેશમાં આ પ્રશ્ને ઊહાપોહ મચી ગયો.

NBAની વાત પણ એવી હતી કે આવો ઊહાપોહ ના મચે તો જ નવાઈ લાગે. એની વાત બહુ સીધી હતી. તેના કહેવા મુજબ :

- બંધની ઊંચાઈ વધારવાના આ નિર્ણયને કારણે આ ચોમાસામાં જ ૩૦ થી ૩૫ હજાર અસરગ્રસ્ત કુટુંબોનાં ઘર-જમીન ડુબાણમાં જવાનાં છે. એમાંથી મ.પ્ર.ના મોટાભાગના અસરગ્રસ્તોના પુનર્વસવાટ માટે મ.પ્ર.ની સરકારે હજી સુધી કોઈ કાર્યવાહી કરી નથી. તે કાગળ ઉપર તો આ બધાં કુટુંબોનો પુનર્વસવાટ થઈ ગયો હોવાનું દેખાડે છે, પરંતુ હકીકત તો એ છે કે ૧૧૦ મીટરની ઊંચાઈથી જે કુટુંબોને અસર થતી હતી તેમનો પુનર્વસવાટ પણ હજી થયો નથી.

- સુપ્રીમ કોર્ટે ૨૦૦૦ના ચુકાદામાં બંધનું કામ આગળ વધારવાની મંજૂરી આપેલી ત્યારે સ્પષ્ટ આદેશ આપ્યો હતો કે દર વર્ષે બંધની ઊંચાઈ વધારવાનો નિર્ણય લેતા પહેલાં એનાથી પ્રભાવિત થનાર વિસ્થાપિત કુટુંબોના પુનર્વસવાટની કામગીરી પૂરી થઈ શકે એમ હોય તો જ ઊંચાઈ વધારવાની મંજૂરી આપવી. આ ઉપરાંત નર્મદા ટ્રીબ્યુનલના ચુકાદા મુજબ પણ ડુબાણના એક વર્ષ પહેલાં જ પુનર્વસવાટની તમામ કામગીરી પૂરી થઈ જવી જોઈએ. આમ, ઊંચાઈ વધારવાની મંજૂરી આપતો NCAનો ૮ માર્ચનો નિર્ણય સુપ્રીમ કોર્ટ અને ટ્રીબ્યુનલના આદેશોની સ્પષ્ટ અવહેલના કરે છે અને તે પાછો ખેંચાવો જ જોઈએ.

- એમ નહીં થાય તો હજારો આદિવાસી, ખેડૂત કુટુંબો થોડા જ મહિનામાં પોતાનાં ઘર-જમીન ગુમાવીને રસ્તા પર રઝળતાં થઈ જશે.

સ્પષ્ટ છે કે આ તો સહેલાઈથી ગળે ઊતરી જાય એવી વાત છે. કોઈ પણ હિસાબે બંધને રોકી પાડવાની NBAની નીતિ-રીતિથી પરિચિત હોય એને પણ એમ જ લાગે કે આવું તો કઈ રીતે ચલાવી લેવાય ? દેશભરમાંથી અનેક નામાંકિત વ્યક્તિઓએ NBAના આ ઉપવાસ-આંદોલનને પોતાનો ટેકો જાહેર કર્યો અને વડા પ્રધાનને હસ્તક્ષેપ કરવાની અપીલ કરી તેમાં કોઈ નવાઈ નથી. નવાઈ તો એ વાતની છે કે આવી સ્પષ્ટ તાકીદનો સંદેશ હોવા છતાં, ઘણા લોકો NBAની આ વાત સહેલાઈથી સ્વીકારી લેવાને તૈયાર નહોતા. અંગ્રેજી અખબારો અને મેગેઝીનો, જે અત્યાર સુધી NBA કે મેધા પાટકર વિરુધ્ધ કશું છાપતાં નહોતાં, તેમણે આ વખતે NBAની ટીકા કરતાં ઘણા લેખો છાપ્યાં. ટી.વી. ચેનલોમાં પણ સવાલો ઊઠ્યા. વડાપ્રધાને પણ, જબરજસ્ત નૈતિક દબાણ હોવા છતાં, હસ્તક્ષેપ કર્યો નહીં અને ખરેખર સાચી પરિસ્થિતિ શું છે એની માહિતી ભેગી કરવાની યોજના બનાવી. સુપ્રીમ કોર્ટે પણ વડાપ્રધાનની યોજનાને ટેકો આપ્યો અને બંધનું કામ રોકવાનો ઈન્કાર કર્યો. NBAની ઘટતી વિશ્વસનીયતાની આ નિશાનીઓ છે.

બીજી બાજુ, મ.પ્ર.ની સરકાર જે આંકડા આપી રહી છે તેમાંથી પણ બંધની ઊંચાઈ વધારવાને કારણે આ વરસે મ.પ્ર.નાં ગામોમાં ખરેખર કેટલાં કુટુંબોની જમીન ડુબાણમાં જવાની, કેટલાંનાં ઘર ડુબાણમાં જવાનાં છે, સો વર્ષે એકવાર આવે એવું મોટું પૂર આવે તો તેના બેક-વોટરની અસરથી કેટલાં ઘરો પ્રભાવિત થાય એમ છે, જેમનાં ઘર-જમીન ડૂબમાં જવાનાં છે તેમાંથી કેટલાંનો પુનર્વસવાટ થઈ ગયો છે, કેટલાંનો બાકી છે, બેક-વોટરની અસર થાય એમ છે તેમને માટે શું વ્યવસ્થા કરી છે, વગેરે સવાલોના કોઈ સ્પષ્ટ જવાબ મળતા નથી. એથી વિપરિત એ જે આંકડા રજૂ કરી રહી છે તે ઉપર ઉપરથી તો NBAની વાતનું જ અનુમોદન કરતા જણાય છે. ગુજરાત સરકાર તેમજ ગુજરાતના બંધ સમર્થકો પણ પરિસ્થિતિ ખરેખર શું છે તેની સાચી માહિતી પૂરી પાડવાને બદલે હજીયે 'ગુજરાત વિરોધી સાજીશ'નું જૂનું પુરાણું ગાણું જ ગાયા કરે છે. ઉપરાંત NBAની વડોદરાની ઓફિસમાં તોડફોડ કરવાની કે આમિર ખાનની ફિલ્મોને ગુજરાતમાં નહીં આવવા દેવાની હિંસક ટોળાંશાહીને સીધો કે આડકતરો ટેકો આપી રહ્યા છે.

આ બધામાં પરિસ્થિતિ ખરેખર શું છે તેનું સ્પષ્ટ ચિત્ર જ સામે નથી આવ્યું અને ઘણી ગેરસમજણો અને ભ્રમણાઓ પેદા થઈ છે. ઘણી સંવેદનશીલ વ્યક્તિઓને તો એમ જ લાગે છે કે આ તો એક વહીવટી સ્ટ્રીમરોલર જ ફેરવી દેવાઈ રહ્યું છે જેમાં ગરીબ આદિવાસીઓ, ખેડુતોના પુનર્વસવાટના વાજબી સવાલોને બાજુ પર હડસેલી દેવામાં આવી રહ્યા છે.

અહીં આ સવાલોના જવાબ શોધીને સાચી પરિસ્થિતિનું ચિત્ર રજૂ કરવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે. શરૂઆતમાં બંધ પૂરેપૂરો બંધાઈ જાય (એટલે કે ૧૩૮.૬૪ મીટરની ઊંચાઈએ પહોંચી જાય) ત્યારે મ.પ્રનાં ગામોમાં કેટલા લોકો ક્યા પ્રકારના વિસ્થાપનનો સામનો કરશે અને તેમના ન્યાયી પુનર્વસવાટની સંભાવના કેવી છે તે સમજવાની કોશિશ કરીશું, કારણ કે તે અંગે પણ સાચી માહિતીના અભાવમાં ઘણી ગેરસમજણો પ્રવર્તી રહી છે. એ એક વાર સ્પષ્ટ થઈ જાય પછી આ વરસે ૧૨૧.૯૨ મીટરની ઊંચાઈએ ખરેખર શું થવાનું છે તે સમજવામાં ખાસ તકલીફ નહીં પડે.

### વિસ્થાપનના પ્રકાર

સૌથી પહેલાં તો એક વાત બરાબર સમજી લેવાની જરૂર છે કે સરદાર સરોવરને કારણે ગુજરાત અને મહારાષ્ટ્રનાં ગામોમાં જે પ્રકારનું વિસ્થાપન થયું છે તે અને મ.પ્ર.નાં મોટાભાગનાં ગામોમાં જે પ્રકારનું વિસ્થાપન થવાનું છે તેમાં આસમાન-જમીનનો ફરક છે. ગુજરાત અને મહારાષ્ટ્રનાં બધાં જ ગામો ડુંગર વિસ્તારનાં આદિવાસી ગામો છે. જ્યારે મ.પ્ર.માં ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદોને અડીને આવેલાં શરૂઆતનાં ૫૩ ગામોને બાદ કરતાં બાકીનાં ૧૪૦ ગામો તો નિમાડ વિસ્તારનાં રાસ્તી ગામો છે, જેમાં પાટીદારો અને રજપૂતોનું વર્ચસ્વ છે. આ બે પ્રકારનાં ગામોની આર્થિક-સામાજિક પરિસ્થિતિ વચ્ચે મોટો તફાવત છે - નિમાડનાં ગામોની મોટાભાગની ખેતી સિંચાઈવાળી અને ખાસ્સી ઉત્પાદક, લોકો બધા સમૃધ્ધ અને ગામો આધુનિક સગવડોથી સજ્જ. જ્યારે ડુંગર વિસ્તારનાં ગામોમાં મુખ્યત્વે વરસાદ-આધારિત સૂકી ખેતી જેમાંથી માંડ બે ટંક ખાવા મળી રહે અને રસ્તા, દવાખાનાં, નિશાળ જેવી પાયાની સગવડોનો સદંતર અભાવ. બંને પ્રકારનાં ગામોની ભૌગોલિક સ્થિતિ અને રહેઠાણની પેટર્ન પણ ખાસ્સી જુદી, જેની સીધી અસર આ બે પ્રકારનાં ગામોના વિસ્થાપનના જુદા જુદા પ્રકારમાં જોવા મળે છે.

ડુંગર વિસ્તારનાં ગામોમાં સામાન્ય રીતે લોકો ખેતીની જમીનમાં જ ઘરો બનાવે. પરિણામે ઘરો તેમજ ખેતરો આખા ગામમાં જુદી જુદી ઊંચાઈએ જુદાં જુદાં ફળિયાંમાં પથરાયેલાં જોવા મળે. વિસ્થાપનના સંદર્ભમાં આનું સીધું પરિણામ જોવા મળે છે કે આંશિક રીતે ડુબાણમાં જતાં ગામોમાં પણ મોટાભાગનાં અસરગ્રસ્ત કુટુંબો પોતાનાં ઘર-જમીન બંને ગુમાવે, અને જે બચી જતાં હોય તે ઘર કે જમીન એકે ના ગુમાવે અને એ રીતે અસરગ્રસ્તની વ્યાખ્યામાં જ ના આવે. (અલબત્ત, આ

સામાન્ય ચિત્ર જ છે જેમાં કેટલાક અપવાદ જરૂર જોવા મળે). આનો અર્થ એ થયો કે આ ગામોના અસરગ્રસ્તો પૂરેપૂરા વિસ્થાપિત થાય અને એમના પુનર્વસવાટ માટે સાવ નવી જ જગ્યાઓએ ખેતીની જમીન તેમજ ઘર બંને આપવાં પડે.

રાસ્તી વિભાગોમાં સામાન્ય રીતે રહેણાંકનાં મકાનો ખેતીની જમીનથી અલગ ગામતળની જમીનોમાં જોવાં મળે, જે મોટા ભાગે નદીના કિનારે હોય. એટલે આંશિક રીતે ડુબાણમાં જતાં ગામોમાં પણ મોટાભાગનાં મકાનો તો ડૂબી જ જાય, જ્યારે ખેતીની જમીન થોડી જ ડૂબતી હોય, કે ડૂબતી જ ન હોય. આમ, આ ગામોમાં અસરગ્રસ્તોની સંખ્યા ઘણી મોટી જોવા મળે. પરંતુ એમાંનાં મોટાભાગનાં તો માત્ર ઘર જ ગુમાવતાં હોય અને થોડા લોકો જ જમીન કે જમીન અને ઘર બંને ગુમાવતા હોય. જે લોકો માત્ર મકાન ગુમાવતા હોય તે પણ વિસ્થાપિત તો ગણાય જ, પરંતુ તે એવા વિસ્થાપિત નથી જેમણે સાવ નવી જ જગ્યાએ એમનું સંપૂર્ણ જીવન નવેસરથી શરૂ કરવાનું છે. તેમણે તો બસ પોતાનાં ઘરો જ સરોવરથી ઉપરની બાજુ ખસેડી લેવાનાં છે. તેમનાં જીવનનિર્વાહનાં સાધન (જમીન), સામાજિક સંબંધો, સંસ્કૃતિ વગેરેને કોઈ આંચ આવવાની નથી.

ટ્રીબ્યુનલના ચુકાદામાં પણ આ બે પ્રકારના વિસ્થાપન વચ્ચે સ્પષ્ટ તફાવત કરવામાં આવ્યો છે. તે મુજબ જે અસરગ્રસ્ત કુટુંબો તેમની કુલ જમીનની ૨૫ ટકાથી વધારે જમીન ગુમાવતા હોય તેમને જ પુનર્વસવાટના સ્થળે ઓછામાં ઓછી પાંચ એકર જમીન આપવાની થાય છે. જ્યારે જે કુટુંબોની ૨૫ ટકા કે તેથી ઓછી જમીનો ડૂબમાં જતી હોય કે ફક્ત મકાન જ ડૂબમાં જતું હોય તેમને તો (મૂળ જમીન-મકાનના વળતર ઉપરાંત) ઘર બનાવવા માટેના પ્લોટ આપવાના થાય છે. નિશાળ, રસ્તા, દવાખાનું, કોમ્યુનીટી હોલ, પીવાના પાણીના કૂવા, જેવી જાહેર સુવિધાઓ, અલબત્ત, બંને પ્રકારના વિસ્થાપિતોને પૂરી પાડવાની છે. આ ઉપરાંત કુટુંબની એણે જે વ્યાખ્યા કરી છે તે મુજબ પુખ્ત (૧૮ વર્ષ કે મોટી) ઉંમરના દરેક દિકરાને અલગ કુટુંબ તરીકે ગણવાનો થાય છે.

### મ.પ્ર.નાં કેટલાં કુટુંબોને કેવી અસર થવાની છે ?

આટલું સમજી લીધા પછી હવે સરદાર સરોવરથી ડૂબમાં જતાં મ.પ્ર.નાં ગામોમાં ખરેખર કેટલાં કુટુંબોને ક્યા પ્રકારના વિસ્થાપનની અસર થવાની છે તે જોઈએ. ૩૨માં પાના પરના કોષ્ટકમાં ડુંગર વિસ્તાર અને નિમાડનાં રાસ્તી ગામોને અલગ તારવીને તે બંને વિભાગોમાં પડતાં ગામોને ગામની કેટલા ટકા ખેતીની જમીનો ડૂબમાં જાય છે એના આધારે જુદી જુદી પાંચ કેટેગરીમાં વહેંચ્યાં છે અને એ દરેક કેટેગરીમાં પડતાં ગામોની સંખ્યા, કુલ જમીન, ડૂબમાં જતી જમીન, કુલ અસરગ્રસ્ત કુટુંબો, જમીન કે જમીન અને મકાન બંને ગુમાવનાર અસરગ્રસ્ત કુટુંબો અને ફક્ત મકાન ગુમાવનાર અસરગ્રસ્ત કુટુંબોના આંકડા દર્શાવ્યા છે. આ કોષ્ટક મ.પ્ર. સરકારે (NVDA) ૧૯૯૩ના માર્ચમાં તૈયાર કરેલ એકશન પ્લાનમાં આપેલ ગામવાર માહિતીને આધારે તૈયાર કર્યું છે. મ.પ્ર.ના વિસ્થાપનના પ્રશ્નની અત્યાર સુધીની ચર્ચામાં આ આંકડાઓ જ અધિકૃત આંકડા તરીકે સ્વીકારાયેલા છે.

આ આંકડાઓની ચર્ચા કરતાં પહેલાં એક સ્પષ્ટતા કરવી જરૂરી છે કે મ.પ્ર. સરકારે આ એકશન પ્લાનમાં કેટલાક પાયાના આંકડા જે સ્પષ્ટ રીતે આપવા જોઈએ તે નથી આપ્યા. પરિણામે એમાંથી ખરેખર વાસ્તવિક સ્થિતિ શું છે તે તારવવા માટે આપણે કેટલીક ગણતરીઓ અને પૂર્વધારણાઓનો સહારો લેવો પડશે. દરેક ગામમાં ખેતીની કુલ જમીન કેટલી છે અને ડૂબમાં જતી જમીન કેટલી છે તેના આંકડા તો સ્પષ્ટ રીતે દર્શાવ્યા છે, એટલે એના અર્થઘટનમાં તો જાણે કોઈ મુશ્કેલી નથી. અસરગ્રસ્ત કુટુંબોની બાબતમાં એણે કુલ કુટુંબના વડા (મુખીયા) કેટલા અને તેમના પુખ્ત ઉંમરના દીકરા કેટલા તેના આંકડા આપ્યા છે. એટલે એ બેના સરવાળાથી કુલ અસરગ્રસ્ત કુટુંબોની સંખ્યા પણ મળી જાય છે. પરંતુ એમાંથી કેટલાં કુટુંબો જમીન ગુમાવે છે, કેટલાં જમીન અને મકાન બંને ગુમાવે છે અને કેટલાં કેટલા ફક્ત મકાન ગુમાવે છે તેનું વિભાજન કરતી વખતે એમાં એણે માત્ર કુટુંબના વડાઓ (મુખીયા)ને જ ધ્યાનમાં રાખ્યા છે અને પુખ્ત ઉંમરના દીકરાઓમાંથી કેટલા જમીન ગુમાવનાર વડાઓના દીકરા છે અને કેટલા ફક્ત મકાન ગુમાવનાર વડાઓના દીકરા છે તેનું કોઈ વિભાજન નથી કર્યું. આમ ગામનાં કુલ અસરગ્રસ્ત કુટુંબોમાંથી કેટલાં કુટુંબો જમીન ગુમાવે છે કે જમીન અને મકાન બંને ગુમાવે છે અને કેટલાં ફક્ત મકાન - તેના સીધે-સીધા આંકડા મળતા નથી. આમ, એનો એક જાડો અંદાજ મેળવવો હોય તો એમ ધારી લેવું પડે કે કુટુંબના વડાની કુલ સંખ્યા જે રીતે જમીન ગુમાવનાર અને મકાન ગુમાવનારની કેટેગરીમાં વહેંચાયેલી છે, એ જ રીતે પુખ્ત ઉંમરના દીકરાઓ પણ વહેંચાયેલા હશે. એમ જ હોય એ કંઈ જરૂરી નથી. પરંતુ, એનાથી એક જાડો અંદાજ જરૂર મળે છે, જે મેળવવો ઘણો જરૂરી છે. આમ, કોષ્ટકમાં જમીન ગુમાવનાર અને મકાન ગુમાવનાર કુટુંબોના જે આંકડા આપ્યા છે તે આ રીતે ગણતરી કરીને મેળવેલા અંદાજિત આંકડા છે, એ ધ્યાનમાં રાખવું.

બીજો સવાલ જમીન ગુમાવનાર કુટુંબોમાં કોનો સમાવેશ થાય તેનો છે. આપણે ઉપર જોયું તેમ ટ્રીબ્યુનલના ચુકાદા પ્રમાણે તો જે કુટુંબો

**કોષ્ટક : સરદાર સરોવર યોજનાને કારણે મ.પ્ર.નાં ડૂબમાં જતાં ગામોમાં વિસ્થાપનની તરાહ**

| ગામોની કેટેગરી - વિસ્તાર તેમજ ડૂબમાં જતી જમીનના આધારે | ગામોની સંખ્યા | કુલ ખેતીની જમીન હે. | ડૂબમાં જતી ખેતીની જમીન હે. | ટકા | કુલ અસરગ્રસ્ત કુટુંબો | જમીન ગુમાવનાર અસરગ્રસ્ત કુટુંબો | ફક્ત મકાન ગુમાવનાર અસરગ્રસ્ત કુટુંબો |
|---|---|---|---|---|---|---|---|
| **૧. ડુંગર-વિસ્તાર** | | | | | | | |
| < ૧ % | ૫ | ૧૪૭૯ | ૬ | ૦ | ૭૬ | ૭૩ | ૩ |
| ૧-૧૦ % | ૯ | ૧૯૦૭ | ૧૦૩ | ૫ | ૫૧૫ | ૩૯૧ | ૧૨૪ |
| ૧૧-૨૫ % | ૯ | ૧૮૮૦ | ૩૩૬ | ૧૮ | ૧૦૩૪ | ૬૮૩ | ૩૫૧ |
| ૨૬-૫૦ % | ૧૬ | ૪૪૯૧ | ૧૬૯૧ | ૩૮ | ૩૬૧૪ | ૨૭૨૭ | ૮૮૭ |
| > ૫૦% | ૧૪ | ૧૪૧૮ | ૧૦૦૩ | ૭૧ | ૨૦૦૮ | ૧૪૨૧ | ૫૮૭ |
| **ડુંગર વિ. કુલ** | **૫૩** | **૧૧૧૭૫** | **૩૧૩૯** | **૨૮** | **૭૨૪૭** | **૫૨૯૫** | **૧૯૫૨** |
| **૨. નિમાડ વિસ્તાર** | | | | | | | |
| < ૧ % | ૫૦ | ૧૪૭૦૪ | ૨૧ | ૦ | ૭૮૯૮ | ૨૦૪ | ૭૬૯૪ |
| ૧-૧૦ % | ૬૧ | ૨૦૮૦૪ | ૯૩૭ | ૫ | ૯૦૮૯ | ૨૮૬૯ | ૬૨૨૦ |
| ૧૧-૨૫ % | ૧૬ | ૬૧૯૮ | ૯૬૩ | ૧૬ | ૫૯૨૧ | ૨૧૦૪ | ૩૮૧૭ |
| ૨૬-૫૦ % | ૮ | ૨૦૩૪ | ૮૨૯ | ૪૧ | ૧૯૬૨ | ૧૧૮૪ | ૭૭૮ |
| > ૫૦% | ૫ | ૯૩૬ | ૬૮૨ | ૭૩ | ૮૯૭ | ૬૦૯ | ૨૮૮ |
| **નિમાડ કુલ** | **૧૪૦** | **૪૪૬૭૬** | **૩૪૩૨** | **૮** | **૨૫૭૬૭** | **૬૯૭૦** | **૧૮૭૯૭** |
| **કુલ** | **૧૯૩** | **૫૫૮૫૧** | **૬૫૭૧** | **૧૨** | **૩૩૦૧૪** | **૧૨૨૬૫** | **૨૦૭૪૯** |

:

*March 1993.* નોંધ: ૧) અસરગ્રસ્ત કુટુંબોની સંખ્યામાં પુખ્ત ઉંમરના દીકરાઓને અલગ કુટુંબ તરીકે ગણી લેવામાં આવ્યા છે. ૨) જમીન ગુમાવનાર કુટુંબોની સંખ્યામાં ૨૫ ટકા કરતાં ઓછી જમીન ગુમાવનાર કુટુંબોનો પણ સમાવેશ થયો છે. એટલે જમીનના બદલે જમીન મેળવવાને પાત્ર કુટુંબોની સંખ્યા તો અહીં દર્શાવી છે એના કરતા ઓછી હોવાની.

તેમની કુલ જમીનના ૨૫ ટકા કરતા વધારે જમીન ગુમાવે તે જ કુટુંબોને જમીનના બદલે જમીન આપવાની થાય છે. માટે ખરેખર તો એવાં કુટુંબોને જ જમીન ગુમાવનાર કુટુંબ તરીકે ગણી શકાય. પરંતુ એમ કરવાને બદલે મ.પ્ર. સરકારે જે કુટુંબો ૨૫ ટકાથી ઓછી જમીન ગુમાવતાં હોય તેમને પણ જમીન ગુમાવનાર કુટુંબો તરીકે દર્શાવ્યા છે, જે ખરેખર તો ફક્ત મકાન ગુમાવનાર કુટુંબોની કેટેગરીમાં પડે, કારણ કે એમને પુનર્વસવાટના સ્થળે ફક્ત મકાનના પ્લોટ જ આપવાના છે. હજી આજે પણ મ.પ્ર.ની સરકારે ૨૫ ટકાથી વધારે જમીન ગુમાવનારાં કુટુંબોની સંખ્યા કેટલી તેના ગામવાર આંકડા આપ્યા નથી. આવું એણે કેમ કર્યું છે તેનો એક રોચક ઇતિહાસ છે, પરંતુ તેની ચર્ચા પાછળથી કરીશું. અત્યારે તો આ કેવિયેટ ધ્યાનમાં રાખીને આ કોષ્ટકના આંકડાઓ શું દર્શાવે છે તે જોઈએ.

કુલ સ્થિતિ પર નજર નાખીએ તો આ કોષ્ટક મુજબ મ.પ્ર.નાં ગામોની કુલ ૫૫૮૫૧ હેક્ટર ખેતીની જમીનમાંથી કુલ ૬૫૭૧ હે. (૧૨ ટકા) જમીન ડૂબમાં જાય છે. કુલ ૩૩૦૧૪ કુટુંબોને અસર થાય છે. તેમાંથી ૨૦૭૪૯ (૬૩ ટકા) કુટુંબો માત્ર મકાનો ગુમાવે છે, જ્યારે ૧૨૨૬૫ (૩૭ ટકા) કુટુંબો જમીન અથવા તો જમીન અને ઘર બંને ગુમાવે છે. ઉપર કહ્યું તેમ જમીન ગુમાવનારાં ૧૨૨૬૫ કુટુંબોમાં, ૨૫ ટકાથી ઓછી જમીન ગુમાવતાં કુટુંબોનો પણ સમાવેશ થઈ જાય છે. એટલે જેમને જમીનના બદલે જમીન આપવાની થાય એ કુટુંબોની સંખ્યા તો એના કરતાં ઘણી ઓછી હશે. એનો અંદાજ મેળવવા આપણે ડુંગર વિસ્તાર અને નિમાડ વિસ્તારનાં ગામોની સ્થિતિને વિગતે તપાસવી પડશે.

## ડુંગર વિસ્તાર

ડુંગર વિસ્તારનાં ૫૩ આદિવાસી ગામોમાં કુલ ૧૧,૧૭૫ હે. ખેતીની જમીનમાંથી ૩૧૩૯ હે. (૨૮ ટકા) જમીન ડૂબમાં જાય છે. કુલ અસરગ્રસ્ત કુટુંબો ૭૨૪૭ છે, જેમાંથી ૫૨૯૫ કુટુંબો (૭૩ ટકા) જમીન અથવા તો જમીન તેમજ ઘર ગુમાવે છે જ્યારે ૧૯૫૨ (૨૭ ટકા) કુટુંબો માત્ર ઘર ગુમાવે છે.

૧૪ ગામો એવાં છે જેમાં ગામની કુલ જમીનની ૧૦ ટકા કે તેથી ઓછી જમીનો ડૂબમાં જાય છે. જ્યારે ૯ ગામોમાં ૧૧-૨૫ ટકા જેટલી, ૧૬ ગામોમાં ૨૬-૫૦ ટકા જેટલી અને બાકીનાં ૧૪ ગામોમાં ૫૦ ટકાથી વધારે જમીનો ડૂબમાં જાય છે.

ઉપર જણાવ્યું તેમ જમીન ગુમાવતાં ૫૨૯૫ કુટુંબોમાં ૨૫ ટકા કરતાં ઓછી જમીન ગુમાવનારાંઓનો પણ સમાવેશ થઈ જાય છે. ૧૦ ટકાથી ઓછી જમીન ગુમાવનાર ૧૪ ગામોમાં કુલ ૩૮૮૬ હે. જમીનમાંથી માત્ર ૧૦૯ હે. (૩ ટકા) જમીન ડૂબમાં જાય છે. એટલે આ ગામોનાં બહું થોડાં કુટુંબો ૨૫ ટકા કરતાં વધારે જમીન ગુમાવતાં હશે, છતાં માની લઈએ કે એવાં લગભગ ૧૧૬ (૨૫ ટકા) કુટુંબો હશે. ડુંગર વિસ્તારની પરિસ્થિતિને ખ્યાલમાં રાખીને એમ માની લઈએ કે ૧૦ ટકાથી વધારે જમીન ગુમાવતાં બાકીનાં ૩૯ ગામોમાં જમીન ગુમાવનાર બધાં કુટુંબો ૨૫ ટકાથી વધારે જમીન ગુમાવે છે તો પણ આ ગામોમાં જમીનના બદલે જમીન આપવાની થાય એવાં કુટુંબોની સંખ્યા ૪૯૪૭ જેટલી થાય. આમ ડુંગર વિસ્તારનાં ૫૩ આદિવાસી ગામોનાં કુલ ૭૨૪૭ કુટુંબોમાંથી આશરે ૫૦૦૦ (૬૯ ટકા) કુટુંબો જમીનના બદલે જમીન મેળવવાને હકદાર છે એમ માની શકાય. જ્યારે બાકીનાં ૨૨૪૭ (૩૧ ટકા) કુટુંબોને ફક્ત રહેઠાણના પ્લોટ આપવાના થાય છે.

આ ૫૩ ગામોમાં ઘણાં એવાં ગામોનો પણ સમાવેશ થઈ જાય છે જે ડુંગર-વિસ્તાર અને રાસ્તી વિભાગ ભેગા થતા હોય એની સરહદ પર આવેલાં છે અને એમનો થોડો ભાગ ડુંગરાળ છે, જ્યારે બાકીનો સપાટ. એ ગામોમાં આદિવાસીઓ સિવાય બીજા લોકોની સંખ્યા પણ ખાસ્સી મોટી છે. એ કારણસર આ ગામોમાં ફક્ત ઘર ગુમાવનારાઓની સંખ્યા, સામાન્ય રીતે આદિવાસી વિસ્તારોમાં જોવા મળે એના કરતાં વધારે જોવા મળે છે. એમાં જમીન નહીં ગુમાવનારા ખેડુતો, જમીનવિહોણા ખેતમજૂરો કે અન્ય જમીનવિહોણાં કુટુંબો હોઈ શકે.

## નિમાડ

નિમાડના રાસ્તી વિભાગનાં ગામોની હવે વાત કરીએ. અહીં ચિત્ર સાવ જુદું જ જોવા મળે છે. ૧૪૦ ગામોની ૪૪,૬૭૬ હે. ખેતીની જમીનમાંથી માત્ર ૩૪૩૨ હે. (૮ ટકા) જમીન ડુબાણમાં જાય છે. આ ગામોનાં કુલ ૨૫૭૬૭ કુટુંબોમાંથી ૧૮૭૯૭ (૭૩ ટકા ) કુટુંબો માત્ર ઘરો ગુમાવે છે, અને માત્ર ૬૯૭૦ (૨૭ ટકા) કુટુંબો જ જમીન ગુમાવે છે. અને એમાંથી પણ ઘણાં તો ૨૫ ટકાથી ઓછી જ જમીનો ગુમાવનારાં છે. ઘર ગુમાવનાર ૧૮૭૨૮ કુટુંબોમાં જમીન નહીં ગુમાવનારા ખેડૂતો તેમજ જમીનવિહોણા ખેતમજૂરો કે જમીન વગરનાં અન્ય કુટુંબો (દુકાનદારો, વગેરે)નો સમાવેશ થાય છે.

આ ૧૪૦ ગામોમાંથી ૫૦ ગામોમાં ૧ ટકાથી પણ ઓછી જમીનો ડૂબમાં જાય છે અને બીજાં ૬૧ ગામોમાં ૧-૧૦ ટકા જેટલી જમીનો ડૂબમાં જાય છે. આમ, આ ૧૧૧ ગામોનાં જમીન ગુમાવનારાં ૩૦૭૩ કુટુંબોમાંથી ભાગ્યે જ થોડાં કુટુંબો ૨૫ ટકાથી વધારે જમીન ગુમાવતાં હશે, છતાં માની લઈએ કે એવા લગભગ ૭૬૮ (૨૫ ટકા) કુટુંબો હશે. એ સિવાય ૧૬ ગામોમાં ૧૧-૨૫ ટકા અને ૮ ગામોમાં ૨૬-૫૦ ટકા જમીન ડૂબમાં જાય છે. આ ૨૪ ગામોમાં જમીન ગુમાવનારાં કુટુંબોમાંથી ૫૦ ટકા કુટુંબો ૨૫ ટકા કરતાં વધારે જમીન ગુમાવતાં હશે એમ માની લઈએ તો પણ લગભગ ૧૬૪૪ કુટુંબોને જમીનના બદલે જમીન આપવાની થાય. આ સિવાય બીજા ૫ ગામો બચે છે જેમાં ૫૦ ટકા કરતા વધારે જમીન ડૂબમાં જાય છે. આ ગામોમાં જમીન ગુમાવનારાં બધાં ૬૦૯ કુટુંબો ૨૫ ટકા કરતા વધારે જમીન ગુમાવતાં હશે એમ માની શકાય.

આમ, નિમાડનાં કુલ ૨૫૭૬૭ અસરગ્રસ્ત કુટુંબોમાંથી આશરે ૩૦૦૦ જેટલાં કુટુંબો ૨૫ ટકા કરતાં વધારે જમીન ગુમાવતાં હશે. એમને જ જમીનના બદલે જમીન આપવાની થાય છે. બાકીનાં કુટુંબોએ તો માત્ર એમનાં ઘર જ ઉપર ખસેડી લેવાનાં છે.

આમ, કુલ કુટુંબોની વાત કરીએ તો મ.પ્ર.નાં ૧૯૩ ગામોનાં ૩૩૦૧૪ અસરગ્રસ્ત કુટુંબોમાંથી માંડ ૮૦૦૦ કુટુંબોને પુનર્વસવાટ માટે જમીનના બદલે જમીન આપવાની થાય છે. બાકીનાં ૨૫૦૦૦ જેટલાં કુટુંબોએ તો માત્ર પોતાનાં ઘર ઉપર ખસેડી લેવાનાં છે.

## મ.પ્ર. સરકાર સ્પષ્ટ આંકડા કેમ નથી આપતી ?

એ તો સ્પષ્ટ છે કે મ.પ્ર.ની સરકારે શરૂઆતથી જ ગામવાર ૨૫ ટકાથી વધારે જમીન ગુમાવનારાં કુટુંબોના સ્પષ્ટ આંકડા આપ્યા હોત તો આવાં અનુમાનો કરવાની જરૂર જ ન પડત. આટલાં વર્ષો પછી હજી આજે પણ આવી પાયાની બાબતોમાં આવી ગણતરીઓ ઉપર આધાર રાખવો પડે છે તે બાબત જ અત્યંત શરમજનક છે. પરંતુ એ તો સ્પષ્ટ છે કે તેણે આ આંકડા નથી આપ્યા નથી એનું કારણ એ નથી જ કે તે ઉપલબ્ધ નથી. ૧૯૯૦-૯૨માં દરેક ગામના દરેક અસરગ્રસ્ત પરિવારનો વિગતવાર સર્વે કરેલો હતો, જે ૬૪-કોલમ સર્વે તરીકે ઓળખાય છે. એ સર્વેમાં ભેગી કરાયેલ બધી માહિતી ત્યારે જ કોમ્પ્યુટરમાં નખાઈ ગયેલી અને એનું પૃથક્કરણ પણ થઈ ગયેલું. પરંતુ હજી સુધી એ માહિતી

બહાર નથી પાડવામાં આવી. એનું મુખ્ય કારણ એ જ છે કે ઘણા લાંબા સમય સુધી મ.પ્ર.ની સરકાર પોતે જ અંદરખાનેથી NBAની બંધવિરોધી લડાઈને ટેકો કરી રહી હતી અને એ લડાઈનો સૌથી અગત્યનો મુદ્દો એ હતો કે મ.પ્ર.નાં ૩૩૦૦૦ જેટલાં વિસ્થાપિત કુટુંબોના પુનર્વસવાટ માટે જરૂરી જમીનો જ (દરેકને ૨ હેક્ટર જમીન આપવાની થાય તો ૬૬૦૦૦ હેક્ટર જમીનની જરૂર પડે) મળી શકે એમ નથી અને એટલે એમનો યોગ્ય પુનર્વસવાટ થઈ જ શકે એમ નથી. તે અશક્ય છે. આમાં ૨૫ ટકાથી વધારે જમીન ગુમાવનારાં કુટુંબો કેટલાં તેના આંકડા જો બહાર પડી ગયા હોત તો ત્યારે જ 'પુનર્વસવાટ અશક્ય છે'ની આખી વાતનો ફુગ્ગો ફૂટી ગયો હોત ! બીજી એક નીતિ એણે એ અપનાવેલી કે બને એટલા વધારે અસરગ્રસ્તોને ગુજરાતમાં પુનર્વસવાટ કરવા પ્રોત્સાહન આપવું, જેથી એની પોતાની જવાબદારી એટલી ઓછી થાય. એ માટે અસરગ્રસ્તોને એમ કહીને લલચાવી રહી હતી કે ગુજરાત જશો તો બધાને (જમીન ડૂબતી હોય કે નહીં ડૂબતી હોય) પાંચ પાંચ એકર જમીન મળશે. ગુજરાત સરકારને પણ કહી દીધેલું કે મ.પ્ર.ના ૧૪૦૦૦ જેટલાં અસરગ્રસ્ત કુટુંબો ગુજરાતમાં પુનર્વસવાટ કરવા ઇચ્છે છે, માટે તેમને આપવા માટે ૨૮૦૦૦ હે. જમીન મેળવવાની જોગવાઈ કરો. ૧૪૦૦૦ કુટુંબોનો આ આંકડો કેવી રીતે આવ્યો તેનો કોઈ ખુલાસો એણે આપેલો નહીં.

મ.પ્ર. સરકાર આવું કરે એ તો જાણે સમજી શકાય એમ છે, કારણ કે એ તો ૨૦૦૦ સુધી કોઈ પણ રીતે આ યોજનાને ખોરંભે નાંખી દેવાની વેતરણમાં જ હતી. પરંતુ સૌથી નવાઈની વાત તો એ છે કે આટલાં વર્ષોમાં ગુજરાત સરકારે ક્યારેય મ.પ્ર.ના આ આંકડાઓ પડકારવાનું જરૂરી નથી સમજ્યું. એટલું જ નહીં, અત્યાર સુધીમાં ક્યારેય એની પાસેથી ૨૫ ટકાથી વધારે જમીન ગુમાવતાં કુટુંબોના ગામવાર આંકડા સુધ્ધા નથી માંગ્યા. ૧૯૯૩-૯૪માં જ્યારે આ વાતો ચાલતી હતી ત્યારે જ અમે આ એકશન પ્લાનના આંકડાના આધારે એક નોંધ તૈયાર કરેલી, જેમાં કહેલું કે જમીનના બદલે જમીન આપવાની થાય એવાં મ.પ્ર.નાં અસરગ્રસ્ત કુટુંબોની સંખ્યા ૭ કે ૮ હજારથી વધારે નહીં હોઈ શકે અને મ.પ્ર.ની સરકાર પાસે તાત્કાલિક ૨૫ ટકાથી વધારે જમીન ગુમાવનાર કુટુંબોના ગામવાર આંકડા માંગવા જોઈએ. આ નોંધ લાગતા વળગતા તમામને મોકલી આપવામાં આવેલી. પણ કોઈ વિચિત્ર કારણસર ગુજરાત સરકારના ઉચ્ચ અધિકારીઓએ આ આંકડાઓ પડકારવાનું કે માંગવાનું મુનાસિબ નહીં સમજ્યું. NCAની એક પણ મીટીંગમાં ગુજરાતે મ.પ્ર.ના આ આંકડા સામે હરફ સુધ્ધાં ઉચ્ચાર્યો નથી. એટલું જ નહીં, જે કદી આવવાનાં જ નહોતાં અને જેમને જમીન આપવાની થતી જ નથી એવાં ૧૪૦૦૦ કુટુંબો માટે ૨૮૦૦૦ હે. જમીનો ખરીદવાના કામમાં સરકાર લાગી ગઈ. એમાંની મોટાભાગની જમીનો અત્યારે એમ જ પડતર પડી રહી છે. અને એ ખરીદવામાં કરોડો રૂપિયાનાં કૌભાંડો થયાં તે નફામાં ! અને સૌથી અગત્યની વાત તો એ થઈ કે NBAને 'મ.પ્ર.ના વિસ્થાપિતોનો પુનર્વસવાટ અશક્ય છે'ની વાત ચગાવવાનો મોકો મળ્યો અને સાચી માહિતીના અભાવમાં, એ સહેલાઈથી સૌના ગળે ઊતરી ગઈ. મોર્સ કમિશને 'પુનર્વસવાટ અશક્ય છે'નો જે કેસ બનાવેલો તેમાં પણ મુખ્યત્વે મ.પ્ર.માં અસરગ્રસ્તોની મોટી સંખ્યા ઉપર જ આધાર રાખેલો.

ખેર, એ જે થયું તે. પરંતુ હજી આજે પણ મ.પ્ર.ની સરકાર જેમની ૨૫ ટકાથી વધારે જમીન ડૂબતી હોય એ કુટુંબોના ગામવાર આંકડા નથી આપતી. ગુજરાત સરકારને પણ એ માંગવાની કોઈ જરૂર નથી જણાતી. હમણાં હમણાં મ.પ્ર. સરકારે એટલું વળી કહ્યું છે કે ગુજરાતમાં વસી ચૂકેલા અસરગ્રસ્તોને બાદ કરતા મ.પ્ર.માં હવે કુલ ૪૨૮૬ અસરગ્રસ્ત કુટુંબો છે જેમને જમીનના બદલે આપવાની થાય છે, કારણ કે તેઓ તેમની ૨૫ ટકા કરતાં વધારે જમીન ગુમાવે છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં મ.પ્ર.નાં ૫૪૫૬ કુટુંબોને જમીનો આપવામાં આવી છે, તેમાંથી ૮૬૩ કુટુંબો તો જમીનવિહોણા ખેતમજૂરો છે અને બાકીનાં ૪૫૯૩ ખેડૂત કુટુંબો છે. આનો અર્થ એ થયો કે મ.પ્ર.માં ૨૫ ટકાથી વધારે જમીન ગુમાવતાં અસરગ્રસ્ત કુટુંબોની સંખ્યા ૮૮૭૯ (૪૨૮૬ + ૪૫૯૩) છે, જે આપણા ઉપરના અંદાજ કરતા થોડી જ વધારે છે. જોકે અહીં એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે ગુજરાતમાં જેમને જમીન અપાઈ ગઈ છે એમાં તો ૨૫ ટકાથી ઓછી જમીન ડૂબતી હોય એવા પણ ઘણાં કુટુંબોને જમીન અપાઈ ગઈ હતી. એટલે સાચો આંકડો તો એનાથી પણ ઓછો હશે.

આમ મ.પ્ર. સરકારના આ આંકડા પ્રમાણે પણ મ.પ્ર.નાં કુલ ૩૩૦૧૪ અસરગ્રસ્ત કુટુંબોમાંથી ૮૮૭૯ કુટુંબોને જમીનના બદલે જમીન આપવાની થાય છે, જ્યારે બાકીનાં ૨૪૧૩૫ કુટુંબોએ તો માત્ર પોતાનાં ઘર જ ઉપર ખસેડી લેવાનાં છે.

### બેક-વોટરની અસર

પરંતુ વાત અહીં જ પૂરી નથી થતી. હાલ જ થોડી વિગતે છાનબીન કરતાં જે જાણવા મળ્યું છે તે પ્રમાણે તો માત્ર ઘર ગુમાવતાં આ ૨૪૧૩૫ કુટુંબોમાંથી પણ ૧૨૦૦૦ કુટુંબો તો એવાં છે જેમનાં ઘર ડુબાણમાં નથી જતાં, પણ સો વર્ષે એકવાર આવે એવું મોટું પૂર આવે ત્યારે જ થોડા દિવસો માટે બેક-વોટરની અસરથી પ્રભાવિત થઈ શકે. આ ઘરોને

તો ખરેખર ઉપર ખસેડવાની પણ જરૂર નથી. આ વાત NCAના ૧૯૯૩ અને ૧૯૯૫ના એકશન પ્લાનોમાં જોવા મળે છે. તેમાં મ.પ્ર.નાં ગામોમાં અસરગ્રસ્તોની સંખ્યા કેમ વધી તેનાં કારણોની ચર્ચા કરતાં એણે જણાવ્યું છે કે એનું એક કારણ એ છે કે સેન્ટ્રલ વોટર કમિશનના અભ્યાસ પ્રમાણે બેક-વોટરની અસરથી પ્રભાવિત થતાં મકાનો સંપાદિત કરવાનાં થયાં તેનાથી અસરગ્રસ્ત કુટુંબોની સંખ્યામાં ૧૨૦૦૦નો વધારો થયો છે. આ જ વાત સુપ્રીમ કોર્ટે તેના ૨૦૦૦ના ચુકાદામાં પણ નોંધી છે. મોટાભાગનો આ વધારો નિમાડ વિસ્તારમાં જ, અને તેમાંયે ખેતીની જમીનો ખાસ ડૂબતી નથી એવાં પાછળનાં ગામોમાં થયો છે.

ગુજરાત અને મહારાષ્ટ્રમાં તો આ રીતે બેક-વોટરથી પ્રભાવિત થતાં કુટુંબોની સંખ્યા સાવ મામૂલી છે. તો પછી મ.પ્ર.માં કેમ આટલા બધા લોકો બેક-વોટરની અસરથી પ્રભાવિત થાય છે. એનો જવાબ શોધવાની પ્રક્રિયામાં જે જાણવા મળે છે તે તો માની જ ના શકાય એવું છે. એ સમજવા માટે આ બેક-વોટરની અસર એટલે શું તે થોડું વિગતે સમજવું પડશે.

નર્મદા ટ્રીબ્યુનલના ચુકાદા પ્રમાણે સરદાર સરોવર પૂરેપૂરું ભરાયેલું હોય તે લેવલ (૧૩૮.૬૪ મીટર) સુધીનાં તમામ મકાનો તેમજ જમીનો તો જાણે સંપાદન કરી લેવાનાં હતાં જ. આ ઉપરાંત તેણે એમ પણ જણાવેલું કે મોટામાં મોટું પૂર આવે ત્યારે બંધને કારણે જે બેક-વોટરની અસર પેદા થાય, તેના કારણે જે મકાનોને કામચલાઉ રીતે થોડા દિવસો માટે પૂરની અસર થાય તે મકાનો પણ સંપાદન કરી લેવાં, જેથી મોટા પૂરના સમયે પણ કોઈ મકાનને અસર ન થાય. ખેતીની જમીનોને તો થોડા દિવસ પૂરનાં પાણી ફરવાથી ખાસ નુકસાન થતું નથી, એટલે એ સંપાદન કરવાનો પ્રશ્ન નથી અને ટ્રીબ્યુનલે એમ કરવાનું કહ્યું પણ નથી. સામાન્ય રીતે બંધથી પાછળ જતા જઈએ તેમ બેક વોટરની અસર ધીરે ધીરે વધતી જતી હોય છે અને સરદાર સરોવરના ડુબાણ વિસ્તારમાં જુદા જુદા અંતરે બેક-વોટરની અસર કઈ ઊંચાઈ સુધી થશે તેનો અભ્યાસ કરવાનું કામ સેન્ટ્રલ વોટર કમિશન (CWC) ને સોંપેલું.

૧૯૮૪માં CWCએ આ અભ્યાસનો અહેવાલ આપ્યો. આ અભ્યાસમાં ગુજરાત અને મ.પ્ર.ના ઈજનેરોની સહમતીથી તેણે ૧૯૭૦માં ગરુડેશ્વર ખાતે જે પૂર આવેલું (જે દર ૧૦૦ વર્ષે એક વાર આવતું પૂર છે) તેવું પૂર જો સરદાર સરોવર બની ગયા પછી પણ આવે તો ડુબાણ વિસ્તારમાં જુદા જુદા અંતરે બેક-વોટરનાં પાણીની અસર ક્યા લેવલ સુધી પહોંચે તેને ગણતરી કરી આપી છે. આ અભ્યાસ મુજબ શરૂઆતના ડુંગર વિસ્તારોમાં બેક વોટરની અસર બહુ વધારે નથી જોવા મળતી, પરંતુ નિમાડના પાછળના વિસ્તારોમાં જતા જઈએ તેમ તે ખાસ્સી વધતી જાય છે. આ ઉપરાંત જે અસર થાય તેમાં પણ ડુંગર વિસ્તારોમાં ખાસ વધારે ઘરોને અસર નથી, કારણ કે બેક-વોટરને કારણે પાણીનું લેવલ વધવાથી પ્રભાવિત થતો વિસ્તાર ખાસ વધતો નથી. જ્યારે સપાટ પ્રદેશ હોવાને કારણે નિમાડમાં તો પાણીના લેવલમાં થોડો વધારો થાય તો પણ તેનાથી ઘણા વધારે વિસ્તારને અસર થાય. આ કારણસર જ મ.પ્ર.નાં આ ગામોમાં બેક-વોટરની અસરને કારણે પ્રભાવિત થતાં કુટુંબોની સંખ્યા આટલી મોટી છે. મોટાભાગનો વધારો નિમાડ વિસ્તારમાં જ જોવા મળે છે અને તેમાંયે ખાસ કરીને ધરમપુરી, મનાવર, મહેશ્વર, કસરાવદ અને ઠીકરી તાલુકાઓમાં પડતાં છેવાડેનાં ગામોમાં જોવા મળે છે, જ્યાં ખેતીની જમીનો તો ડુબાણમાં નથી જ જતી, પણ મકાનો પણ ઘમાં ઓછા ડૂબે છે. પરંતુ આ બેક-વોટરની અસરને કારણે જ મોટાભાગનાં મકાનો સંપાદિત કરાઈ રહ્યાં છે.

અહીં સૌથી આશ્ચર્યકારક વાત તો એ છે કે કે CWCએ આ બેક-વોટર અસરની જે ગણતરી કરેલી તેમાં મ.પ્ર.માં ઉપરવાસમાં ઓમકારેશ્વર, નર્મદાસાગર, બારગી, વગેરે જે બંધો બનવાના હતા તેને કારણે પૂરમાં જે નિયંત્રણ આવે તેની અસરને ધ્યાનમાં જ નથી લીધી. પરંતુ એ તો સ્પષ્ટ છે કે સો વરસે એક વાર આવે એવું ૧૯૭૦ જેવું પૂર હવે પછી આવે તો પણ એ પૂરનું મોટાભાગનું પાણી તો આ ઉપરવાસના બંધો દ્વારા જ રોકાઈ જશે, અને એની નીચેવાસના કેચમેન્ટમાં જે વરસાદ પડે તેનું પાણી જ સરદાર સરોવરમાં આવશે. એટલે ખરેખર તો સરદાર સરોવરમાં એવું મોટું પૂર આવવાની સંભાવના તો સો વરસે ૧ વાર કરતાં પણ ઘણી ઓછી થઈ જાય છે. એટલે કે મોટાભાગનાં વરસોમાં તો આ બેક-વોટરની અસર પેદા જ નહીં થાય. CWC જેવી દેશની પ્રિમિયર સંસ્થાએ પણ આવી અત્યંત મહત્ત્વની બાબત ધ્યાન ઉપર નહીં લીધી હોય એ માની શકાય એમ જ નથી. પરંતુ ખરેખર એમ જ થયું છે, એ પાકું કર્યા પછી જ આ લખ્યું છે.

આમ, બેક-વોટરની અસરથી પ્રભાવિત થતાં આ ૧૨૦૦૦ કુટુંબોને તો ૧૦૦ વરસે એક વાર આવે એવું પૂર આવે તો પણ કોઈ ખાસ અસર થવાની નથી. એમણે તો પોતાનાં મકાનો ઉપર ખસેડવાની પણ કોઈ જરૂર નથી. અને તેમાંનાં મોટાભાગનાં તો પોતાનાં મકાનો ઉપર ખસેડશે પણ નહીં. એ મકાનોનું વળતર એમને મળી જશે. નવું મકાન બનાવવા માટેના પ્લોટ મળશે. અને પ્લોટ ન જોઈતા હોય તો એના બદલે કુટુંબદીઠ ૫૦,૦૦૦ રૂપિયા મળશે. આ કુટુંબોને વસાવવા માટે જે નવી વસાહતો તૈયાર થશે તેમાં રસ્તા, પીવાના પાણીના કુવા, ગટર, નિશાળ, દવાખાના, વગેરે તમામ જાહેર સુવિધાઓ પણ ઊભી કરાશે. અને છતાં મોટાભાગનાં કુટુંબો તો મૂળ જગ્યાએ જ પોતાનાં હાલનાં મકાનોમાં જ રહેવાનું

ચાલુ રાખશે. અને એમ કરે એમાં એમનો કોઈ વાંક પણ નથી. ઘર ડૂબમાં જ ન જતાં હોય તો પછી તેને ઉપર શા માટે ખસેડવાં ? તેઓ કંઈ થોડા કહેવા આવેલા કે અમારાં મકાનો સંપાદન કરો ? મૂળે આ આખો સવાલ ખરેખર જરૂર હોય તેના કરતાં વધારે મિલકતો સંપાદન કરી લેવાની આપણા એંજીનિયરોની જૂની રીત-રસમનું જ પરિણામ છે. નર્મદા નદીમાં ૧૯૭૦માં જે પૂર આવ્યું પછી થોડાં જ વરસોમાં ગુજરાતમાં નર્મદા કિનારે વસેલાં માંગરોલ સહિતનાં બધાં ગામોનાં મકાનો ઉપર ખસેડી લેવાની નોટિસો આપવામાં આવેલી અને એ માટે પ્લોટો પણ ફાળવી આપવામાં આવેલા. પરંતુ એમાંથી કોઈએ પોતાનાં મકાન ઉપર ખસેડ્યાં નથી. બધા હજી નર્મદાના કિનારે જ રહે છે. આખા દેશમાં આ જ અનુભવ છે. અને છતાં આપણા એંજીનિયરો હજી 'one in hundred years flood'માં અસર થાય એવી બધી મિલકતો હટાવી લેવાનું ગાણું ગાયા કરે છે.

આમ મ.પ્ર.માં વિસ્થાપનનું સરવૈયું કાઢીએ તો એનાં ૧૯૩ ગામોનાં ૩૩૦૧૪ અસરગ્રસ્ત કુટુંબોમાંથી આશરે ૮૮૭૯ કુટુંબો જ ૨૫ ટકા કરતા વધારે ખેતીની જમીન ગુમાવવાને કારણે પૂરેપૂરાં વિસ્થાપિત થાય છે. એમને પુનર્વસવાટના સ્થળે જમીનના બદલે જમીન આપવાની થાય. બાકીનાં ૨૪૧૩૫ કુટુંબોમાંથી ૧૨૧૩૫ જેટલાં કુટુંબો એવાં છે જેમનાં ફક્ત મકાનો જ ડુબાણમાં જશે, જે એમણે ઉપર ખસેડી લેવાનાં થશે. જ્યારે બાકીનાં ૧૨૦૦૦ કુટુંબોનાં તો મકાનો પણ ડૂબમાં નથી જતાં અને તે ઉપર ખસેડી લેવાની પણ કોઈ જરૂર નથી. ખરેખર તો એ મકાનો સંપાદિત કરવાની જ જરૂર નહોતી. CWCએ બેક-વોટર અસરની ગણતરી કરવામાં ઉપરવાસના બંધોની અસર ધ્યાનમાં નહીં લેવાની ભૂલ ના કરી હોત તો ટ્રીબ્યુનલના ચુકાદા પ્રમાણે પણ એ મકાનો સંપાદિત કરવાની જરૂર ઊભી ન થઈ હોત.

## પુનર્વસવાટની સ્થિતિ શું છે ?

મ.પ્ર.નાં ગામોમાં વિસ્થાપનની પરિસ્થિતિ કેવી છે તેનું ચિત્ર મેળવ્યા પછી હવે આ કુટુંબોના પુનર્વસવાટની પરિસ્થિતિ શું છે તે જોઈએ. એ તો સ્પષ્ટ છે કે મુખ્ય સવાલ જમીન ગુમાવનારાં ૮૮૭૯ કુટુંબોનો છે, જેમને જમીનના બદલે જમીન આપવાની થાય છે. એમાંથી આશરે ૫૦૦૦ જેટલાં કુટુંબો ડુંગર વિસ્તારનાં આદિવાસી ગામોનાં હશે અને બાકીનાં ૩૮૭૯ જેટલાં નિમાડ વિસ્તારનાં.

મ.પ્ર.નાં આદિવાસી ગામોના લોકો પણ એક તબક્કે NBAના બંધ-વિરોધી આંદોલનની સાથે જ હતા અને એમાંથી ઘણાએ 'ડૂબી જઈશું પણ હટીશું નહીં'ના સોગંદ પણ લીધેલા. પરંતુ પાછળથી ગુજરાતમાં કેવો પુનર્વસવાટ થઈ રહ્યો છે તેની સાચી માહિતી મળી ત્યારે એમાંથી મોટાભાગના અસરગ્રસ્તોને બહુ ઝડપથી સમજાઈ ગયું કે એમનું હિત તો ખરેખર સારો પુનર્વસવાટ મેળવવામાં જ સમાયેલું છે. અને મોટાભાગનાં કુટુંબોએ તો ગુજરાતમાં જમીનો પસંદ કરીને ખેતીની જમીન તેમજ મકાનના પ્લોટ મેળવી લીધાં છે. અને છેલ્લાં કેટલાંયે વર્ષોથી અહીં રહીને ખેતી કરી રહ્યાં છે. ગુજરાતમાં મ.પ્ર.નાં જે કુલ ૫૬૫૬ કુટુંબોનો પુનર્વસવાટ કરવામાં આવ્યો છે તેમાંનાં મોટાભાગનાં આ ડુંગર વિસ્તારનાં ગામોનાં છે. તેમાંથી ૮૫૩ જેટલાં જમીનવિહોણા ખેતમજૂર કુટુંબો છે અને બાકીનાં ૪૫૯૩ જેટલાં ખેડુત કુટુંબો છે. આમ કાચા અંદાજ મુજબ ડુંગર વિસ્તારનાં આ ૫૩ ગામોમાં માંડ ૪૦૦-૫૦૦ જેટલાં અસરગ્રસ્ત કુટુંબો હશે જેમનો પુનર્વસવાટ હજી બાકી છે. એમનાંમાંથી કેટલાંક મ.પ્ર.માં જ પોતાની પસંદગીની જમીન ઇચ્છે છે અને બીજાં કેટલાંક હજીયે NBAના પ્રભાવ હેઠળ બંધનો વિરોધ કરી રહ્યાં છે.

ગુજરાતમાં વસેલાં કુટંબો સિવાય બીજાં ૪૨૮૬ કુટુંબો છે જેમને મ.પ્ર.માં જમીનો આપવાની થાય છે. એમાંનાં મોટાભાગનાં નિમાડ વિસ્તારનાં છે. મ.પ્રની સરકારે સુપ્રીમ કોર્ટમાં પોતાની એફિડેવીટમાં જણાવ્યું છે તે મુજબ આ પૈકી ૩૮૭૯ કુટુંબોએ તો પોતાની પસંદગીની જમીન ખરીદવાનું પસંદ કર્યું છે અને એ માટે મ.પ્ર.ની સરકારે ઓફર કરેલ સ્પેશિયલ રીહેબીલીટેશન પેકેજનાં નાણાં પણ લઈ લીધાં છે. આ પેકેજ પ્રમાણે જે અસરગ્રસ્ત કુટુંબો જાતે પોતાની પસંદગીની જમીનો ખરીદવા માંગતાં હોય તેમને જમીનના વળતર ઉપરાંત કુટુંબદીઠ ઓછામાં ઓછી પાંચ એકર સિંચાઈવાળી જમીન ખરીદી શકે તેટલા પૈસા આપવામાં આવે છે. તેમાં દરેક કુટુંબને પાંચ એકર જમીન ખરીદવા માટે સરેરાશ રૂા. ૫,૭૦,૦૦૦ ચૂકવવામાં આવે છે. ૫૦ ટકા રકમ પહેલાં ચૂકવી આપવામાં આવે અને દસ્તાવેજ થઈ જાય એટલે બાકીની ૫૦ ટકા રકમ ચૂકવી દેવાય. જે ૩૮૭૯ કુટુંબોએ આ પેકેજ સ્વીકારી લીધું છે તેમાંથી ૧૦૦૦ જેટલાં કુટુંબોએ તો જમીનો ખરીદી પણ લીધી છે અને બાકીનાં એ ખરીદવાની પ્રક્રિયામાં છે.

NBA આ સ્પેશિયલ પેકેજનો જોરદાર વિરોધ કરે છે અને કહે છે કે આમ કરીને તો સરકાર પૈસા આપીને પુનર્વસવાટની જવાબદારીમાંથી છૂટી જાય છે. પરંતુ મ.પ્ર.ના જે અસરગ્રસ્તો જમીનો ગુમાવી રહ્યા છે એમને તો એની સામે કોઈ વાંધો હોય એમ જણાતું નથી. એમ હોત તો આ પેકેજનાં નાણાં જ એમણે ન સ્વીકાર્યા હોતને ? અને આમ પણ મુખ્ય સવાલ અસરગ્રસ્તોને જમીનો મળે તેનો છે, પછી એ સરકાર ખરીદીને આપે કે અસરગ્રસ્તો જાતે ખરીદે અને સરકાર એ માટેના પૈસા આપે, એનાથી કશો

ફરક પડતો નથી. ઊલ્ટાનું અસરગ્રસ્તો જાતે પોતાની પસંદગીની જમીન ખરીદે તો તે વધારે ચીવટથી ખરીદે અને જમીનના ભાવ નક્કી કરવામાં ભ્રષ્ટાચારની ગૂંજાઈશ પણ એટલી ઓછી. અને આ અસરગ્રસ્તો જાતે જમીન ખરીદી શકે એમ નથી એમ પણ કહી શકાય એમ નથી. નિમાડના પાટીદારો જાતે જમીનો ન ખરીદી શકે એવું કોણ માની શકે ? ડુંગર વિસ્તારના આદિવાસીઓમાંથી પણ કેટલાકે આ પેકેજ સ્વીકારીને પોતાની પસંદગીની જમીન ખરીદવાનું પસંદ કર્યું છે.

આ સિવાય જેમને જમીન આપવાની થાય છે એવાં બીજાં ૪૦૭ અસરગ્રસ્ત કુટુંબો બાકી રહે છે. મ.પ્ર. સરકારના કહેવા મુજબ એમને સરકાર પાસે ઉપલબ્ધ લેન્ડ બેંકમાંથી જમીનો ફાળવી આપી છે. પરંતુ તેમાંથી બે જ કુટુંબોએ હજી એ જમીનોનો કબજો લીધો છે. આ જે કુટુંબો બાકી છે તે ડુંગર વિસ્તારનાં બાકી રહેલાં એ કુટુંબો હોવાની શક્યતા મોટી છે, જે NBAના પ્રભાવ હેઠળ હજી બંધનો જ વિરોધ કરી રહ્યાં છે અને પુનર્વસવાટ માટે કોઈ જમીન પસંદ નથી કરતાં. એમને માટે એમને ફળવાયેલ જમીન મેળવવાનો કે એ પસંદ ન હોય તો બીજી કોઈ પોતાની પસંદગીની જમીન પસંદ કરીને ખરીદવાનો વિકલ્પ હજી ખુલ્લો છે જ. એ સિવાય તેઓ ઈચ્છે તો ગુજરાતમાં જમીન પસંદ કરી જ શકે છે. ડુંગર વિસ્તારનાં આ ગામોના જ ૫૫૦૦ જેટલા એમના ભાઈ-ભાંડુઓ આ રીતે ગુજરાતમાં વસ્યા જ છે.

બાકીનાં ૨૪૧૩૫ જેટલાં કુટુંબોએ તો માત્ર મકાનો જ ઉપર ખસેડવાનાં છે અને એમાંથી ૧૨૦૦૦ જેટલાએ તો એ પણ ખસેડવાની જરૂર નથી, એ તો આપણે ઉપર જોયું જ છે. એ પૈકીના ૮૫૩ જેટલા જમીન-વિહોણા ખેતમજૂરોએ તો ગુજરાતમાં પુનર્વસવાટ કર્યો છે અને એમને ખેતીની પાંચ પાંચ એકર જમીનો પણ મળી ગઈ છે. બાકીનાં કુટુંબો વિશે મ.પ્ર.ની સરકારનું કહેવું એમ છે કે એમને એમનાં મકાનો તેમજ જે થોડી જમીન ડૂબમાં જતી હોય (૨૫ ટકાથી ઓછી) તેનું વળતર ચૂકવાઈ ગયું છે. એ ઉપરાંત મૂળ ગામોની નજીક જ ઉપરના ભાગમાં ૮૨ જેટલી વસાહતો પણ તૈયાર કરાઈ રહી છે, જેમાં મકાન બાંધવા માટેના રહેણાંકના પ્લોટ તૈયાર થઈ ગયા છે અને અસરગ્રસ્ત કુટુંબોને ફાળવી પણ આપવામાં આવ્યા છે. આ ઉપરાંત રસ્તા, નિશાળ, પાણી, દવાખાના, ગટર, વગેરે જાહેર સુવિધાઓનાં કામો પણ થઈ ગયાં છે કે થઈ રહ્યાં છે. જે માત્ર બેક-વોટરની અસરથી જ પ્રભાવિત થવાના છે તેમને માટે પણ આ જ ધોરણે કામગીરી થઈ રહી છે.

પરંતુ, એ તો સ્પષ્ટ છે કે મોટાભાગનાં અસરગ્રસ્ત કુટુંબો હજી આ નવી વસાહતોમાં રહેવા નથી ગયાં અને પોતાની મૂળ જગ્યાઓએ જ છે. આમ હોય એ જ સ્વાભાવિક છે, કારણ કે એમનાં ઘરો ડુબાણમાં જવાને હજી ઘણી વાર છે. મજાની વાત એ છે કે નર્મદા યોજનાનો વિરોધ કરવામાં પણ માત્ર ઘર ગુમાવનાર કે એ પણ નહીં ગુમાવનાર આ કુટુંબો જ અગ્રેસર ભુમિકા ભજવી રહ્યાં છે. એમની ખેતીની જમીનોને તો કોઈ આંચ આવવાની જ નથી, એટલે ખેંચાય ત્યાં સુધી ખેચવામાં એમણે કશું ગુમાવવાનું પણ નથી.

### હજી વધારે અસરગ્રસ્તો ?

હમણાં હમણાં વળી મ.પ્ર.ની સરકારે એક નવી વાત એ શરૂ કરી છે કે અસરગ્રસ્ત કુટુંબોની સંખ્યા ૩૩૦૦૦ હતી તે વધીને ૪૩ હજાર થઈ ગઈ છે. આની પણ ગામવાર માહિતી નથી આપી. આ વધારો કેમ થયો તેના કારણમાં એ જણાવે છે પાછળનાં ગામોમાં જમીન સંપાદનની કાર્યવાહી પાછળથી શરૂ થયેલી, અને પુખ્ત ઉંમરના દીકરાને અલગ કુટુંબ તરીકે ગણવા માટેની કટ-ઓફ ડેટ જમીન સંપાદન અધિનિયમની કલમ-૪ના જાહેરનામાની તારીખ ગણવામાં આવી છે. એટલે ૯૧-૯૨માં સર્વેક્ષણ થયેલું ત્યારથી એ તારીખ દરમિયાન પુખ્ત (૧૮ વરસના) થયેલા દીકરાઓની સંખ્યા ઉમેરવાની થાય છે.

નિમાડના મહેશ્વર, કસરાવદ, ઠીકરી, ધરમપુરી અને મનાવર તાલુકાઓમાં પડતાં છેવાડેનાં ગામોમાં જમીન સંપાદનની કાર્યવાહી મોડેથી શરૂ થયેલી. આ ગામોમાં તો ભાગ્યે જ થોડી જમીનો ડુબાણમાં જાય છે. એટલું જ નહીં, મોટાભાગનાં ઘરો પણ ડુબાણમાં નથી જતાં પરંતુ બેક-વોટરની અસરથી પ્રભાવિત થાય છે, જે ખરેખર તો ઉપર ખસેડવાની પણ જરૂર નથી. એટલે આ વધારો જો ખરેખર સાચો હોય તો પણ એનાથી જેમને જમીનના બદલે જમીન આપવાની છે એ કુટુંબોની સંખ્યામાં કોઈ ફરક નહીં પડે. ઉપર જોયું તેમ આ કુટુંબોને ખરેખર ડુબાણની કોઈ અસર જ નથી થવાની. તેમને ઘરોનું વળતર મળી જ ગયું છે અને ઘર બાંધવાના પ્લોટ પણ મળવાના છે. છતાં મોટાભાગનાં કુટુંબો તો તેમનાં હાલનાં ઘરોમાં જ રહેવાનું ચાલુ રાખશે. હવે તેમના રહી ગયેલા પુખ્ત ઉંમરના દીકરાઓને પણ પ્લોટ મળશે. અને પ્લોટ નહીં જોઈએ તો ૫૦૦૦૦ રૂપિયા મળશે.

NBAએ તો, અલબત્ત, આ વધારો આવકાર્યો જ છે અને સાથે સાથે એ અંગે એવો સવાલ ઉઠાવ્યો છે કે આ બધો વધારો પાછળનાં ગામોમાં જ કેવી રીતે થઈ શકે ? આગળનાં ગામોમાં જે ૧૨૧ મીટરની ઊંચાઈએ પણ પ્રભાવિત થાય છે તેમાં પણ થવો જોઈએને ? એનો સીધો-સાદો જવાબ એ જ છે કે જે ગામોમાં કલમ-૪નું જાહેરનામું મોડેથી થયેલું

તેમાં જ વધારો થયો છે અને એ ગામો બધાં નિમાડના પાછળ ના ભાગના તાલુકાઓમાં જ આવેલાં છે.

એની સાથે સાથે એ પણ સાચું છે કે આગળનાં ગામોમાં પણ એવાં કેટલાંક કુટુંબો હશે જેમના નામ અસરગ્રસ્ત કુટુંબોની યાદીમાં હોવા જોઈએ, પરંતુ કોઈક કારણસર છટકી ગયા હોય. આ વધારામાં એવાં કુટુંબોનો પણ સમાવેશ થાય છે કે નહીં એ સ્પષ્ટ નથી થતું. પરંતુ એ તો સ્પષ્ટ છે કે પાત્ર હોય છતાં રહી ગયાં હોય એવાં કુટુંબોનો સમાવેશ કરવાની યોગ્ય વ્યવસ્થા ગોઠવાવી જ જોઈએ. ગુજરાતમાં લીસ્ટ કમિટિના માધ્યમથી એ કામ સારી રીતે પાર પડાયેલું. જો કે એ વાત પણ એટલી જ સાચી છે કે આવાં રહી ગયેલાં કુટુંબોની સંખ્યા એટલી મોટી તો નહીં જ હોય, જેના પરિણામે ઉપરનું ચિત્ર જ સાવ બદલાઈ જાય.

### આ ચોમાસામાં શું થવાનું છે ?

આટલી વાત પછી હવે બંધની ઊંચાઈ ૧૨૧.૯૨ મીટર સુધી લઈ જવાને કારણે આ ચોમાસામાં ખરેખર શું થવાનું છે તે સવાલનો જવાબ મેળવવાની કોશિશ કરીએ. એ તો સ્પષ્ટ છે કે NBA ‘આ ચોમાસામાં જ ૨૫થી ૩૦ હજાર કુટુંબોનાં ઘર-જમીન ડુબાણમાં જવાનાં છે અને પુનર્વસવાટના અભાવે રસ્તે રખડતાં થઈ જવાનાં છે’ની જે વાત કરે છે તે સત્યથી સાવ વેગળી છે. બંધ પૂરેપૂરો બંધાઈ જાય, એટલે કે ૧૩૮.૬૪ મીટરની ઊંચાઈએ પહોંચી જાય ત્યારે પણ આવું નથી થવાનું એ તો ઉપરની ચર્ચામાં જ સ્પષ્ટ થઈ ગયું છે.

આમ છતાં એ પણ એટલું જ સાચું છે કે NBA આવી સાવ ખોટી વાતો ફેલાવી શક્યું અને આખા દેશને ગુમરાહ કરી શક્યું તે માટેનો બધો મસાલો મ.પ્ર. અને ગુજરાતની સરકારોએ જ પૂરો પાડ્યો છે. મ.પ્ર.ની સરકારે ખુદ સુપ્રીમ કોર્ટના તેના એફિડેવીટમાં કહ્યું છે કે બંધની ઊંચાઈ ૧૨૧.૯૨ મીટર સુધી લઈ જવાને કારણે એનાં ૧૭૭ ગામોનાં ૨૩૩૨૦ કુટુંબોને અસર થવાની છે અને એ તમામનો પુનર્વસવાટ થઈ ગયો છે કે થઈ જવામાં છે - ૪૩૫૫ કુટુંબોનો ગુજરાતમાં અને બાકીનાં ૧૮૯૬૫ કુટુંબોનો મ.પ્ર.માં થઈ ગયો છે.

આ ૨૩૩૨૦ કુટુંબોને અસર થવાની જે વાત છે એનો અર્થ એ નથી કે આ કુટુંબોનાં ઘર-જમીન આ ચોમાસામાં જ ડુબાણમાં જવાનાં છે. આમાંનાં મોટાભાગનાં કુટુંબોનાં ઘર-જમીન તો ડુબાણમાં જવાનાં જ નથી. સો વર્ષે એક વાર આવે એવું પૂર આવે તો કદાચ થોડા દિવસ પૂરતી પૂરના બેક-વોટરની અસર થાય. અને અહીં પણ બેક-વોટર અસરની આ ગણતરીમાં મ.પ્ર.માં ઉપર નર્મદાસાગર અને બીજા બંધો બંધાઈ ચૂક્યા છે તેનાથી પૂરમાં જે નિયંત્રણ આવશે તેની અસરને ધ્યાનમાં નથી લેવામાં આવી. અને ૧૨૧.૯૨ મીટરની બંધની ઊંચાઈએ ૧૩૬ મીટરની ઊંચાઈ (જે બંધની કુલ ઊંચાઈથી ૨.૬ મીટર જ ઓછી છે) સુધીનાં ઘરો અને જમીનોને અસર થશે એમ માની લેવાયું છે. આમ હકીકત તો એ છે કે સો વર્ષે એક વાર આવે એવું પૂર આવે તો પણ મોટાભાગનું પાણી તો ઉપરવાસના આ બંધો પાછળ જ રોકાઈ જશે અને મોટાભાગનાં કુટુંબોને તો બેક-વોટરની પણ ખાસ અસર નહીં થાય. આમ મ.પ્ર.માં મોટાભાગના અસરગ્રસ્તોનો પુનર્વસવાટ થઈ ગયો છે એ જો કાગળ પરના ઘોડા હોય તો ૨૩૦૦૦ કુટુંબોનાં ઘર-જમીન આ ચોમાસામાં જ ડૂબી જવાનાં છે એ વાત પણ કાગળ પરના ઘોડા જ છે, જેને હકીકતમાં શું થવાનું છે તેની સાથે કોઈ સંબંધ નથી. બેક-વોટરની અસરની આ ભૂલભરેલી ગણતરી, અલબત્ત, સરકારી એંજીનિયરોએ જ કરી છે. પરંતુ બેક-વોટરની આ અસરને ‘ડુબાણમાં’ ફેરવી નાંખવાનું કામ તો NBAએ જ કર્યું છે.

અને પુનર્વસવાટની બાબતમાં મ.પ્ર. સરકારે સાવ કાગળના ઘોડા જ દોડાવ્યા છે એ વાત પણ સાચી નથી જ. આપણે ઉપર જોયું તેમ જેમને જમીનના બદલે જમીન આપવાની થાય છે તેવાં કુલ ૮૮૭૯ કુટુંબોમાંથી ૪૫૯૩ કુટુંબોએ તો ગુજરાતમાં પુનવર્સવાટ કરી લીધો છે અને એમને અહીં ખેતીની જમીનો તેમજ રહેણાંકનાં મકાન પણ મળી ગયાં છે. આ પૈકી મોટાભાગનાં કુટુંબો ડુંગર વિસ્તારનાં આદિવાસી ગામોનાં છે. એ સિવાય બાકી રહેતાં ૪૨૮૬ કુટુંબોમાંથી ૩૮૭૯ જેટલાં કુટુંબોએ પોતાની પસંદગીની જમીન ખરીદવા માટે મ.પ્ર.ની સરકારનું સ્પેશિયલ પેકેજ સ્વીકારી લીધું છે અને ૧૦૦૦ જેટલાં કુટુંબોએ તો પોતાની પંસદગીની જમીન પણ ખરીદી લીધી છે. અને બાકીનાં ટૂંક સમયમાં ખરીદી લેશે. આમાંનાં મોટાભાગનાં કુટુંબો નિમાડનાં પાટીદાર-રજપૂત કુટુંબો છે. આ સિવાય માત્ર ૪૦૭ કુટુંબો બાકી રહે છે જેમને મ.પ્ર. સરકારે પોતાની પાસે ઉપલબ્ધ લેન્ડ બેંકમાંથી જમીન ફાળવી આપી છે, પરંતુ એ કુટુંબોએ તેનો કબ્જો હજી લીધો નથી. એમના કિસ્સામાં કદાચ કાગળ પરની ફાળવણીની વાત કરી શકાય. પરંતુ એમના કિસ્સામાં પણ આ ફળવાયેલ જમીનો પસંદ ના હોય તો મ.પ્ર. કે ગુજરાતમાં પોતાની પસંદગીની બીજી જમીનો મેળવવાનો વિકલ્પ હજી ખુલ્લો જ છે. એ સિવાયનાં કુટુંબોએ તો માત્ર પોતાનાં ઘર ઉપર ખસેડી લેવાનાં છે અને એ માટે પણ મ.પ્ર. સરકારે નવી વસાહતો ઊભી કરીને એમાં પ્લોટ પાડીને તેની ફાળવણી પણ કરી દીધી છે. આ ઉપરાંત જાહેર સુવિધાઓ ઊભી કરવાનું કામ પણ ચાલુ છે. એમાંથી કોઈ હજી આ

નવી વસાહતોમાં રહેવા નથી ગયું એ વાત સાચી છે. પરંતુ અત્યારે તાત્કાલિક બધા ત્યાં જતાં રહે એની કોઈ જરૂર પણ નથી. એમનાં મકાનો કંઈ આ વરસે જ ડૂબી નથી જવાનાં.

ખરો સવાલ બેક-વોટરની અસરથી કેટલાં કુટુંબો પ્રભાવિત થશે તેનો નહીં, પરંતુ ૧૨૧.૯૨ મીટરની ઊંચાઈએ કેટલાં કુટુંબોનાં ઘર કે જમીન ડુબાણમાં જશે તેનો છે. પૂરની સંભવિત અસર થાય એવાં હજારો કુટુંબો પરના ફોકસમાં જેમનાં ઘર કે જમીન ખરેખર ડુબાણમાં જવાનાં છે એવાં કુટુંબો ઉપર ધ્યાન જ કેન્દ્રિત નથી થયું. મ.પ્ર. સરકારે આવાં કુટુંબો કેટલાં છે અને તેમના પુનર્વસવાટની સ્થિતિ શું છે તેના કોઈ સ્પષ્ટ આંકડા આપ્યા નથી. એટલું ક્હ્યું છે કે ૧૭૭ પૈકી ૨૧ ગામો એવાં છે, જેમાં થોડાં ઘરો ડુબાણમાં જશે અને ૭ ગામો એવાં છે જેમાં થોડી જમીનો ડુબાણમાં જશે. જ્યારે બાકીનાં ૧૪૯ ગામોમાં તો માત્ર બેક-વોટરની જ અસર થવાની છે. પરંતુ કેટલી જમીન ડુબાણમાં જશે, કેટલાં ઘરો ડુબાણમાં જશે, કેટલાં કુટુંબો એનાથી પ્રભાવિત થશે તેના કોઈ આંકડા તેની સુપ્રીમ કોર્ટની એફિડેવીટમાંથી મળતા નથી. એમના પુનર્વસવાટની સ્થિતિ શું છે તેની પણ કોઈ ચોક્કસ માહિતી મળતી નથી.

### સુપ્રીમ કોર્ટનો ૨૦૦૫નો ચુકાદો

જે કુટુંબોનાં ઘર કે જમીન ડુબાણમાં જવાનાં છે અને જેમને માત્ર મોટા પૂરના સમયે બેક-વોટરની અસર થઈ શકે એમ છે એ કુટુંબો વચ્ચે મ.પ્ર.ની સરકારે તેની એફિડેવીટમાં જે ફરક નથી કર્યો તેનું એક અગત્યનું કારણ એ છે કે NBAની હાલની પીટીશનના ભાગરૂપ અગાઉની એક અરજીમાં સુપ્રીમ કોર્ટે ૨૦૦૫માં ચુકાદો આપેલો કે આ બે પ્રકારનાં કુટુંબો વચ્ચે કોઈ ફરક કરી શકાય નહીં અને બંને પ્રકારના અસરગ્રસ્તોને એક સરખા જ ગણવા અને બંનેનો પુનર્વસવાટ થઈ જવો જોઈએ.

સુપ્રીમ કોર્ટનો આ ચુકાદો સ્પષ્ટ રીતે સાવ ખોટો છે. કાયમી ડુબાણ અને પૂરની અસરને કઈ રીતે એકસરખા ગણી શકાય એ કોઈ રીતે સમજમાં આવી શકે એમ નથી. પૂરની અસરમાં તો પૂર-રાહતની કામગીરી કરી હોય તો તે પણ પૂરતી ગણાય. અહીં એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે બંધ ના બંધાયો હોય તો પણ આવું મોટું પૂર આવે તો આ પૈકીનાં ઘણાં ઘરોને તો અસર થાય જ. જ્યારે કાયમી ડુબાણથી પ્રભાવિત કુટુંબોનાં ઘર-જમીન તો હંમેશ માટે ડૂબી જવાનાં છે. માટે એમનો પુનર્વસવાટ તો તાકીદે થઈ જ જવો જોઈએ, જેમાં આ ચુકાદો ખરેખર તો બાધક પુરવાર થાય છે.

ટ્રીબ્યુનલે પણ આ બે પ્રકારના અસરગ્રસ્તો વચ્ચે સ્પષ્ટ ફરક કર્યો જ છે. કાયમી ડુબાણમાં જતા વિસ્તારમાં આવતાં મકાનો તેમજ જમીન બંને સંપાદન કરવાનાં છે, જ્યારે જેમને માત્ર બેક-વોટરની અસર થવાની છે તેમનાં તો માત્ર મકાન જ સંપાદન કરીને તે ઉપર ખસેડવાનાં છે. જ્યારે આ ચુકાદામાં તો કોર્ટે બેક-વોટરની અસરથી જેમનાં મકાનો પ્રભાવિત થાય એમ હોય તેમને જ નહીં, પરંતુ જેમની જમીનોને અસર થતી હોય તેમને પણ જાણે કે તેમનાં ઘર / જમીન ડૂબમાં જતાં હોય એ રીતે ગણવાની સૂચના આપી છે ! આ કંઈ સમજી શકાય એવી વાત નથી જ, કારણ કે બેક-વોટરની અસરથી ખેતીની જમીનને ખાસ નુકસાન થતું જ નથી. ટ્રીબ્યુનલના ચુકાદાને તેના પૂરા સંદર્ભમાં વાંચીએ તો એ તો સ્પષ્ટ છે કે ડુબાણના એક વર્ષ પહેલાં પુનર્વસવાટ થઈ જવો જોઈએની જે વાત કરી છે તે કાયમી ડુબાણના સંદર્ભમાં જ છે, કારણ કે એની સાથે જ એણે બીજી એક વાત એ પણ કરી છે કે ડુબાણના છ મહિના અગાઉ સુધી અસરગ્રસ્તોને પોતાનાં મૂળ ઘર/જમીનનો ભોગવટો કરતા રહેવાનો હક્ક રહેશે. થોડા સમય માટેની સંભવિત બેક-વોટર અસરને જ જો કાયમી ડુબાણ ગણી લેવામાં આવે તો તે અસરગ્રસ્તોના આ પાયાના અધિકારની અવહેલના સમાન જ ગણાય.

આ મહત્ત્વની બાબતને સુપ્રીમ કોર્ટે ૨૦૦૫ના તેના આ ચુકાદામાં અવગણી છે અને કાયમી ડુબાણ અને મોટું પૂર આવે ત્યારની સંભવિત બેક-વોટર અસરને સમાન ગણવાનો હુકમ આપ્યો છે. આ હુકમને કારણે બંધનું કામ અને પુનર્વસવાટ એ બંને સાથે સાથે ચાલવા જોઈએ ના *pari passu* ના સિધ્ધાંતને પણ હાની પહોંચે છે. બંધની ઊંચાઈને ૧૨૧ મીટર સુધી પહોંચાડતા પહેલાં પણ જો ૧૩૬ મીટરની ઊંચાઈએ જે ડુબાણમાં જવાના છે તે સૌનો પુનર્વસવાટ થઈ જવો જોઈએ એવો આગ્રહ રાખવામાં આવે તો એનો મતલબ તો એ જ થાય કે પહેલાં બધા અસરગ્રસ્તોનો પુનર્વસવાટ પૂરેપૂરો કરી દેવો અને અને ત્યાર પછી જ બંધનું કામ આગળ વધારવું. બીજી બાજુ ડુબાણની અસર ખરેખર થવાની ના હોય ત્યાં સુધી મોટા ભાગના લોકો સ્થળાંતર કરે જ નહીં, અને એટલે બંધનું કામ કે પુનર્વસવાટ બેમાંથી એકે આગળ વધી શકે નહીં. સ્પષ્ટ છે કે આ કંઈ બંધ અને પુનર્વવાટનું કામ એકસાથે એકબીજાની સાથે તાલ-મેલ મિલાવીને કરવાની *pari passu*ની વાત નથી જ.

આમ, આ સવાલ પર અત્યારે જે આંધી ઊઠી છે તેનાં બીજ તો સુપ્રીમ કોર્ટે ૨૦૦૫માં આ ચુકાદો આપ્યો ત્યારે જ નંખાઈ ગયેલાં. આટલો મહત્ત્વપૂર્ણ સવાલ હોવા છતાં, ગુજરાત તેમજ મ.પ્ર. સરકારોએ કોર્ટ સમક્ષ આ અંગે જે વ્યવસ્થિત રજૂઆત કરવી જોઈએ તે કરી નહીં. આ

ચુકાદો આવી ગયા પછી એ અંગે ફેરવિચારણા કરવાની અપીલ કરતી કોઈ અરજી પણ કરી નથી.

અલબત્ત, એ સાચું છે કે અત્યારે જેમને પૂરની સંભવિત કામચલાઉ અસર થવાની છે તેમનાં ઘર કે જમીન પણ બંધ પૂરેપૂરો બંધાઈ જાય ત્યારે તો ડૂબમાં જવાનાં જ છે અને એટલે એમના પુનર્વસવાટની કામગીરી પણ બને એટલી ઝડપથી પૂરી કરી દેવામાં આવે તો તે સારું જ છે. આપણે ઉપર જોયું તેમ મ.પ્ર.સરકારે એ માટેની કામગીરી ખાસ્સી આગળ વધારી જ છે. પરંતુ આ વરસે જ બધાનું સ્થળાંતર થઈ જ જવું જોઈએ એવો આગ્રહ રાખવો એ તો વાતને વધારે પડતી ખેંચવા સિવાય બીજું કશું નથી. મોટાભાગનાં કુટુંબોનાં ઘર કે જમીન તો આ વરસે ડુબાણમાં જવાનાં જ નથી. એ સંજોગોમાં એમનું સ્થળાંતર થઈ જ જવું જોઈએ એવો આગ્રહ રાખવો તે સાવ બિનજરૂરી તો છે જ પણ સાથે સાથે પોતાનાં ઘર-જમીન ડુબાણમાં ન જાય ત્યાં સુધી તેનો કબ્જો અને ભોગવટો કરવાના અસરગ્રસ્તોના પાયાના અધિકારની જ અવહેલના કરે છે.

### ખરો સવાલ શું છે ?

આ વરસે ક્યા કુટુંબોનાં ઘર કે જમીન ડુબાણમાં જવાનાં છે અને તેમના પુનર્વસવાટની શું સ્થિતિ છે તે જ ખરો સવાલ છે. ઉપર જોયું તેમ મ.પ્ર. સરકારના કહેવા મુજબ ૨૧ ગામોમાં કેટલાંક કુટુંબોનાં ઘર કે ઘર અને જમીન બંને ડુબાણમાં જાય છે અને ૭ ગામોમાં ફક્ત ખેતીની જમીન. આ કુટુંબોની સંખ્યા કેટલી તેના અલગ આંકડા આપ્યા નથી. પરંતુ એ સ્પષ્ટ છે કે આવાં કુટુંબોની સંખ્યા હજારોમાં નહીં, પરંતુ તેનાથી ઘણી ઓછી હશે. આ ગામો પણ શરૂઆતનાં ડુંગર વિસ્તારનાં આદિવાસી ગામો પૈકીનાં જ હશે એમ માની શકાય.

આ ગામોનાં મોટાભાગનાં કુટુંબોએ ગુજરાતમાં પુનર્વસવાટ કરી લીધો છે. એટલે સંભવ છે કે જેમનાં ઘર-જમીન ડુબાણમાં જવાનાં છે તે પૈકી પણ ઘણાં કુટુંબોનો પુનર્વસવાટ ગુજરાતમાં થઈ ગયો હોય. પરંતુ એ પણ સંભવ છે કે આ પૈકીનાં કેટલાંક કુટુંબો એવાં હોય જેમણે NBAની અસર હેઠળ પુનર્વસવાટ માટે હજી કોઈ જમીન પસંદ ન કરી હોય. અને આ વરસે ચોમાસામાં ઘર કે જમીન ડુબાણમાં જાય ત્યારે ફરી મોટો ઊહાપોહ થાય. આમ હોય તો તે પણ મ.પ્ર. સરકારે સ્પષ્ટ રીતે કહેવું જોઈએ. અને એમના પુનર્વસવાટ માટે અત્યાર સુધી ક્યા પ્રયત્નો કરવામાં આવ્યા છે તેની પણ માહિતી આપવી જોઈએ. પરંતુ આવી કોઈ જાણકારી તેના એફિડેવીટમાં જોવા મળતી નથી.

એ તો સ્પષ્ટ છે કે કારણ ગમે તે હોય પણ આવાં જો કોઈ કુટુંબો બાકી રહી ગયાં હોય તો તેમના પુનર્વસવાટને ટોચની અગ્રીમતા આપવી જોઈએ. આ આપણા સૌની સહિયારી નિસબતનો સવાલ છે. જેમને ખાસ અસર જ નથી થવાની તેવાં હજારો કુટુંબો 'ડૂબી' જવાનાં એ હાઉમાં ખરેખર જેમને અસર થવાની છે એ આદિવાસી અસરગ્રસ્તોનો સવાલ બાજુ પર જ હડસેલાઈ ગયો છે, જેને કેન્દ્રમાં લઈ આવવાની જરૂર છે.

અહીં એ કહેવું જોઈએ કે NBAને ટેકો આપનારાઓમાંથી ઘણાને મ.પ્ર.નાં ગામોમાં ખરેખર સાચી પરિસ્થિતિ શું છે તેની પૂરેપૂરી જાણકારી કદાચ ન હોય, પરંતુ એ તો સ્પષ્ટ છે કે NBA પોતે તો આ તમામ હકીકતોથી પૂરેપૂરું વાકેફ છે જ. અને છતાં 'આ ચોમાસામાં જ મ.પ્ર.નાં હજારો અસરગ્રસ્ત કુટુંબોનાં ઘર-જમીન ડૂબી જવાનાં છે અને પુનર્વસવાટના અભાવમાં સૌ રસ્તે રઝળતા થઈ જવાનાં છે' નો આવો સાવ ખોટો હાઉ ઊભો કરી શકે છે અને આખા દેશને રાઈડ પર લઈ જઈ શકે છે !

અલબત્ત, આમ કરવામાં જાણ્યે-અજાણ્યે પણ એને સૌથી વધારે મદદ જો કોઈએ કરી હોય તો તે મ.પ્ર. અને ગુજરાતની સરકારોએ જ કરી છે ! ગુજરાતમાં ઘણાને આ વાંચીને કદાચ નવાઈ લાગે, પરંતુ આ જ હકીકત છે.

નર્મદા યોજનાની સામે કોઈ સહેજ પણ અવાજ ઊઠાવે કે તરત જ ગુજરાતના બંધ સમર્થકો બધા છંછેડાઈ જાય છે, અને રસ્તા પર ઊતરી આવે છે. પરંતુ ગુજરાત સરકારે પોતે જ મ.પ્ર. સરકાર સાચી માહિતી આપે તેનો આગ્રહ નહીં રાખીને તેમજ સુપ્રીમ કોર્ટ અને NCAની મીટીંગોમાં મ.પ્ર.માં જમીનના બદલે જમીન મેળવવાપાત્ર કુટુંબોની સંખ્યા વિશે જરૂરી સવાલો નહીં ઊઠાવીને આ યોજનાને જે હાનિ પહોંચાડી છે તે વિશે સાવ બેખબર છે. એ તો સ્પષ્ટ છે કે ગુજરાતે જો આ લડાઈ જીતવી હશે તો તેનો એકમાત્ર કારગર રસ્તો સાચી અને સંપૂર્ણ માહિતી દેશના લોકો સમક્ષ વ્યવસ્થિત રજૂ કરવાનો છે. NBAની ઓફિસમાં ભાંગફોડ કરવાના કે આમીર ખાનની ફિલ્મ પર રોક લગાવી દેવાથી કંઈ આ લડાઈ જીતી નથી શકાવાની. એ તો બાલિશ ધમપછાડા જ છે. અને એને કારણે તો અસરગ્રસ્તોના પુનર્વસવાટની બાબતે ગુજરાતમાં જે ખરેખર સારું કામ થયું છે તે પણ બધું ધોવાઈ જાય છે. અને આવી હિંસક ટોળાંશાહીને તો આમે ય ક્યારેય સીધો કે આડકતરો ટેકો આપી જ ના શકાય. જોડેના લેખમાં હિમાંશીબેને લખ્યું છે તેમ આવી ઘટનાઓ સામે ચૂપ રહેવાનું હવે ગુજરાતના જાહેરજીવનના સ્વાસ્થ્ય સાથે નિસબત ધરાવનારને પાલવે એમ નથી. ●

# મૌનને સંમતિલક્ષણ ગણી લેવાય તે પહેલાં . . .

*- હિમાંશી શેલત*

ગુજરાતના જાહેર જીવનના સ્વાસ્થ્યની સાથે જેમને જરા સરખી પણ નિસ્બત હોય એમણે અત્યારે ચૂપ રહેવાનું જોખમ લેવા જેવું નથી. હા, અત્યારે ચૂપ રહેવું એ એક જોખમ છે. ગુજરાત અસહિષ્ણુ બનતું જાય છે, કહો કે બની ગયું છે. તમારે નામે, આપણે નામે, લોકશાહીને લજવે એવી ટોળાંશાહી ગુજરાતને પગ તળે કચરી રહી છે. પરિણામે સમગ્ર પ્રજા ઝનૂની, નાદાન, વિચારવિહોણી અને ભયજનક રીતે અસહિષ્ણુ હોવાની છાપ દેશભારમાં ઊપસી રહી છે, જે વાસ્તવમાં સાચી નથી. પાંચ કરોડ ગુજરાતીઓમાંથી જેમને આ બેફામ અને અપરિપક્વ વર્તનનો વિરોધ હોય તેમણે મૌન તોડવું પડે, અને સ્પષ્ટ બોલવું પડે. મૌનને પણ સંમતિલક્ષણ ગણવામાં આવે છે, તે યાદ રહે.

૨૫ મેના 'ઇન્ડિયન એક્સપ્રેસ'માં ગુજરાતના આ વલણ સામે સોલી સોરાબજીએ જે જોખમોનો નિર્દેશ કર્યો છે તેની સામે આપણે લાપરવાહ રહેવા જેવું નથી. એમનો મુદ્દો એકદમ સંગીન છે. જો સમજદાર અને અભિવ્યક્તિ-સ્વાતંત્ર્યમાં વિશ્વાસ રાખનારી પ્રજા નાનાં-નાનાં જૂથોની જોહુકમી સ્વીકારી લેશે તો ભવિષ્યમાં ટોળાંની સંમતિ વગર કોઈ પણ કલાકાર, લેખક યા જાહેર જીવનમાં પડેલી વ્યક્તિ પોતાના વિચારો વ્યક્ત નહીં કરી શકે. જો તમે અમારી સાથે નથી, તો તમે અમારી વિરુદ્ધમાં છો અને તેથી માર ખાવાને પાત્ર છો, એવો ઉદંડ અભિગમ વિચાર-શૂન્યતાનું સીધું પરિણામ છે એમ કહેવાની ભાગ્યે જ જરૂર હોય. વર્ષો પહેલાં એક તમિલ ફિલ્મની રજૂઆત સમયે કંઈક આવો જ વિવાદ ઊભો થયો હતો. તે વખતે સુપ્રીમ કોર્ટે આપેલો ચુકાદો પણ સોલી સોરાબજીએ યાદ દેવડાવ્યો છે. આ ચુકાદા મુજબ અભિવ્યક્તિની સ્વતંત્રતા જળવાય તે જોવાની રાજ્ય સરકારની ફરજ છે. આ સંદર્ભે રાજ્ય સરકાર પોતાની અશક્તિ જાહેર કરી શકે નહીં. સરકાર માટે આ સ્વતંત્રતા સચવાય એ જોવાનું ફરજિયાત છે. ફિલ્મ પાસે સેન્સર બોર્ડનું પ્રમાણપત્ર છે.

કોઈને પણ એ જોવી હોય તો એ જોવાનો જે તે વ્યક્તિને અધિકાર છે. ધાકધમકીથી, ટોળાંના દબાણથી, દેખાવોના ડરથી, કે કાયદા-વ્યવસ્થાના પ્રશ્નો ઊભા થશે, એવી દહેશતથી સરકાર આવી પરિસ્થિતિમાં દરમિયાનગીરી ન કરે તો એ અપરાધ છે. જો ફિલ્મના કલાકારે કે ફિલ્મ સાથે સંકળાયેલા અન્ય કોઈએ પ્રજાની લાગણીને ઠેસ પહોંચાડી છે, એમ કોઈકને ખરેખર લાગતું હોય તો પણ એ પ્રજા અને ફિલ્મની રજૂઆતની વચ્ચે આવી ન શકે. જો પ્રજાને એવો મોટો આઘાત લાગ્યો હોય તો એ સ્વયં ફિલ્મનો બહિષ્કાર કરી જ શકે છે. આ એની સ્વતંત્રતા છે. જેમ ફિલ્મ ન જોવી એ એની મરજીની વાત છે, તેમ ફિલ્મ જોવી એ પણ એની મરજીની જ બાબત છે. ફિલ્મ પાસે સેન્સરનું પ્રમાણપત્ર છે, ત્યાં જ પૂર્ણવિરામ આવી જાય છે. ફિલ્મ ન જોવા અંગે અનુરોધ કરી શકાય, લેખો લખી શકાય, ચર્ચા કરી શકાય, પણ થિયેટર પર તોડફોડ કરીને આતંક ફેલાવી ન જ શકાય. અભિનેતાએ વ્યક્ત કરેલા વિચારો એના પોતાના છે, એને ફિલ્મ સાથે બિલકુલ સંબંધ નથી, ત્યારે કોઈ પણ જૂથનું આવું દબાણ શી રીતે ચલાવી લેવાય?

ગુણવંતી ગુજરાત - ગાંધી - સરદાર, નર્મદ - મેઘાણીની ગુજરાત પાસે જે કંઈ ડહાપણ બચ્યું હોય, અને હજી સુધી રાજકીય હઠાગ્રહ કે સંકુચિતતાની ઝાળ એને ન લાગી હોય, એ ડહાપણનો વ્યવહારમાં ઉપયોગ કરવાનો આ સમય છે. સાહિત્યની ઉપાસના, કલાની સાધના, કાવ્યતત્ત્વનું સેવન, રંગભૂમિનો ભેખ, સેવાનું તપ આમાંનું કશું જ ગુજરાતને અજાણ્યું નથી. પણ અત્યારે તો ગુજરાત એટલે ઝનૂન અને ટોળાંશાહી, વિચારહીન વર્તન અને અપરિપક્વતા, અસહિષ્ણુતા અને નિરંકુશ વ્યવહાર, એવો જ સંદેશ બહાર ફેલાવવામાં આપણે સહુ જવાબદાર છીએ. ગુજરાતની પ્રજાનું આ ચિત્ર ઊભું કરવામાં પાંચ કરોડમાંથી કેટલાં ગુજરાતીઓને રસ છે એ તો જાણીએ! 'ફના' કે 'રંગ દે બસંતી' ફિલ્મના વિરોધ નિમિત્તે તો અભિવ્યક્તિની સ્વતંત્રતા વિશે આપણે કેટલાં જાગ્રત છીએ એટલું જ બહાર આવ્યું છે. આપણે ઉઘાડાં પડ્યાં છીએ. વાત સીધી અને સાફ છે. જેને આમીરખાનની ફિલ્મ ન જોવી હોય તે ન જુએ, એ એની સ્વતંત્રતા છે. આખીયે પ્રજા વતી જેમ ફાવે તેમ બોલવા-વર્તવાનો હક ન કોઈ જૂથને અપાય, ન કોઈ વ્યક્તિને. આજે જે વ્યક્તિની બાબતમાં બની રહ્યું છે તે કાલે કોઈ સંસ્થા, કાર્યક્રમ, સાહિત્યકૃતિ, નાટક કે કાવ્ય સંદર્ભે પણ બની જ શકે. પ્રશ્ન ન્યાય અને કાયદાનો છે, અભિપ્રાય-સ્વાતંત્ર્યનો છે. સર્જકો, ચિંતકો, વિચારકો, સંસ્કારધારકો અને શાણા નાગરિકોએ પોતાના અભિગમ વિશે મુખર થવાની આ ક્ષણ છે. બાકી તો આમેય ગુજરાતીઓ પુસ્તકો અને કલાપ્રીતિ વિચાર-સ્વાતંત્ર્ય અને એની અભિવ્યક્તિ અંગે ગાંધીજી-સરદાર અને નર્મદ-મેઘાણીના સમય પછી કોઈ ઉલ્લેખનીય ખ્યાતિ પ્રાપ્ત કરી શક્યાં નથી. આપણું અસ્તિત્વ કયાં મૂલ્યોના પ્રસાર-પ્રચાર માટે છે, એવો સવાલ ગુજરાતની કલા-સાહિત્ય સાથે સંકળાયેલી સર્વ સંસ્થાઓએ કરવો પડશે. ખરેખર તો આ અસ્મિતાનો સવાલ છે. અને અસ્મિતા-પર્વ ઊજવ્યા વગર, સંગીત-નાટકના દિગ્ગજ કલાકારોની કલા માણ્યા વગર, આપણે વિચારોની સ્વતંત્ર અભિવ્યક્તિ કેટલી સ્વીકારી શકીએ છીએ, એને કેવું ને કેટલું સમર્થન આપીએ છીએ, એ નિરીક્ષણનો છે. અસ્મિતાની આ કટોકટી છે. જોઈએ કે જાગતાં જણ કેટલાં છે ! ●

# ‘નર્મદા બચાવ’ આંદોલનની મુશ્કેલી શું છે ?
# વિસ્થાપિતોનો પુનર્વસવાટ

*- સિધ્ધાર્થ સોમ*

સરદાર સરોવર બંધની ઊંચાઈ ૧૧૦.૬૪ મીટરથી વધારીને ૧૨૧.૯૨ મીટર સુધી લઈ જવાની નર્મદા કન્ટ્રોલ ઓથોરિટીએ મંજૂરી આપી તેની સામેના ઉપવાસ આંદોલનને કારણે ‘નર્મદા બચાવ’ આંદોલન (નબા)અને તેના નેતા સુશ્રી. મેધા પાટકર ફરી પ્રસાર માધ્યમોમાં છવાયેલા રહ્યા છે.

હું નબા સાથે સહેજ પણ સહમત નથી. હું એમ પણ માનું છું કે નબાને ટેકો આપનારા ઘણા લોકોનો ઈરાદો નેક છે, પરંતુ ઘણા અગત્યના સવાલો વિશે પૂરેપૂરી જાણકારી નથી ધરાવતા. પરિણામે સરળીકૃત માન્યતાઓના શિકાર બન્યા છે જે હકીકતો સામે ટકી એમ નથી. આ લેખમાં હું આ સવાલો ઉપર થોડો પ્રકાશ ફેંકવાની કોશિશ કરી રહ્યો છું. આ વિવાદના આખા ઇતિહાસને અહીં નહીં તપાસીએ. નબા વિશેની કેટલીક પ્રચલિત માન્યતાઓ અને તેની સામે હકીકતો શું છે તે તપાસવાની જ અહીં કોશિશ કરી છે.

***માન્યતા :*** *સરદાર સરોવર બંધને કારણે ખૂબ મોટી સંખ્યામાં, ગરીબ અને વંચિત લોકો પોતાના વતનમાંથી ઉજડી જશે અને વધારે ગરીબીની ગર્તામાં ધકેલાઈ જશે. હજારો આદિવાસી કુટુંબોનાં ઘર-જમીન ક્યાં તો પૂરેપૂરાં ડૂબી ગયા છે અથવા તો બંધ પૂરો થતાં સુધીમાં ડૂબી જશે.*

***હકીકત :*** એ સાચું છે કે ઘણી મોટી સંખ્યામાં લોકો વિસ્થાપિત થશે અને એમાંથી ઘણા આદિવાસી લોકો છે. પરંતુ નબા વિસ્થાપનનું જે ચિત્ર રજૂ કરે છે તે ભારે અતિશયોક્તિથી પીડાય છે.

ગુજરાત અને મહારાષ્ટ્રને લાગેવળગે છે ત્યાં સુધી તો પુનર્વસવાટનું કામ લગભગ સંપૂર્ણપણે સફળતાપૂર્વક પાર પડી ચૂક્યું છે. જે કામ બાકી છે તે મુખ્યત્વે મધ્યપ્રદેશમાં જ કરવાનું છે. બંધ પૂરેપૂરો બંધાઈ જશે (૧૩૮.૬૮ મીટરની ઊંચાઈએ) ત્યારે જે સ્થિતિ પેદા થશે તે આ પ્રમાણે છે :

૧) ચાર ગામો (ગુજરાતનાં ત્રણ અને મ.પ્ર.નું એક) પૂરેપૂરાં ડુબાણમાં જશે.

૨) ૨૪૧ ગામો (ગુજરાત ૧૬, ૩૩ મહારાષ્ટ્ર અને ૧૯૨ મ.પ્ર.) આંશિક રીતે પ્રભાવિત થશે.

૩) ત્રણે રાજ્યોનાં કુલ વિસ્થાપિત કુટુંબોની સંખ્યા (પુખ્ત ઉંમરના દીકરાઓને અલગ કુટુંબ ગણતાં) ૪૦૮૨૭ની છે.

૪) મ.પ્ર.માં આબાદી (રહેણાંકનાં મકાનો) ૩૬ ગામોમાં પૂરેપરી અને ૧૧૬ ગામોમાં આંશિક રીતે પ્રભાવિત થાય; ૩૦ ગામોમાં ખેતીની જમીનોને કોઈ જ અસર નહીં થશે; ૮૨ ગામોમાં ૧૦ ટકાથી ઓછી જમીનો ડૂબમાં જશે; ૩૨ ગામોમાં ૧૧-૨૫ ટકા જેટલી, ૩૦ ગામોમાં ૨૬-૫૦ ટકા જેટલી અને ફક્ત ૧૯ ગામોમાં જ ૫૦ ટકા કરતાં વધારે જમીન ડૂબમાં જશે. આમ મ.પ્ર.નાં મોટાભાગનાં ગામો આંશિક રીતે જ ડુબાણમાં જશે અને મોટાભાગનાં ગામોમાં તો ખેતીની જમીનોને ખાસ અસર જ નહીં થાય. આ ગામોના લોકોએ તો પોતાના ગામોમાં રહીને માત્ર તેમનાં ઘરો સરોવરની ધારથી ઉપર ખસેડી લેવાનાં થશે. આમ તેઓ વિસ્થાપિત જરૂર થશે, પણ ઘર-જમીન બંને ગુમાવીને સાવ નવા જ વિસ્તારમાં નવેસરથી જિંદગી શરૂ કરવી પડે એ રીતે નહીં.

૫) આ યોજનાથી કુલ જેટલી જમીનમાં સિંચાઈ થવાની છે, તેની સામે માત્ર ૧.૬૫ ટકા જેટલો વિસ્તાર જ ડુબાણમાં જશે.

૬) મ.પ્ર.માં માત્ર ૩૦ ટકા જેટલા વિસ્થાપિતો તો આદિવાસી છે, બાકીના ૭૦ ટકા જેટલા વિસ્થાપિતો તો નિમાડના બિન-આદિવાસી ખેડૂતો છે, જેઓ ખાસ્સી આધુનિક ખેતી કરી રહ્યા છે.

આ ઉપરાંત જમીન-ઘર બંને ગુમાવનારા વિસ્થાપિતોનો પુનર્વસવાટ કેવા થશે, એ સવાલ તપાસીએ તો એ સ્પષ્ટ છે કે પુનર્વસવાટ માટેની સરકારની નીતિ ઘણી ઉદાર છે. એના સ્પષ્ટ નિર્દેશો ૧૯૭૯માં નર્મદા ટ્રીબ્યુનલના ચુકાદામાં આપવામાં આવેલા. અને ત્યાર પછી તો એમાં ઘણા સુધારા થયા છે. આ નીતિ વિસ્થાપિતોના પાયાના અધિકારોને માન્યતા આપે છે. ખાસ કરીને જમીનના બદલે જમીન (અને કુટુંબદીઠ ઓછામાં ઓછી પાંચ એકર જમીન) મેળવવાના. તેઓ ઇચ્છે તો કમાન્ડ વિસ્તારની સિંચિત જમીન મેળવવાના, જમીનવિહોણા ખેતમજૂરો અને સરકારી જમીનો ખેડતાં ‘encroacher’ કુટુંબોને પણ જમીન મેળવવાના, જમીન ફાળવવાની પ્રક્રિયામાં પુખ્ત ઉંમરના દીકરાઓને અલગ કુટુંબ ગણીને તેમના પણ જમીન મેળવવાના અને તેમની પસંદગીની જગ્યાએ પુનર્વસવાટ કરવાના અધિકારોને માન્યતા આપે છે. સૌથી અગત્યની બાબત એ છે કે પુનર્વસવાટ પછી વિસ્થાપિતોનું જીવનધોરણ પહેલાં કરતાં વધારે સારું થવું જોઈએ એ સિદ્ધાંતને

ઔપચારિક માન્યતા આપવામાં આવી છે. આમ વિસ્થાપિતોને પહેલાં કરતાં વધારે તેમજ વધારે ઉત્પાદક જમીન મળી છે કે મળવાની છે.

***માન્યતા :*** *પુનર્વસવાટ માટેની આ ઉદાર નીતિ લગભગ સંપૂર્ણપણે નબાના દબાણને કારણે જ બની છે. નબાએ બંધની વિરુદ્ધમાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે સાતત્યપૂર્વક જોરદાર આંદોલન ન ચલાવ્યું હોત, તો સરકાર ક્યારેય આવી ઉદાર નીતિ જાહેર ન કરત.*

***હકીકત :*** હાલની પુનર્વસવાટ નીતિ મુખ્યત્વે બે ઘટનાઓ પર આધારિત છે : (૧) નર્મદા ટ્રીબ્યુનલનો ૧૯૭૯નો ચુકાદો અને (૨) ગુજરાત સરકારે ૧૯૮૭માં જાહેર કરેલ નવી પુનર્વસવાટ નીતિ. મેધા પાટકરે સૌ પ્રથમ ૧૯૮૫માં મહારાષ્ટ્રનાં ગામોમાં કામ શરૂ કરેલું. એમ લાગે છે કે શરૂઆતમાં તેઓ તેમજ નર્મદા ધરણગ્રસ્ત સમિતિ (જે ૧૯૮૯થી નબા તરીકે કામ કરવા લાગી) ખરેખર પુનર્વસવાટના પ્રશ્ને જ ચિંતિત હતા અને વિસ્થાપિતોને પુનર્વસવાટનું સારામાં સારું પેકેજ મળે તે માટે કામ કરતા હતા. પરંતુ ત્યાર પછી થોડાં જ વર્ષોમાં એમની અગ્રીમતાઓ પૂરેપૂરી બદલાઈ ગઈ અને ૧૯૮૯માં મેધા પાટકર તેમજ નબાએ આત્યંતિક આઈડ્યોલોજિકલ ભૂમિકા અપનાવી કે આવી મોટી યોજનાઓ મૂળે જ ખરાબ છે અને તે થવી જ ન જોઈએ. ત્યારથી તેમની દલીલ એ જ છે કે ગામોના લોકોને તેઓ છે તેવી હાલતમાં જ રાખી મૂકવા જોઈએ અને આદિવાસીઓ તો ‘કુદરત સાથેની સમતુલામાં’ અત્યારે જે રીતે જીવી રહ્યા છે તે જ બરાબર છે અને ‘આધુનિક સમાજ’ની અસરોથી બચેલા રહે તે જ બરાબર છે. તેમની આ ભૂમિકામાં આધુનિક વિકાસનો પૂરેપૂરો નકાર અભિપ્રેત છે. આ ભૂમિકાએ પહોંચ્યા પછી તેમના મતે ન્યાયી પુનર્વસવાટ શક્ય પણ નથી અને ઇચ્છિત પણ નથી. આમ થયું ત્યારથી નબાની બધી શક્તિ વિસ્થાપિતો માટે યોગ્ય પુનર્વસવાટ સુનિશ્ચિત કરવાને બદલે બંધ વિરોધી વિચારધારાના પ્રસારના કામમાં લાગી ગઈ. આ બદલાયેલ પરિપ્રેક્ષ્યમાં પણ વિસ્થાપન અને પુનર્વસવાટના મુદ્દા તો રહ્યા જ - પરંતુ તે યોગ્ય અને ન્યાયી પુનર્વસવાટ હાંસિલ કરવાના ધ્યેયની પૂર્તિ માટે નહીં પરંતુ ‘સૈદ્ધાંતિક રીતે જ પુનર્વસવાટ અશક્ય છે’ની વાત આગળ કરીને બંધ વિરોધી લડતને આગળ લઈ જવા માટે.

પુનર્વસવાટ નીતિના નિર્ધારણમાં સરકાર ઉપરાંત અન્ય-વિશ્વબેંક તેમજ ડૉ. અનિલ પટેલના નેતૃત્વમાં કામ કરતી ગુજરાતસ્થિત સ્વૈચ્છિક સંસ્થા આર્ચ-વાહિનીએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. આર્ચ-વાહિનીએ જ સૌ પ્રથમ ૧૯૮૦માં આદિવાસીઓના ન્યાયી પુનર્વસવાટની માંગ ઉઠાવેલી અને ત્યારથી આ પ્રશ્ને ઘનિષ્ઠતાથી કામગીરી કરી છે. આર્ચ-વાહિની માટે પ્રમુખ મુદ્દો વિસ્થાપિતો માટે શ્રેષ્ઠ પુનર્વસવાટ કઈ રીતે હાંસિલ કરી શકાય તેનો જ રહ્યો છે અને બંધની વિરુદ્ધ કે તરફેણમાં આત્યંતિક ભૂમિકા નથી લીધી. આર્ચ-વાહિનીએ આદિવાસીઓને સંગઠિત કર્યા, રેલીઓ કાઢી, કોર્ટોમાં કેસ કર્યા અને વિશ્વબેંકને રજૂઆતો કરી. એમની રજૂઆતોના આધારે જ વિશ્વબેંકે ૧૯૮૭માં ગુજરાત સરકારને નવી પુનર્વસવાટ નીતિ જાહેર કરવાની ફરજ પાડેલી, જે એમની તમામ મુખ્ય માંગોને સંતોષતી હતી. (મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશે પણ તેમના પુનર્વસવાટ પેકેજમાં મહત્ત્વના સુધારા કર્યા છે અને ગુજરાતના પેકેજની નજીક પહોંચી ગયા છે, પરંતુ પૂરેપૂરા તેની તોલે નથી પહોંચ્યા. મહારાષ્ટ્ર અને મ.પ્ર.ના વિસ્થાપિતોને પણ જો તેઓ ગુજરાતમાં વસવા તૈયાર હોય તો ગુજરાતના પેકેજનો લાભ મળી જ શકે છે.) ત્યાર પછી આર્ચ-વાહિનીએ તેની તમામ તાકાત આ નવી નીતિનો યોગ્ય અમલ થાય તે તરફ વાળી અને એ માટે ગુજરાત સરકાર સાથે મળીને કામ કરવાનું શરૂ કર્યું. ત્યાર પછીનાં વર્ષોમાં તેની ભૂમિકા વોચ-ડોગ તરીકે કામ કરવાની તેમજ વિસ્થાપિતો અને સરકાર વચ્ચે કડી તરીકે કામ કરવાની રહી છે. મેધા પાટકર અને નબા (કે ધરણગ્રસ્ત સમિતિ) અને આર્ચ-વાહિની, જે ૧૯૮૭ સુધી સમામ ધ્યેય ધરાવતા હતા અને કેટલેક અંશે સાથે કામ પણ કરતા હતા, તેમના રસ્તા ત્યાર પછી ફંટાઈ ગયા. આર્ચ-વાહિનીએ એ ભૂમિકા અપનાવી કે પુનર્વસવાટ નીતિની ક્ષતિઓ દૂર થઈ જવાને કારણે ન્યાયી પુનર્વસવાટ હવે શક્ય છે. જ્યારે નબાએ એનાથી સાવ વિરુદ્ધ બંધનો જ વિરોધ કરવાની ભૂમિકા અપનાવી અને ન્યાયી પુનર્વસવાટ શક્ય જ નથી અને ઇચ્છિત પણ નથી, એવી વાત કરવા માંડી.

ત્યારપછી અમેરિકાની એન્વાર્યન્મેન્ટ ડિફેન્સ ફંડ અને બીજાં આંતરરાષ્ટ્રીય સંગઠનો પણ નબાના પક્ષે લડતમાં જોડાયાં. ત્યારથી દુનિયાભરનાં શહેરોમાં સફળતાપૂર્વક સરદાર સરોવર વિરોધી પ્રચાર ફેલાવવામાં નબા અને તેના ટેકેદારોએ ખાસ્સી શક્તિ વાપરી છે. ત્યાં સુધી કે વિશ્વબેંક આ યોજનામાંથી ખસી જાય તે માટે દબાણ લાવવા અમેરિકાની કોંગ્રેસમાં રજૂઆત કરવાને પણ કાર્યકરો મોકલ્યા છે - જે એને એ જૂજ ભારતીય સંગઠનોમાં મૂકે છે જેણે દેશના રાજનૈતિક પ્રશ્નના હલ માટે સીધો હસ્તક્ષેપ કરવા અમેરિકાની કોંગ્રેસને રજૂઆત કરી હોય.

૧૯૮૯ પછી મેધા પાટકર અને નબાએ વિસ્થાપિતોના પુનર્વસવાટની નીતિમાં સુધારા લાવવાને ખાસ કોઈ ગંભીર પ્રયત્નો કર્યા નથી. એથી વિપરીત બંધ સામેની લડતના ભાગરૂપે પુનર્વસવાટના પ્રયત્નોને હાનિ પહોંચાડવાનું કામ કર્યું છે. આમ છતાં એક વાત પણ સાચી છે- નબાના પ્રચારને કારણે વ્યાપક સ્તર પર શિક્ષિત મધ્યમ વર્ગના લોકોમાં વિસ્થાપનના પ્રશ્ને જાગૃતિ આવતી જાય છે. એ માટે નબા તેમજ મેધા પાટકર ચોક્કસ યશના હકદાર છે.

***માન્યતા :*** *પુનર્વસવાટ નીતિ કાગળ ઉપર સારી છે, પરંતુ તેનો વાસ્તવમાં અમલ કરવા બાબતે સરકાર જરાયે ગંભીર નથી.*

***હકીકત :*** આ વાતમાં સત્યનો અંશ જરૂર છે, પરંતુ એ પૂરેપૂરું સત્ય નથી જ. સુરતના સેન્ટર ફોર સોશીયલ સ્ટડીઝના અહેવાલોએ નોંધ્યું છે તેમ, અનેક ચઢાવ-ઉતાર છતાં ગુજરાતમાં પુનર્વસવાટની કામગીરી એકંદરે સફળતાપૂર્વક પાર પાડવામાં આવી છે.

સરકારી અધિકારીઓમાં ભ્રષ્ટાચાર અને ઉદાસીનતાની સમસ્યાઓ ભારતમાં બધાં ક્ષેત્રોમાં જોવા મળે છે, અને સરદાર સરોવર યોજના પણ એમાંથી બાકાત નથી જ. ભ્રષ્ટાચારની સમસ્યા સંપૂણપણે દૂર થઈ જાય એવું આપણે સૌ ઇચ્છીએ, પરંતુ સૌ કોઈ જાણે છે કે એ કંઈ આજકાલમાં જ થઈ નથી જવાનું. ભ્રષ્ટાચાર હોવા છતાં સરકાર કામ પણ કરે જ છે. અને એવી ભૂમિકા તો ન જ લઈ શકાય કે જ્યાં સુધી ભ્રષ્ટાચાર સંપૂર્ણપણે નાબૂદ નહીં થઈ જાય ત્યાં સુધી સરકારે કશું કરવું જ નહીં. એ તો મૂર્ખામીભર્યું પગલું ગણાય. ખરેખર તો અહીં સ્વૈચ્છિક સંસ્થાઓ, પ્રસાર માધ્યમો સરકારને વધારે જવાબદાર અને કાર્યક્ષમ બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે અને ભજવે પણ છે. એમ 'વોચ-ડોગ'ની ભૂમિકા ભજવીને, સરકાર અને લોકો વચ્ચે કડી તરીકે કામ કરીને તેમજ લોકોને તેમના અધિકારો વિશે જાગૃત કરીને, રચનાત્મક ટીકા કરીને પરિસ્થિતિને સુધારવાના ઉપયોગી સૂચનો કરીને કરી શકાય. આવું આર્ચ-વાહિનીએ કર્યું છે. ગુજરાત સરકારે વિસ્થાપિતો માટેની જમીન ખરીદવા માટે 'જમીન ખરીદ સમિતિ'ની રચના કરેલી જેમાં વિસ્થાપિતો, સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ, સરકારી અધિકારીઓ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, વગેરેને સામેલ કરેલા. આર્ચ-વાહિની અને અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓએ આવી કમિટિઓમાં તેમજ પુનર્વસવાટની અન્ય કામગીરીમાં અગત્યની રચનાત્મક ભૂમિકા ભજવી છે. જ્યારે નબાએ એનાથી સાવ જુદી જ ભૂમિકા અપનાવી છે. પુનર્વસવાટની કામગીરીમાં સક્રિય રીતે ભાગીદાર બનીને વિસ્થાપિતોની મુશ્કેલીઓ દૂર કરવામાં મદદરૂપ થવાને બદલે, એમની આત્યંતિક આઈડ્યોલોજીની અસર હેઠળ, પુનર્વસવાટ સંબંધી મહત્ત્વની જાણકારી વિસ્થાપિતોને પહોંચાડી તો નથી જ, ખોટી માહિતી પણ ફેલાવી છે. એટલું જ નહીં, એમણે વિસ્થાપિતોને પુનર્વસવાટ સંબંધી કામગીરી (સર્વે વગેરે)નો સક્રિય રીતે વિરોધ કરવાને પણ ઉક્સાવ્યા છે. હમણાં છેલ્લાં કેટલાંક વર્ષથી નબાએ મર્યાદિત ધોરણે રચનાત્મક કેટલેક અંશે 'વોચ-ડોગ'ની રચનાત્મક ભૂમિકા પણ ભજવી છે.

પુનર્વસવાટ અંગે ખોટી માહિતી ફેલાવવામાં નબાએ કેવી ભૂમિકા ભજવી છે તેનો થોડો ખ્યાલ નીચેનાં અવતરણો પરથી આવે છે.

૧) આર્ચ-વાહિનીના ડો. અનિલ પટેલે લખ્યું છે કે ''પુનર્વસવાટની કામગીરી પૂરજોશમાં ચાલી રહી હતી ત્યારે... ૧૯૯૧ની શરૂઆતમાં ધીરે ધીરે વાત બહાર આવવા માંડી. મહારાષ્ટ્ર અને મ.પ્ર.નાં આદિવાસી ગામોના વિસ્થાપિતો ગુજરાતની પુનર્વસવાટ નીતિ તેમજ એનો જે રીતે અમલ થઈ રહ્યો હતો તે વિશે સંપૂર્ણપણે અંધારામાં હતા. આ ગામોમાં નબાએ સક્રિયપણે એવી માહિતીઓ ફેલાવેલી જે હકીકતો સામે ટકી શકે એમ નહોતી''.

૨) મહારાષ્ટ્રના વિસ્થાપિતોએ પુનર્વસવાટ માટે તલોદાની જંગલ-જમીનોની માંગણી કરેલી હતી, પરંતુ કેન્દ્ર સરકાર પુનર્વસવાટ માટે એ આપવા તૈયાર નહોતી. શરૂઆતમાં મેધા પાટકરે (જ્યારે એમણે બંધનો વિરોધ કરવાની ભૂમિકા નહોતી અપનાવી) વિસ્થાપિતોની આ માંગણીને ટેકો જાહેર કરેલો અને મહારાષ્ટ્ર સરકાર વિસ્થાપિતોની માંગ પ્રમાણે પુનર્વસવાટ થાય એ માટે ભારપૂર્વક રજૂઆત નથી કરતી, એવો આક્રોશ પણ વ્યક્ત કરેલો. ત્યાર પછી ૧૯૯૦માં એ પૈકી કેટલીક જમીનો છૂટી કરવામાં આવેલી. પરંતુ આર્ચ-વાહિનીના અનિલ પટેલ લખે છે તેમ મહારાષ્ટ્રનાં અંતરિયાળ ગામોના વિસ્થાપિતોને આની જાણ જ નહોતી કરવામાં આવી અને ૧૯૯૨માં જ્યારે એમને ખબર પડી કે આ જમીનો તો ૧૯૯૦માં જ છૂટી કરી દેવામાં આવેલી, ત્યારે એમને ભારે આંચકો લાગેલો. નબાએ એમને અંધારામાં રાખેલા એટલું જ નહીં પરંતુ એમના નામે એવી રજૂઆતો પણ કરેલી કે આદિવાસીઓને હવે આ જમીનો જોઈતી જ નથી. આ જાણીને તો તેઓ સૌ ઘા જ ખાઈ ગયા અને પછી તો સૌએ નબાની ઉપરવટ જઈને એ જમીનો પર પુનર્વસવાટ સ્વીકારી લીધો.

૩) દિલ્હીની માર્ગ સંસ્થાના કાર્યકરો વિસ્થાપિત ગામોના સર્વેક્ષણ માટે ૧૯૮૩થી ડુબાણ વિસ્તારનાં ગામોમાં (મુખ્યત્વે મ.પ્ર.નાં) ફરી રહ્યા હતા. પરંતુ ૧૯૮૯થી એ મુલાકાતો બંધ થઈ ગઈ. માર્ગ સંસ્થાના વડા ડો વસુધા ધાગમવરના જણાવ્યા પ્રમાણે ''માર્ગે નર્મદા ઘાટીમાં જવાનું બંધ કરી દેવું પડ્યું, કારણ કે નબાના વરિષ્ઠ કાર્યકરોએ અમને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધેલું કે અમારી મુલાકાતોને તેઓ આવકારતા નથી. પુનર્વસવાટ અંગે નર્મદા ટ્રીબ્યુનલની જોગવાઈઓની લોકોને જાણકારી મળે તેવું તેઓ ઇચ્છતા ન્હોતા, કારણ કે એનાથી કદાચ લોકો પુનર્વસવાટ પેકેજ સ્વીકારી લેવાને લલચાઈ શકે અને જેથી એમનું આંદોલન નબળું પડશે''.

૪) રુક્સાન હકીમે પુનર્વસવાટની પ્રક્રિયામાંથી એક આદિવાસી ગામ કઈ રીતે પસાર થયું તેનો સુંદર અભ્યાસ કર્યો છે. તેઓ લખે છે કે ''પુનર્વસવાટ અંગે જુદાં જુદાં જૂથો જે જુદી જુદી પ્રતિક્રિયાઓ આપે છે તે, મહદ્અંશે જુદી જુદી સ્વૈચ્છિક સંસ્થાઓ એમને ક્યા પ્રકારની માહિતી પહોંચાડે છે, તેના પર આધારિત છે. માંકડખાડાના કિસ્સામાં આર્ચ-વાહિનીએ તેમને પરિસ્થિતિથી વાકેફ કર્યા હતા. જ્યારે એની સામેપારના બામણી ગામમાં (જેના લોકો સાથે માંકડખાડાના લોકોના ઘનિષ્ઠ સંબંધો હતા) લોકો નબાને ટેકો કરી રહ્યા હતા. બંને કિસ્સાઓમાં પુનર્વસવાટ સંબંધી અભિગમ નક્કી કરવામાં તેમની પોતાની માન્યતાઓની ભૂમિકા પ્રમાણમાં ઓછી હતી. આ સવાલ તેમને માટે સાવ નવો હતો અને એટલે એ વિશે બહારની વ્યક્તિઓના માર્ગદર્શન મેળવવાને તેઓ ખુલ્લા હતા.''

આમ, પુનર્વસવાટની કામગીરીની ઢીલ માટે સરકારને તો જવાબદાર ગણવી જ જોઈએ, પરંતુ નબા પણ કમ સે કમ આંશિક રીતે તો જવાબદાર છે જ.

***માન્યતા :*** *નબા ખરેખર નર્મદા ઘાટીમાં રહેતા ગરીબ લોકો, ખાસ કરીને આદિવાસીઓ અને દલિતોનું પ્રતિનિધિત્વ કરે છે.*

***હકીકત :*** નબાનો મુખ્ય આધાર મહારાષ્ટ્ર અને મ.પ્ર.નાં ગામોમાં છે, નહીં કે ગુજરાતનાં. ગુજરાત અને મહારાષ્ટ્રના લગભગ બધા વિસ્થાપિતો આદિવાસી છે, પરંતુ મ.પ્ર.ની સ્થિતિ એનાથી સાવ જુદી છે. ત્યાં અલિરાજપુર અને બડવાનીના ડુંગર વિસ્તારનાં ગામોને બાદ કરતાં બાકીનાં બધાં ગામો બિન-આદિવાસી છે અને કુલ કુટુંબોમાંથી ૭૦ ટકા જેટલાં કુટુંબો બિન-આદિવાસી છે. (નબાની લાખ કોશિશો છતાં મહારાષ્ટ્રના તો લગભગ બધા આદિવાસીઓએ પુનર્વસવાટ સ્વીકારી લીધો છે. તે જ રીતે મ.પ્ર.ના અલિરાજપુરના આદિવાસીઓમાંથી પણ મોટાભાગનાએ ગુજરાતમાં પુનર્વસવાટ સ્વીકારી લીધો છે.) નબાને ટેકો આપનારાઓ મુખ્યત્વે રાજકીય અને આર્થિક રીતે પ્રભાવશાળી અને સદ્ધર પાટીદાર ખેડૂતો છે. આમ શરૂઆતમાં મહારાષ્ટ્ર અને મ.પ્ર.ના આદિવાસીઓ નબાને ટેકો આપી રહ્યા હતા એ વાત સાચી હોવા છતાં, અત્યારે તો એને મુખ્ય ટેકો નિમાડ વિસ્તારના પાટીદાર (અને રજપૂત) ખેડૂતો તરફથી જ મળી રહ્યો છે અને એમનાં હિતોનું જ તે પ્રતિનિધિત્વ કરે છે. (આ ખેડૂતોમાંથી મોટાભાગના તો કોઈ જમીન ગુમાવતા જ નથી પણ માત્ર ઘર જ ગુમાવે છે એની ચર્ચા ઉપર કરી જ છે.) મોટાભાગના દલિતો (અને જમીનવિહોણા ખેતમજૂરો) નબાને શંકાની નજરે જુએ છે કારણ કે તેમને તો પુનર્વસવાટ જમીનના માલિક બનવાનો અવસર પૂરો પાડે છે.

અમિતા બાવિસ્કરે (જે આમ તો નબા પ્રત્યે ખાસ્સી સાહનુભૂતિ ધરાવે છે) નિમાડના પાટીદારો માટે આ પ્રમાણે લખ્યું છે : ''નિમાડમાં આંદોલનની તાકાત મુખ્યત્વે પાટીદારોમાંથી આવે છે ... જેમની ગણના ભારતના રાજકીય રીતે વગવાળા  મધ્યમ અને સમૃદ્ધ ખેડૂતોમાં થાય છે. તેમની જમીનો આમ તો પહેલેથી જ ખાસ્સી ઉપજાઉ હતી, ૧૯૭૦ના દાયકામાં વીજળી આવી પછી એની ઉત્પાદક્તા ખાસ્સી વધી ગઈ છે. કારણકે વીજળીના પંપથી ખેતરોમાં સિંચાઈ થવા લાગી છે અને એને પરિણામે ખેડૂતો રોકડિયા પાકો પણ લેવા માંડ્યા છે. હાલ નિમાડમાં વીજળીકરણ અને સિંચાઈ પછીની સમૃધ્ધિ આંખે ઊડીને વળગે છે. લોકો યાદ કરે છે કે પહેલાં તો ઘંઉ ખાવા મળે એ તો મીજબાની ગણાતી. ચા પણ માત્ર ગણ્યાગાંઠ્યાં માલદાર ઘરોમાં જ પીવાતી, અને ખાંડ પણ કોઈએ જોઈ નહોતી. હવે આ બધી બાબતો તો આમ બની ગઈ છે. આંદોલને નિમાડની આ વિસંગતતા છુપાવવા ડુંગર વિસ્તારના આદિવાસીઓને આગળ કર્યા છે અને પાટીદારોને પૃષ્ઠભૂમિમાં રાખ્યા છે''. બાવિષ્કર આગળ એમ પણ લખે છે કે 'જમીનવિહોણા ખેતમજૂરો જે કદમલ જેવાં ગામોમાં ૪૦ ટકા જેટલી વસતી ધરાવે છે, અને જે મુખ્યત્વે દલિત અને આદિવાસી છે, તેઓ આંદોલનના વિરોધ પ્રદર્શનોમાં કે આંદોલનના સ્થાનિક કાર્યક્રમોમાં ક્યાંય જોવા નથી મળતા'. મ.પ્ર.ના દલિત લેખક ચંદ્રભાન પ્રસાદ કડક શબ્દોમાં નબાની આલોચના કરતાં જણાવે છે કે ''નબા નર્મદા ઘાટીમાં પાટીદારોની જમીન બચાવો આંદોલન તરીકે, દિલ્હીમાં પુનર્વસવાટ આંદોલન તરીકે અને લંડન તેમજ યરોપમાં પર્યાવરણ બચાવો આંદોલન તરીકે ઓળખાય છે''. તે જ પ્રમાણે મહારાષ્ટ્રના જાણીતા મહિલા એક્ટીવીસ્ટ અને સ્કોલર ગેલ ઓમવેડ્ટે નબા પરના તેમના સુંદર લેખમાં જણાવ્યું છે કે 'અર્થશાસ્ત્રીઓના મતે કૌટીલ્યના અર્થશાસ્ત્રના જમાનામાં જે સરેરાશ મજૂરી હતી તે જ મજૂરી રૂપિયાના સ્વરૂપમાં અંગ્રેજોના સમયમાં હતી અને સ્વતંત્રતા પછીનાં ૫૦ વર્ષમાં પણ એમાં ખાસ ફરક પડ્યો નથી''. આમ, ગરીબ અને શોષિત આદિવાસી અને જમીન-વિહોણા ખેતમજૂરો પરંપરાગત સામાજિક માળખાં તોડીને આધુનિકતા અપનાવવાને ઉત્સુક હોય એમાં નવાઈ ખરી?

આમ, નબા ગરીબ લોકોનું, ખાસ કરીને આદિવાસીઓ અને દલિતોનું, પ્રતિનિધિત્વ કરે છે એ માન્યતા સ્પષ્ટપણે ખોટી છે. ●

*આ લેખ લેખકની બ્લોગ સાઈટ -sidshome.comમાંથી ટૂંકાવીને આપ્યો છે.*

# મારે ન્યાય-વ્યવસ્થા બદલવી છે - ૨

*- કિરીટ પાનવાલા*

મારે ન્યાય-વ્યવસ્થા બદલવી છે, કારણ કે પ્રવર્તમાન ન્યાય-વ્યવસ્થાથી મને સંતોષ નથી. સંતોષ એટલા માટે નથી કે, આ ન્યાય-વ્યવસ્થા ન્યાય કરવા માટે અસમર્થ છે. કોઈ પણ ન્યાય-વ્યવસ્થાનું અંતિમ લક્ષ્ય ન્યાય કરવાનું હોય. હાલની ન્યાય-વ્યવસ્થા આ અંતિમ ઉદ્દેશ ફળીભૂત કરવામાં અસમર્થ છે એમ હું માનું છું. પણ એ શા માટે અંતિમ હેતુ સિદ્ધ કરી શકે તેમ નથી, એ સમજવા માટે સૌ પ્રથમ ન્યાય એટલે શું, તે સમજવાની જરૂર છે.

મને જાણ છે ત્યાં સુધી કોઈ પણ કાયદામાં ન્યાયની ચોકકસ વ્યાખ્યા આપવામાં આવી હોય તેમ જણાતું નથી. અલબત્ત, ન્યાયને કાયદાકીય જોગવાઈઓમાં બાંધવાનો પ્રયત્ન જરૂર કરવામાં આવ્યો છે. ઓકસફર્ડ ડિક્ષનરીમાં ન્યાયનો અર્થ આ પ્રમાણે આપવામાં આવ્યો છે - "The quality of being fair and reasonable" એ અર્થમાં જોઈએ તો ન્યાય એ fairness અને reasonableness છે. ન્યાય-વ્યવસ્થાએ, પોતાની રૂબરૂ જે કેસ હોય તેમાં એવો નિર્ણય આપવાનો રહે કે જે યોગ્ય અને વાજબી હોય. હવે, યોગ્યતા અને વાજબીપણાના માપદંડો કંઈ નિરપેક્ષ હોતા નથી. વ્યકિતએ વ્યકિતએ આ માપદંડો બદલાતા હોય છે. એક વ્યકિત જેને યોગ્ય અને વાજબી ગણે, તેને બીજી વ્યકિત તેમ ન ગણે એમ પણ બને. અત્યારે અનામત વિરોધી આંદોલન ચાલી રહ્યું છે. અનામતના સમર્થકો પણ દેખાવો કરી રહ્યા છે. બંને પક્ષો પોતપોતાનાં દ્રષ્ટિબિંદુ યોગ્ય અને વ્યાજબી ગણાવી રહ્યા છે. એક બાજુ અનામતના વિરોધીઓ ગુણવત્તાનાં ધોરણોને આગળ કરીને અનામતની પોલિસીને હળાહળ અન્યાયી અને ગેરવાજબી લેખાવી રહ્યા છે, તો બીજી બાજુ સમાજના પછાત વર્ગોને મુખ્ય પ્રવાહમાં લાવવા આ પોલિસી અનિવાર્ય હોવાનું બંધારણના ઘડવૈયાઓ સહિતનાઓનું માનવું છે. આમાંથી યોગ્યતા અને વાજબીપણું કયા પક્ષે છે, તેનો સીધો કોઈ જવાબ નથી. ન્યાય અને અન્યાયના ખ્યાલો હિંદી ફિલ્મના હીરો કે વિલન જેવા બીબાઢાળ નથી હોતા.

ન્યાયની બાબતે આપણા બંધારણે સારું એવું પ્રાધાન્ય આપ્યું છે. આપણું રાજ્ય બંધારણ આપણા તમામ કાયદાઓનો સ્રોત છે. આપણા રાજ્ય બંધારણના ઘડવૈયાઓએ તે ઘડવામાં વિચારોની ખાસ્સી સ્પષ્ટતા દાખવી છે. બંધારણનું પ્રિએમ્બલ, આપણે દેશને કઈ દિશામાં લઈ જવા માંગીએ છીએ, તેનો સ્પષ્ટ ચિતાર આપે છે. પ્રિએમ્બલ મુજબ ભારતને સાર્વભૌમિક, સમાજવાદી, સેકયુલર અને ડેમોક્રેટીક રિપબ્લિક દેશ બનાવવાનો છે. પ્રિએમ્બલ મુજબ તમામ નાગરિકોને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય પૂરો પાડવાનો છે. વિચાર, વાણી, અભિપ્રાય, માન્યતા અને પૂજાનું સ્વાતંત્ર્ય પૂરું પાડવાનું છે. સ્ટેટસ અને તકની સમાનતા પૂરી પાડવાની છે. બધા નાગરિકો વચ્ચે એવો ભાઈચારો બાંધવાનો છે કે, દરેકના વ્યકિતત્વની ગરિમા સચવાય અને દેશમાં એકતા અને એકસૂત્રતા સ્થપાય. લક્ષ્યની આનાથી વધારે પારદર્શિતા કયાં હોઈ શકે? પણ પ્રશ્નો ત્યારે સર્જાય છે, જ્યારે આ લક્ષ્યો પૈકીનાઓનો અંદરોઅંદર ટકરાવ થાય છે. દાખલા તરીકે, સ્ટેટસ અને તકની સમાનતા પૂરી પાડવાની વાત પ્રિએમ્બલમાં કરી છે. આના લીધે અનામતના વિરોધીઓ વાજબી રીતે કહી શકે કે, અનામતવાળાઓની સરખામણીમાં તેમને સ્ટેટસ અને તકની સમાનતા પૂરી પાડવામાં આવી રહી નથી. બીજી બાજુ અનામતના સમર્થકો એમ કહી શકે કે, બંધારણના પ્રિએમ્બલમાં તમામ નાગરિકોને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય પૂરો પાડવાની વાત છે, જે ન્યાય અનામતનો લાભ આપીને તેમને પૂરો પાડવો જોઈએ. સમાનતાની તક મળતી નથી, એટલી હદે તેઓ આર્થિક અને સામાજિક રીતે પછાત છે. આમ, પ્રિએમ્બલમાંના જ ધ્યેયો વચ્ચે સંઘર્ષ પેદા થાય છે. બંધારણના આર્ટિકલ નંબર : ૧૪ માં ''કાયદા સમક્ષ સમાનતા'' અને ''કાયદા સમક્ષનું સમાન રક્ષણ''- એવા ફન્ડામેન્ટલ રાઈટ યાને કે મૂળભૂત અધિકારો આપવામાં આવ્યા છે. બીજી બાજુ, Directive Principles of State Policy ની પણ જોગવાઈ કરવામાં આવી છે, જેમાં આર્ટિકલ નંબર : ૪૬ માં સમાજના પછાત વર્ગો અને શિડયુલ કાસ્ટ અને શિડયુલ ટ્રાઈબનાં શૈક્ષણિક અને આર્થિક હિતોની ખાસ કાળજી રાખીને સરકારે તેમને પ્રમોટ કરવાના છે અને તેમનું સામાજિક અન્યાય તેમજ તમામ પ્રકારનાં શોષણમાંથી રક્ષણ કરવાનું છે. આ બે પ્રથમ દર્શને વિરોધાભાસી જણાતા હેતુઓમાંથી ન્યાયિક રીતે રસ્તો કાઢવાનો હોય. તે માટે ત્યારે યોગ્ય અને વાજબી બની રહેવું પડે. એટલા માટે બંધારણના ઘડવૈયાઓએ Positive discrimination કરીને રિઝર્વેશન પોલિસી બનાવી. રિઝર્વેશન પોલિસી ભેદભાવ પર જ આધારિત છે, પણ એ ભેદભાવ સકારાત્મક છે. અલબત્ત, આ ભેદભાવ કેટલો સમય ચાલવો જોઈએ, કેટલે અંશે ચાલવો જોઈએ તે વિષે વિચારવાનું રહે. વળી સરકારી, અર્ધ સરકારી સંસ્થાઓમાં કયા હોદ્દાઓ ઉપર તે ચાલવો જોઈએ તેમજ શૈક્ષણિક ક્ષેત્રે ગ્રેજયુએટ, પોસ્ટ ગ્રેજયુએટ લેવલે ચાલવો જોઈએ કે ન ચાલવો જોઈએ - આ બધા મુદ્દાઓ

વિચારણા માંગી લે છે. દરેક મુદ્દે હકીકતોને ધ્યાને લઈ યોગ્ય અને વાજબી નિર્ણય લેવાનો હોય, જેથી ન્યાય થયો એમ કહી શકાય. ન્યાય આમ ઘણી વાર હકીકતોનો પ્રશ્ન બની રહે છે.

સરદાર સરોવર ડેમ સંબંધના કેસમાં (નર્મદા બચાવો આંદોલન વિ. યુનિયન ઓફ ઈન્ડિયા- AIR 2000 (SC) 3751) પણ સુપ્રીમ કોર્ટ સમક્ષ હકીકતોનાં બે વિરોધાભાસી દ્રષ્ટિબિંદુઓ રજૂ થયા. એક રીતે જોઈએ તો બંને ઉદાત્ત હતાં. એક તરફ પાણીની તાતી સમસ્યાના ઉકેલ સ્વરૂપનો રાષ્ટ્રીય પ્રોજેકટ હતો, બીજી તરફ એ જ પ્રોજેકટના અસરગ્રસ્તોનો પ્રશ્ન હતો. કોઈ પણ પ્રકલ્પ તેનાથી અસર પામતા લોકોના હિતને નજરઅંદાજ કરી શકે નહિ. સુપ્રીમ કોર્ટે આ બંને મૂલ્યોને ધ્યાને લીધાં. ડેમ પણ બનશે અને અસરગ્રસ્તોને ય ન્યાય મળશે. મારી દ્રષ્ટિએ ચિફ જસ્ટિસ બી. એન. કિરપાલના વડપણ હેઠળની મેજોરીટી બેન્ચનો આ ચુકાદો ન્યાયના આદર્શ ઉદાહરણ સ્વરૂપનો ચુકાદો છે, જેમાં યોગ્યતા અને વાજબીપણાને ઠાંસી ઠાંસીને ભરી છે.

ઓકસફર્ડ ડિક્ષનરીમાં ન્યાય યાને કે જસ્ટિસનો અર્થ આ પ્રમાણે આપ્યો છે. ''A moral ideal that the law seeks to uphold in the protection of rights and punishment of wrongs'' આ વ્યાખ્યા જોતાં ન્યાય એક નૈતિક આદર્શ છે. ઘણા આદર્શવાદી જજો ન્યાયના સિંહાસન ઉપર વિરાજમાન હોય છે. કાયદામાં ગમે તે લખ્યું હોય તો પણ ન્યાયને તેઓ પોતાની રીતે મૂલવતા હોય છે. આવા જજોને કાયદાના માળખામાં પોતાની મરજી મુજબના આદર્શને ફળીભૂત કરવાની પૂરતી છૂટ હોવી જોઈએ કે નહિં, આ વિષે પણ વિચારવું જોઈએ. તાજેતરનો દાખલો લઈએ તો વડોદરામાં રસ્તા પરના દબાણમાં આવતી મસ્જિદની મિલકતનો ભાગ ડિમોલીશ કરવા બાબતે જે ઘટનાઓ બની, તે ઘટનાઓથી જાણે વ્યથિત થઈને નામ. ગુજરાત હાઈકોર્ટના એક વિ. ન્યાયમૂર્તિશ્રીએ આખા ગુજરાતમાં બધે દબાણમાં આવતાં ધાર્મિક સ્થાનો તોડી પાડવાનો ફતવો બહાર પાડી દીધો. તેમની સમક્ષ ન કોઈ અરજી હતી, ન તેમણે કોઈ સુનાવણી કરી. એક બાજુ વડોદરામાં આ ડિમોલીશનનાં પગલે કોમી તોફાનોનું વાતાવરણ હતું, તો બીજી બાજુ આવો હુકમ થઈ રહ્યો હતો! જાણે આખા ગુજરાતમાં આ કોમી દાવાનળ સળગી ઊઠે, તેવા આશયથી આ હુકમ કરવામાં આવ્યો હોય, તેમ પ્રથમ દર્શને જ જણાઈ આવતું હતું. એ વાત ખરી છે કે, ધર્મસ્થાનો ગેરકાયદેસર દબાણ કરતાં હોય, તો તેમને પણ હટાવવાં જોઈએ. સમાજના હિતમાં જરૂરી હોય, તે બધું કરવું જોઈએ, પણ તે કરવામાં વ્યવહારુ ડહાપણ હોવું જોઈએ. સમય, સંજોગો જોવા જોઈએ. આ હુકમ જ્યારે થયો ત્યારે જ મેં મિત્રોને કહ્યું હતું કે, બે-ચાર દિવસમાં સુપ્રીમ કોર્ટ આ હુકમ સ્ટે કરી દેશે અને બન્યું પણ એવું જ. બંધારણમાં ધાર્મિક સ્વાતંત્ર્યના અધિકારો આપવામાં આવ્યા છે. આર્ટિકલ : ૨૫ માં દરેક વ્યકિત આત્માનું સ્વાતંત્ર્ય ધરાવી શકશે અને કોઈ પણ ધર્મ પાળી શકશે તેમજ અંગિકાર કરી શકશે તેમજ તેનો પ્રચાર કરી શકશે, તેવો અધિકાર આપવામાં આવ્યો છે. અલબત્ત, આ અધિકારો ઉપર આરોગ્ય, નૈતિકતા અને જાહેર વ્યવસ્થાના સંદર્ભમાં નિયંત્રણો મૂકી શકાય. આર્ટિકલ : ૨૬ માં ધાર્મિક અને ચેરિટેબલ હેતુ માટે ઈન્સ્ટીટયુશનો સ્થાપિત કરવાનો અને તેમની જાળવણી કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે તેમજ આવી ધાર્મિક સંસ્થાઓને સ્થાવર, જંગમ મિલકત વસાવવાનો તેમજ તેમનું જતન કરવાનો અને વહીવટ, વ્યવસ્થા કરવાનો પણ અધિકાર આપવામાં આવ્યો છે. આવી મિલકતો રસ્તાના દબાણ સ્વરૂપની હોય તો જાહેર હિતમાં તેમનું ડિમોલીશન થઈ શકે છે, પરંતુ ધાર્મિક સંવેદનાને લક્ષમાં લીધા વિના આડેધડ દબાણ દૂર કરવાનો ફતવો બહાર પાડવો, એ બાબત એ જ ઉકિતને સાર્થક કરી શકે કે, "Fools rush where angels fear to tread." ધાર્મિક નેતાઓ યાને ધર્મગુરુઓ સાથે બેઠકો કરીને આવા સંવેદનશીલ મામલાને નિપટાવવો, એમાં જ શાણપણ હોઈ શકે. તેના બદલે કાયદાને જડતાથી અમલમાં મુકાવવાનો હઠાગ્રહ ન્યાયનું સંવર્ધન કરતો નથી. ન્યાયમાં યોગ્યતા અને વાજબીપણું હોય છે. ન્યાયમાં વ્યવહારુ ડહાપણ હોય છે. વળી, આવો હુકમ કરતાં પહેલાં લાગતા વળગતાઓને સાંભળીને પુખ્ત રીતે હુકમ કરવો જોઈએ, તેવું કશું કરવામાં ન આવ્યું. Rules of natural justice યાને કુદરતી ન્યાયના સિદ્ધાંતોને પણ બાજુએ મૂકવામાં આવ્યા. વાજબી રીતે જ સુપ્રીમ કોર્ટે હસ્તક્ષેપ કરવો પડયો.

આ તબકકે ઝહીરા શેખને સંડોવતા બેસ્ટ બેકરી કેસને ખાસ યાદ કરવો જોઈએ. આ કેસ સંબંધે ડો. સુરેશ અમીને ''ખોજ'' માટે એક પત્ર લખ્યો છે, જે વાંચવાનો મને અવસર સાંપડયો છે. ''The Godhara Justice and other issues. Need to change the Law'' એ વિષય પરના આ પત્રમાં ડો. અમીન બેસ્ટ બેકરી કેસને hyped કેસ તરીકે મૂલવે છે. તેમનું કહેવું એવું છે કે, કોર્ટે એ બતાવવાનો પ્રયાસ કર્યો કે, Justice is not blind. પબ્લિસીટી મેળવવા માટે નામ. સુપ્રીમ કોર્ટે આવો હુકમ કર્યાની પણ તેમની ફરિયાદ છે. એ વાત સાચી છે કે, બેસ્ટ બેકરી કેસમાં સુપ્રીમ કોર્ટના ચુકાદામાં સામાન્ય રીતે જે તર્ક, કોમન સેન્સ, વ્યવહારુ ડહાપણ, યોગ્યતા અને વાજબીપણું જોવા મળે છે, તે હકીકતો પરત્વે જણાતી નથી. કેસની હકીકતોને માંડ થોડા પેરામાં જ ચર્ચી છે. આ સંજોગોમાં સુપ્રીમ કોર્ટે ફેર ટ્રાયલ આપી, તે બાબત fair ન હતી અને કેસને બીજા સ્ટેટમાં ટ્રાન્સફર કર્યો, તે ગુજરાતને અન્યાય સ્વરૂપનો હુકમ હતો તેમ માનવાનું પ્રથમદર્શને મન થાય, પરંતુ સુપ્રીમ કોર્ટ ન્યાય-

વ્યવસ્થાના સર્વોચ્ચ સ્થાને વિરાજમાન છે. પડકારરૂપ પરિસ્થિતિમાં સુપ્રીમ કોર્ટને યોગ્ય હુકમ કરવાની વિશાળ સત્તા છે. બંધારણના ઘડવૈયાઓ જાણતા હતા કે, સુપ્રીમ કોર્ટ કક્ષાના ન્યાયાધીશો પર ભરોસો કરી શકાય છે અને જે વિશાળ વિવેકબુદ્ધિ તેમને આપવામાં આવશે, તેને તેઓ યોગ્ય રીતે વાપરશે, તેથી જ તે પ્રમાણેની સત્તા તેમને આપવામાં આવેલી. આર્ટિકલ : ૧૪૨ નીચે સંપૂર્ણ ન્યાય કરવા માટે જે કંઈ હુકમ કરવાનું જરૂરી લાગે, તે કરવા સુપ્રીમ કોર્ટને અબાધિત અધિકાર છે. જયાં સુધી ટ્રાન્સફરને સંબંધ છે, ત્યાં સુધી કેસને ગુજરાતમાંથી મહારાષ્ટ્રમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો, તેને ગુજરાતની ન્યાય-વ્યવસ્થાની નિષ્ફળતા સ્વરૂપે મૂલવવો એ કોઈ રીતે વાજબી નથી. કાયદાનો સર્વસામાન્ય સિદ્ધાંત એ છે કે, ફકત ન્યાય થાય એ જરૂરી નથી, પણ ન્યાય થતો દેખાવો પણ જોઈએ. જો ગુજરાતની સ્થિતિ ઉપર એક પક્ષકારે ન્યાય મળવાની સંભાવના વિશે શંકાનાં વાદળો ખડાં કર્યાં હોય, તો ન્યાય થતો દેખાય તે માટે કેસને બીજા સ્ટેટમાં ટ્રાન્સફર કરવામાં સર્વથા ઔચિત્ય છે. તેને કારણે ગુજરાતમાં ન્યાય થતો નથી, તેવી છાપ મીડિયાવાળાના દિમાગની નીપજ છે. અગાઉ ઘણી વાર સુપ્રીમ કોર્ટે કેસોને ઈન્ટર-સ્ટેટ ટ્રાન્સફર કર્યા છે. જયાં સુધી fair ટ્રાયલનો સવાલ છે, ત્યાં સુધી સુપ્રીમ કોર્ટનો ચુકાદો અસાધારણ જરૂર દેખાય છે, પણ હકીકતોના આધાર વિનાનો છે એમ કહેવું સરાસર ગલત લેખાશે. અલબત્ત, સુપ્રીમ કોર્ટે હકીકતોની ભૂમિકાની સવિસ્તર ચર્ચા કરી નથી, પરંતુ તેમનું subjective satisfaction ચુકાદા પરથી સ્પષ્ટ જણાઈ આવે છે. આ દેશની સર્વોચ્ચ સંસ્થા તરીકે સુપ્રીમ કોર્ટને બંધારણમાં સ્થાપિત કરેલ સેકયુલર સિદ્ધાંતોને ધ્યાનમાં લેવાનો અધિકાર હતો. ગોધરા હત્યાકાંડ પછી જે કાંઈ બન્યું, તેમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રીની સંડોવણી સુધીની ફરિયાદો ઊઠી હતી; તે બાબતોથી સુપ્રીમ કોર્ટ વાકેફ હતી. આ ઉપરાંત બેસ્ટ બેકરી કેસનું રેકર્ડ જોતાં ઘણાં બધા મહત્ત્વના સાક્ષીઓને ડ્રોપ કરવામાં આવ્યા હતા. દબાણથી અને ધમકીને વશ થઈ ખોટી જુબાનીઓ આપવી પડી હોવાના આક્ષેપો પણ હતા. આ સંજોગોમાં બંધારણનાં મૂલ્યોનું જતન કરવા માટે સુપ્રીમ કોર્ટ ફેર ટ્રાયલ આપે અને કેસને ટ્રાન્સફર કરે, તે સર્વથા ઉચિત જણાય છે. સુપ્રીમ કોર્ટ પોતે પણ સભાન હતી કે અપવાદરૂપ અને અસાધારણ સંજોગોમાં જ તેઓ આ રીટ્રાયલ આપી રહ્યા હતા. તપાસ કલંકિત હતી. ટ્રાયલ સાવ ઉપરછલ્લી રીતે ચલાવાઈ હતી. આ બાબતો ધ્યાને લઈ સુપ્રીમ કોર્ટે રીટ્રાયલ ડાયરેકટ કરી. એને ડો. અમીન કહે છે તેમ પૂર્વગ્રહપ્રેરિત હતી, તેમ કહેવું વધુ પડતું લેખાશે. ૨૦૦૪(૨) જી.એલ.આર., પાના નંબર : ૧૦૭૮ પરનો આ ચુકાદો જો વાંચીએ, તો તેના પરથી સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ શ્રી અરિજીત પસાયતની બંધારણનાં મૂલ્યોના પુરસ્કર્તા તરીકેની પ્રતિબદ્ધતા દેખાઈ આવે છે. જ્યારે સમય આવ્યો ત્યારે તેમણે ઝહીરા શેખને પણ છોડી નથી. સુપ્રીમ કોર્ટ સમક્ષ તેણે જે સોગંદનામાં વિગેરે કર્યાં, તેનાથી સાવ વિપરીત જુબાની તેણે જજ શ્રી અભય થિપ્સેની કોર્ટ સમક્ષ આપી. તેને લીધે તેણે જે જૂઠી ગવાહી આપવાનો ગુનો કર્યો અને કોર્ટનો અનાદર કર્યો, તે બદલ પણ તેને સજા ફટકારી દેવામાં આવી. ફેર ટ્રાયલવાળા ચુકાદામાં કોર્ટે કહ્યું કે, સત્ય ઉપર આવવાની પોતાની ફરજ કોર્ટ જતી કરી શકે નહિં. વધુમાં ન્યાયમૂર્તિશ્રીએ જણાવ્યું કે, "Truth had become casualty in the case" કોમી તોફાનો સંબંધેના કેસોમાં ગુનાઓ બન્યા હોય છે. ગુનાઓનું માળખું લગભગ ખરું જ હોય છે. આરોપીઓ ખોટા હોવાની ભારોભાર શકયતા જોવા મળતી હોય છે. બાબરી મસ્જિદ પછી જે કાંઈ તોફાનો થયાં, તે તોફાનોના કોર્ટમાં આવેલા ઘણા કેસો મેં ચલાવ્યા છે. હિંદુ તરફે પણ અને મુસલમાનો તરફે પણ મેં વકીલ તરીકે ભાગ ભજવ્યો છે. ખાસ કરીને ઓળખના પ્રશ્ને કેસ ખોટા ઊભા કરેલા હોય, તેવું મને મોટે ભાગે જણાયું છે. બનાવ બને, પરંતુ મોટેભાગે બીજા મહોલ્લાના કે દૂરના અજાણ માણસો ટોળામાં હોય, જેને સાક્ષીઓ ઓળખતા ન હોય, એટલે પોલીસ તપાસમાં કોઈ મળી આવે નહિં. આવા ગંભીર કેસોમાં તપાસ તો કરવી પડે અને આરોપીઓ પણ પકડવા પડે. એટલે પોલીસ એવો રસ્તો કાઢે કે કરફયુ ભંગમાં આરોપી પકડાયા હોય તો તેમના માથે આવા ટોળામાં સામેલગીરી નાંખી દેવામાં આવે અથવા જયાં બનાવ બને તે અને તેની આજુબાજુના મહોલ્લાવાળાઓને કહેવામાં આવે કે, અમુક માણસોને રજૂ કરો અને તે મુજબ ખરા, ખોટા માણસોને રજૂ કરી દેવામાં આવે. બંને કોમના નિર્દોષ માણસો ઉપર હત્યા, મીસ્ચીફ જ નહિં પણ ટાડા સહિતના ગંભીર ગુનાઓ લાગુ પાડવામાં આવ્યા હોવાનો હું સાક્ષી છું. કેસ ચાલવા પર આવે ત્યારે એક તો બંને કોમના માણસો ભૂતકાળને દુ:સ્વપ્નની જેમ ભૂલી જવા માંગતા હોય અને બીજી બાજુ આરોપીઓ પણ ખોટા હોય. આ સંજોગોમાં મોટા ભાગનાં કેસોમાં બંને કોમની વ્યકિતઓએ મોટા મન રાખીને સમાધાન કર્યા, તે રેકર્ડની વાત છે. બેસ્ટ બેકરી કેસમાં આવું બન્યું કે કેમ, તેની આપણને ખબર નથી. ખરેખર ધમકી અપાયેલ કે કેમ, તે પણ આપણે જાણતા નથી. પણ સુપ્રીમ કોર્ટ સમક્ષના કેસને જોતાં સ્પષ્ટ છે કે, સુપ્રીમ કોર્ટે ફકત પ્રક્રિયાત્મક બાબતે ફેર-ટ્રાયલ અને ટ્રાન્સફરના હુકમો કર્યા છે. આરોપીઓને ગુનાખોર જાહેર કરતો કે સજા કરતો હુકમ કર્યો નથી. જો આરોપીઓ નિર્દોષ હશે તો ફેર ટ્રાયલમાં તેમને ન્યાય મળશે જ અને જો ગુનેગાર હશે તો તેમને સજા કરવામાં આવશે. આ ધ્યાને લઈને સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો. આખરે ન્યાયાધીશ શ્રી અભય થિપ્સેની કોર્ટે કેટલાક આરોપીઓને સજા કરી, કેટલાકને છોડયા. તે ચુકાદો પણ હજુ ફરીથી અપીલમાં પડેલ છે. સુપ્રીમ કોર્ટની વિશાળ સત્તા, ચુકાદાનો પ્રક્રિયાત્મક પ્રકાર, રેકર્ડ પર મહત્ત્વના સાક્ષીઓનું ડ્રોપ કરવું ફલિત થવું,

જે તપાસમાં તેમની ધમકીની ફરિયાદ - આ બધું જોતાં ચુકાદો સર્વથા યોગ્ય અને વાજબી જણાય છે. ઘણાને કદાચ ખબર ન હોય પણ એક સાક્ષીની જુબાની પર પણ સજા થઈ શકે. કાયદો સાક્ષીની સંખ્યા જોતો નથી. It is quality that matters. બસ જુબાની વિશ્વસનીય હોવી જોઈએ. આ કેસમાં નજરે જોનાર મહત્ત્વના સાહેદ ડ્રોપ થયેલા હતા. Truth really was a casualty જે વિચારધારા વિ.જસ્ટિસ અરિજીત પસાયતની આ કેસમાં હતી કે સત્ય સુધી પહોંચવાની ફરજમાંથી કોર્ટ નામુકર જઈ શકે નહિં, તે વિચારધારા ન્યાય સાથે સુસંગત છે. ન્યાયને સત્ય સાથે સીધો સંબંધ છે. સત્યથી વધુ યોગ્ય અને વાજબી બીજું કાંઈ ન હોઈ શકે. સુપ્રીમ કોર્ટ સત્યની પડખે જ રહી છે, તેનું વધારાનું પ્રમાણ આ જ ન્યાયમૂર્તિશ્રીએ ઝહીરા શેખને કોર્ટનો અનાદર કરવા બદલ સજા કરતા ચુકાદામાં આપ્યું છે. ઝહીરા હબીબુલ્લાહ વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાતનો આ ચુકાદો ૧(૨૦૦૬) સી.સી.આર. પાના નંબર : ૧૧૩ (સુપ્રીમ કોર્ટ)માં પ્રસિદ્ધ થયો છે. ડીવીઝન બેન્ચ વતી આ ચુકાદો પણ જસ્ટિસ પસાયતે જ લખ્યો છે. વાઈસ ચાન્સેલર નાઈટ બ્રુસનાં કથનો તે ચૂકાદામાં ટાંકયાં છે. નાઈટ બ્રુસના કહેવા પ્રમાણે, “The discovery and vindication and establishment of truth are main purposes certainly of the existence of Courts of Justice” ન્યાયિક કોર્ટના અસ્તિત્વ પાછળનો આશય એ છે કે, સત્યની ખોજ થાય, તેનો સ્વીકાર થાય, તેનો વિજય થાય. સમાજમાં સત્યની બલિહારી હોય, કોર્ટ સત્યની પડખે રહે. ‘‘सत्यमेव जयते’’ સૂત્ર કદાચ ન્યાયતંત્ર માટે રચાયું છે. વાઈસ ચાન્સેલર બ્રુસે વધુમાં કહ્યું છે કે, “Truth, like all other good things, may be loved unwisely, may be pursued too keenly, may cost too much” આ તો પાશ્ચાત્ય જ્યુરિસ્ટ અને જજે શું કહ્યું, તેની વાત થઈ. ચુકાદામાં વિ. ન્યાયમૂર્તિ પસાયતે મનુ સંહિતામાંથી નીચે મુજબના શ્લોકો ટાંકયા છે.

“stanza - 14
“Jantro dharmo hyadharmena
Satyam Jatranrutenacha
Hanyate prekshyamananam
Hatastrata Sabhasadah”
(Where in the presence of judges “dharma” is overcome by “adharma” and “truth” by “unfounded falsehood” at that place they (the judges) are destroyed by sin.”
“Stanza 18”
“Padodharmasya kartaram
Padah Sakshinomruchhati,
Padah Sabhasadah sarban
Pado rajanmruchhati”
( In the adharma flowing from wrong decision in a Court of Law, one fourth each is attributed to the person committing the adharma, the witness, the judge and the ruler.)

ઉપરનાં અવતરણો પરથી જણાઈ આવે છે કે, આપણા પ્રાચીન ગ્રંથોમાં પણ એ વાત સાથે સહમતી છે કે, કોર્ટોમાં ધર્મ અને સત્યનો જ જય જયકાર થવો જોઈએ. કાયદાની કોર્ટના ખોટા નિર્ણયો અધર્મ જન્માવે છે. આ અધર્મ માટે, તે આચરનારા તો જવાબદાર છે જ સાથે સાક્ષીઓ, ન્યાયાધીશો અને રાજયને પણ જવાબદાર ઠરાવવામાં આવ્યા છે. અદાલતે ધર્મલક્ષી, સત્યલક્ષી અને ન્યાયલક્ષી બની રહેવાનું છે. અદાલતમાં ખોટા નિર્ણય ચલાવી લેવાય જ નહિ. કેટલા દીર્ઘદ્રષ્ટા હતા આપણા પ્રાચીન ઋષિ મુનિઓ! આજે તો કોર્ટમાં જયાં જયાં નજર ફેરવીએ છીએ, ત્યાં ત્યાં ખોટા જ ખોટા નિર્ણયો નજરે ચઢે છે. કોઈ પણ ન્યાય-વ્યવસ્થામાં ખોટા નિર્ણય હોય જ, એક હદ સુધી તે ક્ષમ્ય પણ હોઈ શકે, પરંતુ તેથી વિશેષ જો નિર્ણયો ખોટા આવવા લાગે, તો ન્યાય-વ્યવસ્થાની ન્યાય કરવાની ક્ષમતા વિશે લોકોમાં અવિશ્વાસ જાગે. Justice must be rooted in confidence. જો Right minded people અવિશ્વાસ કરવા લાગે તો ન્યાય-વ્યવસ્થા પ્રત્યેની લોકોની આસ્થા નષ્ટ પામે. ન્યાય-વ્યવસ્થામાં ખોટા નિર્ણયો ઓછામાં ઓછા આવે, એ સૌથી મહત્ત્વની બાબત છે. એ માટે ખોટા નિર્ણયો કેમ આવે છે, તેનું સૌથી પહેલાં વિશ્લેષણ થવું જોઈએ. આપણી ન્યાય-વ્યવસ્થા કાયદા પર આધારિત છે.

આપણે Rule of Law એટલે કે, કાયદાના શાસનમાં જીવીએ છીએ. આપણે Justice according to law સૂત્ર સ્વીકાર્યું છે. કોઈ પણ કેસમાં જજે પોતાના તરંગ કે મનસ્વીપણાથી નહિ પણ કાયદા પ્રમાણે ન્યાય આપવો જોઈએ, તેવો આપણી ન્યાય-વ્યવસ્થાનો આગ્રહ છે. આપણી પ્રવર્તમાન ન્યાય-વ્યવસ્થા પ્રમાણે અદાલતે પુરાવા અને કાયદાના આધારે ન્યાય આપવાનો હોય છે. સાક્ષીઓ કોર્ટમાં આવીને જુબાની આપે તે પુરાવો છે. બેન્થામના કહેવા પ્રમાણે સાક્ષીઓ કોર્ટનાં આંખ-કાન હોય છે. સાક્ષીઓ જેટલું દેખાડે તેટલું જજ જુએ અને જેટલું સંભળાવે એટલું જજ સાંભળે. સાંભળેલ પુરાવો પણ અમુક સંજોગોમાં જ ગ્રાહ્ય છે. બાકી પુરાવાના અધિનિયમની કલમ ૬૦ મુજબ તેવો પુરાવો હીઅર-સે કહેવાય, જે ગ્રાહ્ય ગણાય નહિં. બીજો દસ્તાવેજી પુરાવો હોઈ શકે. પુરાવાના પાછા બે પ્રકારો હોય છે. નજરે જોનાર સાહેદનો પુરાવો સીધો કે પ્રત્યક્ષ પુરાવો કહેવાય. બીજો સાંયોગિક પ્રકારનો

પુરાવો હોઈ શકે. આ પુરાવો કોર્ટ ચકાસે. તેનું મૂલ્યાંકન કરે, તેને આધારે કોર્ટ ચુકાદો આપે. કોર્ટ નિરપેક્ષ સત્ય જોઈ શકતી નથી. કોર્ટ પુરાવામાંથી ફલિત થતા સત્યને જ શોધે. જો કોર્ટ પુરાવાનું મૂલ્યાંકન ખોટું, તો કોર્ટને દોષ દઈ શકાય, પણ જો પુરાવો જ ન હોય તો, કોર્ટનો કોઈ વાંક કે કસૂર ગણી શકાય નહિં. કોર્ટ પુરાવા પ્રમાણે અને કાયદા પ્રમાણે ન્યાય કરવા બંધાયેલી છે.

જેસિકા હત્યાકાંડના સંજોગો આંખે ઊડીને વળગે તેવા છે, કેટલાય સાક્ષીઓની હાજરીમાં બનાવ બનેલો. આમાં આરોપીઓ ગુનેગાર છે જ. પણ આરોપીઓ ગુનેગાર છે, એવું માનવાને પૂરતાં કારણો છે. પરંતુ દરેક કેસમાં મીડિયા જેને ગુનેગાર ઠેરવે એણે જ ગુનો કર્યો હોય એમ માની લેવામાં ઘણું જોખમ રહેલું છે. અખબારો કે ટી.વી. ચેનલો હંમેશા સત્યને જ ઉજાગર કરે છે, તેવું તો છે નહિ. બલ્કે મિડિયાથી કોર્ટે ચેતતા રહેવું, તે જ વધુ સારો સિદ્ધાંત છે. અસલના જમાનામાં શુદ્ધ ન્યાય કરી શકાય એટલા માટે ન્યાયાધીશો અખબારો વાંચતાં નહિ. આજે અખબારોમાં શું છપાય છે કે ચેનલો શું બતાવે છે, તેનું કોર્ટો પર ભારોભાર દબાણ છે. જાણે મીડિયા સમાંતર કોર્ટ ચલાવતી હોય તેવું લાગે છે. એક કેસમાં કોર્ટે આરોપીને જામીન ઉપર છોડવાનો ઈન્કાર કર્યો. એમ કહીને કે, આજના છાપામાં આ ગુના વિશે ઘણું બધું ચમકયું છે. મેં કોર્ટનું ધ્યાન દોર્યું કે, આ તો બેઈલેબલ ગુનો છે. બેઈલેબલ ગુનામાં આરોપીને જામીન પર છૂટવાનો અબાધિત અધિકાર છે. કોર્ટ પણ તે અધિકાર છીનવી શકે નહિં. ગુજરાત હાઈકોર્ટે કોમી તોફાનોને લગતા એક કેસમાં એવું ઠરાવ્યું છે કે, કેસ ગમે તેટલો સંવેદનશીલ હોય, પરંતુ કોર્ટે જામીન આપતી વખતે કે કેસ ચલાવતી વખતે તે હકીકતને ધ્યાને લેવી જોઈએ નહિ. આ ચુકાદો ૨૦૦૪(૩) જી.એલ.આર. પાના નંબર : ૨૧૯૫ પર પ્રસિદ્ધ થયો છે. સુપ્રીમ કોર્ટના અનેક ચુકાદાઓ પ્રમાણે અખબારોના ન્યૂઝ પુરાવામાં ગ્રાહ્ય જ નથી. આમ છતાં મીડિયાની, રોજબરોજના કોર્ટ કેસો પર અસર સ્પષ્ટપણે જોવા મળતી હોય છે. મીડિયાની અસર કેટલીક વાર હકારાત્મક પણ હોય છે. અમુક કેસોમાં પુરાવો હોય અને ન્યાયાધીશો આરોપીને છોડી મૂકવા માંગતા હોય તો, તેઓ તેમ કરી શકતા નથી, પણ તે સાથે જ મીડિયાના દબાણને લીધે કોર્ટના હાથે નિર્દોષ દંડાય કે દોષિત છૂટી જાય, તેવું જ મોટે ભાગે બનતું હોય છે. આ સંજોગોમાં મીડિયાના પ્રભુત્વને વધુ વકરવા દઈ શકાય નહિં. કોર્ટ Without fear or favour ચુકાદો આપે, તે સામે મીડિયા મોટા અવરોધ બની રહે છે. આવી Extraneous બાબતો જો કોર્ટ ધ્યાને લેવા લાગે, તો ન્યાય કરવાના નામે, ઘણી બધી બીજી બાબતો ધ્યાને લેવાનાં દ્વારો ન્યાયિક અદાલતો માટે ખુલ્લાં થઈ જાય. સરવાળે, કાયદા પ્રમાણે ન્યાય થવાને બદલે મનસ્વી રીતે ન્યાય થવા લાગે. એક ચકચારી કેસમાં લાશના ગળામાં લાલ વાયર હતો અને આરોપીના ઘરમાંથી પણ લાલ વાયર મળી આવ્યો. લગભગ આટલો જ પુરાવો હતો. સાંયોગિક પુરાવાના કેસમાં પ્રસ્થાપિત ચુકાદાઓ પ્રમાણે સંજોગો ગુનાઈત હોવા જોઈએ. તે સંતોષકારક રીતે પુરવાર થવા જોઈએ અને ગુનાઈત સંજોગોની એવી મજબૂત ચેઈન બનવી જોઈએ કે, આરોપીએ અને માત્ર આરોપીએ જ આ ગુનો કર્યો છે તેમ સ્થાપિત થાય. હવે લાલ વાયર તો લગભગ દરેકના ઘરે હોય. લાશના ગળાનો વાયર આરોપીના ઘરમાંથી મળી આવેલા વાયરનો એક ભાગ હોય તેવો પણ પુરાવો ન હતો. કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત પ્રમાણે સજા થઈ શકે તેમ હતી જ નહિ. છતાં સનસનાટીભર્યો કેસ હોવાને લીધે સજા થઈ. ચાર વર્ષે અપીલ નીકળી. એક જ મિનિટમાં મંજૂર થઈ, પરંતુ આરોપી ચાર વર્ષ જેલમાં રહ્યો. નીચલી કોર્ટના ચુકાદાને ખરો કહેવો કે ખોટો? જો આરોપી ખરેખર ખૂની હોય તો નીચલી કોર્ટે ન્યાય કર્યો કહેવાય અને હાઈકોર્ટે અન્યાય કર્યો કહેવાય. તેથી ઊલટું, જો એ નિર્દોષ હોય તો નીચલી કોર્ટે અન્યાય અને હાઈકોર્ટે ન્યાય કર્યો કહેવાય. પણ મુદ્દો એ છે કે, આરોપી નિર્દોષ હતો કે દોષિત. આ હકીકત નક્કી કોણ કરે? મીડિયાને એ અધિકાર આપી ન શકાય. તો શું પોલીસને એ અધિકાર આપવો જોઈએ? પોલીસ જે કોઈને પકડે તે ખરો જ પકડે, એવું માનવાથી પણ કાંઈ વાત બનતી નથી. આપણી પોલીસ કંઈ પ્રામાણિકતા અને કાર્યક્ષમતા બાબતે મશહૂર નથી. મારો એવો દાવો છે કે, ૪૦% કેસોમાં કયાં તો આરોપીઓ ખોટા હોય છે અથવા હળવો ગુનો હોય તેને ખોટી રીતે ગંભીર બતાવેલ હોય છે અથવા આરોપીની વર્તણૂક ગુના સ્વરૂપની હોતી નથી, છતાં એ વર્તણૂકને ગુના તરીકે ચીતરેલી હોય છે. પોલીસની આવી હરકતોના તો અનેક દાખલા આપી શકાય, પણ આ તબકકે તેમાં ઊતરવાને બદલે ફકત એટલું કહીશ કે, આપણે આ દેશમાં પોલીસરાજ લાવવા માંગતા નથી. આમ મીડિયા કે પોલીસ ઉપર સત્યની ખોજ અને ન્યાય માટે આધાર રાખવો જોખમ કારક છે.

આ સંજોગોમાં આપણી પાસે એકમાત્ર વિકલ્પ કોર્ટનો રહે છે, જે પુરાવા દ્વારા સત્યને ખોજવાનો પ્રયાસ કરે છે. પણ જેસીકા હત્યાકાંડ જેવા કેસો એ વાત તરફ અંગૂલીનિર્દેશ કરે છે કે પુરાવા સાથે ચેડાં થઈ શકે છે, સાક્ષીઓની તોડફોડ કરી શકાય છે, અને કોર્ટ સમક્ષ જ્યારે પૂરાવો લાવવા જ દેવામાં ન આવે ત્યારે કોર્ટો પણ લાચાર બની જાય છે. ન્યાય-વ્યવસ્થાની આ નબળાઈઓના ઉકેલ શોધી શકાય? કે પછી બીજી વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરવી જોઈએ ? આ વિષયો પર ખોજ કરવાનો મારો નમ્ર પ્રયાસ છે. (ક્રમશઃ) ●

आ नो भद्रा क्रतवः यन्तु विश्वतः।


–ऋग्वेद

*'Dare to be free, and respect the freedom and the autonomy of others; for the dignity of man lies in his freedom, and in his respect for other people's autonomous and responsible beliefs, especially if these differ widely from his own.'*

*- Immanuel Kant*

*'Men wiser and more learned than I have discerned in history a plot, a rhythm, a predetermined pattern... I can see only one emergency upon another as wave follows wave, only one great fact with respect to which, since it is unique, there can be no generalizations, only one safe rule for the historian: that he should recognize ...the play of the contingent and the unforeseen.... The fact of progress is written plain and large on the pages of history; but progress is not a law of nature. The ground gained by one generation may be lost by the next.'*

*- H.A.L. Fisher*


Where the mind is without fear and the
head is held high;
Where knowledge is free;
Where the world has not been broken
up into fragments of domestic walls;
Where words come out from the depth
of truth;
Where tireless striving stretches its arms
towards perfection;
Where the clear stream of reason has
not lost its way into the dreary desert
sand of dead habit;
Where the mind is led forward by
Thee into ever-widening thought and
action
into that heaven of freedom, my Father,
let my country awake.
- Rabindranath Tagore - Gitanjali